

# યુગ શક્તિ ગાયત્રી

પ્રકાશન તારીખ ૨૫-૮-૨૦૦૧

**સપ્ટેમ્બર-૨૦૦૧** માં વંચાનારી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પ્રગતિ માટે સંઘર્ષ અને બલિદાનનું સાહસ કરીએ | ૧ |
| ૨. નિરાહારી અને બ્રહ્મચારી કોણ ? | ૨ |
| ૩. શ્રોતા પરીક્ષિત અને વક્તા શુકદેવ બનીએ | ૩ |
| ૪. પાન મસાલા ઝેર છે, એનાથી બચીએ | ૬ |
| ૫. સત્યુગ આવી રહ્યો છે | ૮ |
| ૬. સમાજ માટે ઉપયોગી બનીએ | ૧૦ |
| ૭. વ્યક્તિગત જીવનની સમસ્યાઓનું સમાધાન-૧ | ૧૨ |
| ૮. સેવા ધર્મનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ | ૧૪ |
| ૯. આપ પણ અવતાર બની શકો છો | ૧૭ |
| ૧૦. વસતિ વધારનું ભયંકર દૃશ્ય તથા આપણા પ્રયાસો | ૨૦ |
| ૧૧. મનના તરંગોને મારો, બસ થઈ ગયું ભજન | ૨૩ |
| ૧૨. ચૂંટણી પહેલાં મતદાતાને પ્રશિક્ષિત કરીએ | ૨૬ |
| ૧૩. હરતી-ફરતી પ્રતિમાઓને પ્રેમ કરો | ૨૯ |
| ૧૪. પરંપરાઓમાં છુપાયેલા તર્ક | ૩૨ |
| ૧૫. નિષ્કામ કર્મની સાધના | ૩૩ |
| ૧૬. હીરક જયંતિ વર્ષમાં વિશ્વવિદ્યાલય નિર્માણ | ૩૫ |
| ૧૭. કર્મમાં અકર્મ અને કર્મનો મર્મ-યુગ ગીતા-૨૫ | ૩૬ |
| ૧૮. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી | ૪૦ |
| ૧૯. આવાં હતા અમારા માતાજી | ૪૫ |
| ૨૦. આત્મીય અનુરોધ | ૪૭ |


# હીરક જયંતી વર્ષની આપણી સાધના

પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા ૧૯૨૬માં આરંભ કરેલ સાધના ક્રમને ચાલતા ચાલતા ૭૫ વર્ષ પૂરા થઈ ગયા. વર્ષ ૫૧-૫૨માં રજત જયંતી વર્ષ ૭૬-૭૭માં સ્વર્ણ જયંતી વર્ષ મનાવ્યું તથા આ વર્ષ હીરક જયંતી (૨૦૦૧-૨૦૦૨) વર્ષ મનાવાઈ રહ્યું છે. બધા જાણે છે કે અખંડ દીપક પ્રજ્વલન તથા પોતાની ગુરુ સત્તાથી વસંત પર્વ ૧૯૨૬ની પાવન વેળામાં થયેલ સાક્ષાત્કારથી સાધના પ્રધાન આ ગાયત્રી પર્વનો શુભારંભ માનવામાં આવે છે. આ એક મહાન પુરુષાર્થ છે, જે કરોડો સાધકોએ પોતાની આરાધ્ય સત્તાના પદ ચિહ્નો પર ચાલી કર્યો છે. સાધના આંદોલનને ગતિ આપવામાં આવી રહી છે તથા પ્રત્યેકને આ અભિયાનથી જોડાયેલ, સુધરેલ વ્યક્તિત્વ સંપન્ન એકવીસમી સદીની જવાબદારી સંભાળવા યોગ્ય મહામાનવ બનવાનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. બધા ક્રિયાકારી કાર્યક્રમ આ સાધનાની ધરી પર ચાલી રહ્યા છે, આ ગતિ પકડી ૨૦૧૧-૨૦૧૨ સુધી પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી વર્ષ સુધી વધુ તીવ્રતાથી ચાલતા રહેશે.

હીરક જયંતીના આ સાધના વર્ષની એક વધુ વિશેષતા એ છે, યુગ ચેતનાના અભ્યુદયની હીરક જયંતી પણ આ વર્ષે છે. શ્રી અરવિંદે જેને ભાગવત ચેતનાનું ધરતી પર અવતરણ વર્ષ કહ્યું હતું, તે પણ ૧૯૨૬ જ હતું. હવે તે ભાગવત્ ચેતના પૂર્ણ રૂપે સક્રિય થઈ ભાગવત મુહૂર્તમાં પ્રવેશ કરી ચૂકી છે તથા અવતરણની, પ્રજ્ઞાવતરણના પ્રકટીકરણની વેળા આવી ચૂકી છે. એના ઉપલક્ષમાં યુગ ચેતનાનાં પ્રતીક લાલ મશાલ ચિત્રની ઘેર-ઘેર સ્થાપનાનું આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આ મિશનના સહસંસ્થાપિકા સહસંરક્ષિકા માતા ભગવતી દેવીના જન્મની પણ હીરક જયંતી છે. તેમણે પણ ૧૯૨૬ની આસો કૃષ્ણ ચતુર્થી (વીસ સપ્ટેમ્બર) એ જન્મ લીધો હતો. પ્રખર પ્રજ્ઞાના પ્રતીક પૂજ્ય ગુરુવર તથા સજલ શ્રધ્ધાના પ્રતીક શક્તિ સ્વરૂપા માતાજી એ જ આ વિરાટ સંગઠન ઊભું કરવાનું હતું, જે આજે એક વટવૃક્ષના રૂપમાં પુષ્પિત-પલ્લવિત થતું લાખો-કરોડોની આશાઓનાં કેન્દ્રબિંદુના રૂપમાં દેખાઈ રહ્યું છે.

હીરક જયંતી વર્ષ આ વર્ષની અભિયાન સાધનાથી તીવ્ર વેગ લઈ આરંભ થયું છે. આ એક વર્ષમાં પાંચ લાખ ગાયત્રી જપની સાધના છે, જેનું વિવરણ ગાયત્રી મહાવિજ્ઞાન ભાગ-૨માં આપેલ છે. એમાં કોઈ વિશિષ્ટ નિયમ-ઉપનિયમ નથી. એનો ગાયત્રી જયંતી કે ગુરુપૂર્ણિમાથી આરંભ કરી દીધો છે. હજી સુધી ન કર્યું હોય તો હજી પણ ગમે ત્યારે કોઈ પણ પૂર્ણિમા કે અગિયારસથી શરૂ કરી શકો છો. આમાં મહિનાની બંને અગિયારસમાં ચોવીસ માળા વધારે કરવાની છે. ચાલુ દિવસોમાં રોજની દસ માળા કરવાની છે, જેમાં એક કલાક લાગે છે. વર્ષમાં ત્રણ નવરાત્રીઓ મનાવવાની છે. ત્રીજી નવરાત્રી જેઠ સુદ પડવેથી (એકમથી) નોમ સુધી છે. અથવા તો જ્યાંથી નવરાત્રીનો આરંભ કર્યો ત્યાંથી તે વર્ષ ભરમાં ચલાવી શકાય છે. દરેક રવિવારે ૧૫ માળા કરવાની છે. છેલ્લા દિવસે ચોવીસ માળાઓ દ્વારા પૂર્ણાહુતિ કરવાની છે. બંને અગિયારસો ત્રણ નવરાત્રિઓ તથા પ્રત્યેક ગુરુવારે વિશેષ કઠિન તપ, હળવો ઉપવાસ રાખવાનો છે. આ સરળ સાધના દરેક કરી શકે છે તથા નિયમપૂર્વક નિભાવી શકે છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા

આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર રૂ. ૬૦૦=૦૦

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર

ભારતીય મુદ્રામાં રૂ. ૭૦૦૦-૦૦

વર્ષ - ૩૨ અંક - ૯

પ્રકાશન તિથિ ૨૫-૮-૨૦૦૧

સપ્ટેમ્બર - ૨૦૦૧


## પ્રગતિ માટે સંઘર્ષ અને બલિદાનનું સાહસ કરીએ

ધરતી ફાડીને, પથ્થરો સાથે અફળાઈને જ નદી આગળ વધી શકે છે અને પોતાના અસ્તિત્વની રક્ષા કરી શકે છે. મુલાયમ માટીના બિછાનામાં પડેલું બીજ જો ઉપરનાં ઢેફાંને દૂર કરવાની હિંમત ન કરે તો બીજમાંથી વૃક્ષ બનવાનું, એક બીજમાંથી સહસ્ર બીજોમાં પરિણત થવાનું ગૌરવ તેને કેવી રીતે મળી શકે? આગળ વધનારી જાતિઓનો ઈતિહાસ અમે ખૂબ ધ્યાનપૂર્વક વાંચ્યો અને તેમની પ્રગતિનો આધાર શોધવાનો પ્રયત્ન કર્યો, તો જાણવા મળ્યું કે ઉન્નતિના ઉચ્ચ શિખર પર તેઓને હવાની લહેરખી ઉડાડીને લઈ ગઈ નથી, પરંતુ તેના માટે તેઓને સંઘર્ષની વચ્ચેથી રસ્તો બનાવીને આગળ વધવું પડ્યું છે. મુશ્કેલીઓ સાથે, અવરોધો સાથે લડવું પડ્યું છે અને એ સિદ્ધ કરવું પડ્યું છે કે અવરોધોની સામે તેઓનાં સાહસ અને સંઘર્ષની શક્તિ ઊણી ઉતરતી નથી અને ત્યારે જ તેઓ સફળતાનું રાજસિંહાસન મેળવી શક્યા.

સાચા અર્થમાં જીવિત એ જ છે, જે અત્યાચાર સામે લડી શકે છે, અન્યાય અને અનીતિનો સામનો કરી શકે છે, રોષ પ્રદર્શિત કરી શકે છે. સામે અનીતિ થતી રહે અને ચૂપચાપ જોતા રહીએ, એ નપુંસકતાનું મુખ્ય લક્ષણ છે. ડરપોક જીવન શું કામનું ? મનુષ્યની પ્રગતિનો આધાર વીરતાપૂર્વક જીવવાની નીતિમાં જ રહેલો છે. આપણે દુનિયાની જિન્દાદિલ કોમની જેમ આપણું વર્ચસ્વ જાળવી રાખવું હોય તો, આપણી અંદર અને બહારની બુરાઈઓ સાથે લડવા માટે એક તત્પર સિપાહીની જેમ દરેક મોરચે મજબૂત બનીએ અને આજથી, અત્યારથી જ અનીતિને દૂર કરવામાં જોડાઈ જઈએ, એના વિના બીજો કોઇ ઉપાય નથી.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નિરાહારી અને બ્રહ્મચારી કોણ ?

નદીના એક તરફના કિનારે પ્રકૃતિના સુરમ્ય વાતાવરણમાં આચાર્ય વશિષ્ઠનો આશ્રમ હતો. આચાર્યશ્રી પોતાની પત્ની અરુંધતી સાથે ગૃહસ્થ જીવનની મર્યાદાઓનું પાલન કરતાં કરતાં તપસ્યામાં મગ્ન હતા, સૂર્યવંશી રાજાઓના પુરોહિતરૂપે પ્રખ્યાત હતા. થોડે જ દૂર નદીના બીજા કિનારે તેજસ્વી ઋષિ વિશ્વામિત્રનો પવિત્ર આશ્રમ હતો. ઋષિ, જે કે બ્રહ્મચર્યનું પાલન કરતા હતા, પરંતુ જરૂર પડ્યે નૂતન સૃષ્ટિનું સર્જન પણ કરી શકતા હતા.

વશિષ્ઠ એકાકી જીવનની મુશ્કેલીઓથી સારી રીતે પરિચિત હતા. તેઓ સારી રીતે જાણતા હતા કે એકલી વ્યક્તિને પોતાનું ભોજન તૈયાર કરવામાં ઘણો સમય લાગે છે અને જ્યારે તેની એક-એક ક્ષણ લોકોપકારમાં વ્યતીત થઈ રહી હોય, એવા સમયે તો તે સાચે જ મુશ્કેલી અનુભવતા હશે.

વશિષ્ઠે વિશ્વામિત્ર માટે ભોજનની વ્યવસ્થા પોતાના આશ્રમમાં જ કરી હતી. વિશ્વામિત્ર એ વાત સારી રીતે જાણતા હતા કે ભોજન માનવના મન પર પોતાના સંસ્કાર પાડે છે. ઋષિ-પત્ની અરુંધતીનાં બનાવેલાં ભોજનમાં તો કોઈપણ પ્રકારના કુસંસ્કારનો પ્રશ્ન જ ન હતો. વિચારોની સાત્ત્વિકતા અને મનની પવિત્રતા તો અરુંધતીના જીવનની મુખ્ય વિશેષતા હતી. તેઓ દરરોજ સમયસર ભોજન બનાવી, ભગવાનને ભોગ ધરાવી, વિશ્વામિત્રના આશ્રમમાં પહોંચાડતાં હતાં.

વર્ષાઋતુ અને એ પહાડી નદી, ૫-૬ કલાક સતત વરસાદ વરસ્યો. નદી પૂરજોશમાં વહેવા લાગી. પાણી એટલું વધી ગયું કે તેને પાર કરવાનું મુશ્કેલ થઈ ગયું. અરુંધતીને ચિંતા થઈ, મુનિ ભોજનની રાહ જોતા હશે. તેમણે પોતાની મુશ્કેલી વશિષ્ઠને જણાવી. તેઓએ કહ્યું-''દેવી ! તમે નદીને વિનંતી કરો કે જો તમે નિરાહારી ઋષિની સેવામાં ભોજન લઈને જઈ રહ્યાં હો, તો તે તમને માર્ગ આપે.''

અરુંધતીએ એ પ્રમાણે કર્યું. તેમણે નદી પાસે વિનમ્ર સ્વરે રસ્તો માંગ્યો, અને નદીએ પોતાને બે ભાગમાં વહેંચીને માર્ગ કરી આપ્યો. કોરો માર્ગ બની ગયો. ઋષિ-પત્નીને જવામાં સુવિધા થઈ ગઈ.

વિશ્વામિત્રને ભોજન આપીને તેઓ જવા માંડ્યાં, તો નદીનું પહેલાંના જેવું પ્રચંડ રૂપ જોઈને પાર કરવાનું સાહસ ન કરી શક્યાં. તેમણે વિશ્વામિત્રને કહ્યું - ''મુનિવર ! એમ લાગે છે કે આજે તો થોડા કલાકો અહીં જ રોકાઈ જવું પડશે.''

''નહિ ! નહિ ! રોકાવાની કોઈ જરૂર નથી. તમે જાઓ. નદીના કિનારે ઊભાં રહીને તેને કહો કે હું આજન્મ બ્રહ્મચારી વશિષ્ઠની સેવામાં જઈ રહી છું, કૃપા કરીને માર્ગ આપો.''

વિશ્વામિત્રની આજ્ઞા મેળવીને અરુંધતી ચાલી નીકળ્યાં, પહેલાંની જેમ નદીના તટ પર. તેમના કહેવાથી નદીએ ફરીથી માર્ગ કરી આપવો પડ્યો અને તેઓ પાર કરીને પોતાના પતિ પાસે પહોંચી ગયાં. પરંતુ તેમને આશ્ચર્ય જરૂર થયું. બંને બાજુથી નદી પાર કરી, પણ જવાની રીત એક જ. તેઓ વિચારવા લાગ્યાં કે હું સ્વયં વિશ્વામિત્રને મારા હાથે જ ભોજન કરાવી રહી છું, તો તેઓ નિરાહારી કેવી રીતે ? અને મારા પતિ બ્રહ્મચારી કેવી રીતે ? તે પણ આજન્મ, જ્યારે હું તેમના જ સો પુત્રોની માતા બની ચૂકી છું.

અરુંધતીને આ રહસ્ય લાગ્યું. તેઓ જિજ્ઞાસુની જેમ તે બંને પ્રશ્નોના ઉત્તર પતિને પૂછી બેઠાં. વશિષ્ઠ બોલ્યા - ''જેવી રીતે કમળ પાણીમાં રહીને પણ પાણીથી દૂર રહે છે, તેવી જ રીતે જે મનીષી કેવલ જીવનરક્ષા માટે જ ભોજન ગ્રહણ કરે છે અને જે પોતાના જ્ઞાન-વંશની વૃદ્ધિ માટે જ નિષ્કામ ભાવથી પોતાન પત્ની સાથે સંબંધ રાખે છે, તે આજન્મ બ્રહ્મચારી છે. આ બંને જળકમળવત્ નિર્લેપ સ્થિતિમાં છે.'' ત્યારબાદ અરુંધતીની જિજ્ઞાસા સંપૂર્ણપણે શાંત થઈ ગઈ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીમદ્ ભાગવત્ કથા

# શ્રોતા પરીક્ષિત અને વક્તા શુકદેવ બનીએ

આ કળિયુગમાં શ્રીમદ્ ભાગવત્ કથાનાં શ્રવણ, મનન-નિદિધ્યાસનનું સર્વાધિક મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. કારણ કે તેની મૂળભૂત પ્રેરણા વ્યક્તિમાં ઈશ્વરીય સત્તાના સદ્ગુણોને જીવનમાં ઉતારવા પર કેન્દ્રિત થયેલી છે.

પરમપૂજ્ય ગુરુદેવની એ વિશેષતા છે કે તેમણે ભારતીય સંસ્કૃતિના પ્રત્યેક પાસાંનું વિવેચન કરતી વખતે દરેકનો વિજ્ઞાનસંમત આધાર જ નથી આપ્યો, પરંતુ પ્રત્યેકને પ્રગતિશીલ રૂપે જ રજૂ કર્યાં છે. માત્ર કથા સાંભળવી, એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખવી. એ ફક્ત સમયનો બગાડ છે. આ વાત આટલી સ્પષ્ટતાથી માત્ર આચાર્યજી જ લખી શકે. પુરાણોમાં શ્રીમદ્ ભાગવત્નું સ્થાન વિશિષ્ટ છે. તેનાં પારાયણ, પાઠ વિભિન્ન રૂપે દેશ-વિદેશમાં આજે પણ થતાં રહે છે. અસંખ્ય ભાગવત કથાકારો આપણને જોવા મળે છે. આનો અર્થ એવો નથી કે સંસારમાં ચારે તરફ ધર્મ જ વ્યાપ્ત છે, ક્યાંય અધર્મ કે અનાસ્થા નથી. આસ્થાનો મૂળ મર્મ એ છે કે જે સાંભળ્યું તેને જીવનમાં કેટલું ઉતાર્યું, આચરણમાં ઉતાર્યું છે કે નહિ. એના માટે કથાના શબ્દાર્થોને જ નહિ, ભાવાર્થને, એના મૂળમાં છુપાયેલી પ્રેરણાઓને હૃદયંગમ કરવી અત્યધિક આવશ્યક છે. પરમપૂજ્ય ગુરુદેવે શ્રીમદ્ ભાગવત્ની પ્રેરણાપ્રધાન રજૂઆતની સાથોસાથ આપણને એ શિક્ષણ આપ્યું છે, જે આપણે વિભિન્ન અવતારોની લીલાકથાઓનું વિવેચન કરતી વખતે ધ્યાનમાં રાખવું જોઈએ. શ્રીમદ્ ભાગવત્માં અનેક સ્થાનો પર આલંકારિક વિવેચન છે. તે રૂપકોની વાસ્તવિકતા ન સમજીને લોકો બહિરંગને જ સર્વ કાંઇ માને છે, પરંતુ આચાર્યજીની કલમની કમાલ છે કે તેમણે મહારાસથી માંડીને અવતારોના પ્રાક્ટ્યની પ્રક્રિયામાં પ્રત્યેક સાથે પ્રેરણાપ્રદ પ્રગતિશીલ ચિંતન રજૂ કર્યું છે. તે જીવનમાં ઉતારવાથી "શ્રવણં શતગુણં મનનં સહસ્રં નિદિધ્યાસનમ્"નું શાસ્ત્રવચન સાર્થક થાય છે.

ભગવાનની કથાને ભવ-ભેષજ, સાંસારિક કષ્ટ-પીડાઓ અને પતનમાંથી મુક્તિ આપનાર ઔષધિ કહેવામાં આવે છે. એમાં કાંઇ અતિશયોક્તિ નથી. અવતારી પુરુષ પોતાના પુરુષાર્થથી અસુરતાને ઉખેડી નાંખીને ધર્મની સ્થાપના કરે છે, તો પોતાના જીવનના ઉદાહરણથી જન-જનને આદર્શનિષ્ઠ બનવાની પ્રેરણા પણ આપે છે. તેમના જન્મના ઉદ્દેશમાં આ પ્રેરણા-સંચારને પણ ગણાવી શકાય.

જો પ્રેરણા-સંચાર માત્ર પ્રત્યક્ષ દર્શન સુધી જ સીમિત રહે, તો અવતારી પુરુષના જીવનકાળમાં પણ તેમની નજીક રહેનાર થોડી વ્યક્તિઓ જ તે પામી શકે. કથા-ગાથાઓ દ્વારા જ તેમના જીવનની ઘટનાઓમાંથી પ્રકાશ પામી શકાય. આ કથાઓના માધ્યમથી તેમના જીવનકાળ દરમિયાન જ નહિ, તેમના પછી અનંતકાળ સુધી આ પ્રેરણા-સંચારનું કાર્ય ચાલતું રહે છે. પ્રત્યેક સ્તરના, પ્રત્યેક પરિસ્થિતિના લોકો તેનો લાભ ઉઠાવતા રહે છે. આજની પરિસ્થિતિ જોતાં લાગે છે કે આ ઔષધિ તેનો પ્રભાવ ખોઈ બેઠી છે. જન-જીવનમાં જામી ગયેલી વિડંબનાઓ જાણે કે હલવાનું નામ લેતી નથી, તો શું સાચે જ ભગવાનની કથાઓ પ્રભાવહીન છે?

નિર્ણય લેવામાં થોડો વિવેક દાખવવો પડશે. ઔષધિ ક્યારે અને કેવી રીતે પ્રભાવ પાડે છે તે જોવું જોઈએ. દવાખાનામાં ઔષધિઓ હોય છે, પરંતુ કયા રોગી માટે કઇ ઔષધિ જરૂરી છે તે નિર્ણય ચિકિત્સકે કરવો પડે છે. સાથોસાથ રોગીએ વિધિપૂર્વક ઔષધિનું સેવન કરવું પડે છે. ઔષધિ નિશ્ચિત કરવામાં ન આવે, કોઈપણ ઔષધિ ઉપાડીને ખાઇ લેવામાં આવે કે નિશ્ચિત ઔષધિનું સેવન વિધિપૂર્વક કરવામાં ન આવે, તો પ્રભાવહીન હોવાનો દોષ ઔષધિને નહિ, તેના પ્રયોગકર્તાને જ દેવો જોઈએ.

આપણા દેશમાં શ્રીમદ્ ભાગવત્ કથાનો ખૂબ રિવાજ છે તથા તેના પ્રત્યે આમજનતામાં સહજ શ્રદ્ધા પણ છે. શ્રીમદ્ ભાગવત્ કથાના મહત્ત્વપૂર્ણ અંશો પર સ્વતંત્ર પ્રવચનનો દોર પણ વિદ્વાનો દ્વારા ઠેરઠેર ચલાવવામાં આવે છે, તેની પાછળ મુખ્યત્વે પરંપરાગત પુણ્ય કમાવાની દૃષ્ટિ જ રહે છે. પુણ્ય પ્રત્યે જનજીવનમાં ઉત્સાહ રહે એ તો બરાબર છે, પણ કથાકારે કે પ્રવચનકારે એટલા માત્રથી જ પોતાના કર્તવ્યની ઇતિશ્રી ન સમજી લેવી જોઈએ. વ્યાસપીઠ પર બેસનાર પ્રત્યેકનું એ પરમ કર્તવ્ય છે કે જનતા સામે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રભુચરિત્રને એવી રીતે પ્રસ્તુત કરે કે શ્રોતાઓને એમના જીવનની સમસ્યાઓ, કુંઠાઓ, વિડંબનાઓનું સમાધાન એમાંથી સહજ મળી જાય. જે કથાકાર કે પ્રવચનકાર પોતાની આ જવાબદારી પ્રત્યે સભાન અને પ્રામાણિક છે તે જ સાચા અર્થમાં વ્યાસપીઠ પર બેસવા માટે અને સન્માન મેળવવા યોગ્ય છે. વ્યાસપીઠના આ મહાન ગૌરવ અને વર્ચસ્વ પ્રત્યે જેમના મનમાં આદર છે, જે તેનું ગૌરવ જાળવી રાખવા ઇચ્છે છે અથવા લોકહિતાર્થે પોતાની વાણીનો પ્રયોગ કરવાનો જેમનામાં થોડોઘણો ઉત્સાહ છે તેમની સહાયતા માટે જ આ ભાગવતકથાની શરૂઆત કરવામાં આવી રહી છે. આના આધારે થોડાક અભ્યાસથી જ સરેરાશ બુદ્ધિ અને શિક્ષણવાળી વ્યક્તિ પણ ભારતની ભાવુક જનતાને કથાના માધ્યમથી મહત્ત્વપૂર્ણ શિક્ષણ આપી શકે છે. હવે અમે શ્રીમદ્ ભાગવત્ કથા ધારાવાહિક શરૂ કરીએ છીએ. વાચકો દર મહિને કથામાંથી પ્રેરણા, પ્રોત્સાહન, જ્ઞાન અને સમાધાન મેળવતા રહે.

જેના દ્વારા જન્માદિ (સર્જન, પાલન અને સંહાર)નું ચક્ર ચાલે છે, જે શ્રેષ્ઠતાના પોષક અને નિકૃષ્ટતાના નિવારક છે, ચેતન છે, જેનાથી બ્રહ્મા અને હિરણ્યગર્ભ પણ શક્તિ પામે છે, જે આદિ જ્ઞાનદાતા છે, જેની બાબતમાં વિદ્વાનો પણ મોહિત થઈ જાય છે, જેવી રીતે પ્રકાશ (તેજ)ના પ્રભાવથી જળમાં સ્થળ અને સ્થળમાં જળનો આભાસ થાય છે તેવી રીતે જેના પ્રભાવથી આ ત્રિગુણાત્મક મિથ્યા જગત પણ સત્ય જેવું લાગે છે, એ સ્વયં પ્રકાશિત, માયા વગેરેથી સદા મુક્ત, પરમ સત્યરૂપ પરમાત્માને અમે બુદ્ધિમાં ધારણ કરીએ છીએ.

કથા પહેલાં આ પ્રકારની વંદના હેતુપૂર્વક કરવામાં આવી છે. શ્રીકૃષ્ણકથાને શ્રીમદ્ ભાગવત્ કથા પણ કહેવામાં આવે છે. મહર્ષિ વ્યાસે મહાભારત જેવો જ્ઞાન વિજ્ઞાનની દૃષ્ટિએ સાંગોપાંગ ગ્રંથ રચ્યા પછી એવું અનુભવ્યું છે કે આટલું પુરતું નથી. જ્ઞાન વિજ્ઞાન તો રાવણ, કંસ વગેરે રાક્ષસો પાસે પણ હતું. પરંતુ તેમનામાં આદર્શપરાયણતાનો અભાવ હોવાથી તે જગતને લાભદાયક બનવાને બદલે હાનિકારક સિદ્ધ થયું. ઈશ્વર શ્રેષ્ઠ આદર્શો અને સિદ્ધાંતોના નિર્માતા, પોષક અને પ્રતિક છે. આથી આદર્શપરાયણ હોવું અને ઈશ્વરપરાયણ હોવું બન્ને પ્રકારભેદે એક જ વાત છે. એટલા માટે ભગવાન વ્યાસે ભાગવતની રચના કરી જેથી લોકો કથા દ્વારા ઈશ્વરના આદર્શ રૂપને સમજે અને તેને અપનાવી જીવનમાં લાભ મેળવી શકે.

મહામુનિ વ્યાસ દ્વારા નિર્મિત આ શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણમાં મોક્ષ સુધીના ફળનું કામનાથી રહિત પરમધર્મનું નિરૂપણ થયું છે. એમાં શુદ્ધ અંતઃકરણયુક્ત સત્પુરુષને જાણવાયોગ્ય તે વાસ્તવિક વસ્તુ પરમાત્માનું નિરૂપણ થયું છે, જે ત્રણે તાપોનો જળમૂળથી નાશ કરનાર અને પરમ કલ્યાણપ્રદ છે.

ભગવાનની આ કથાને ત્રણ પ્રકારના - આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક - તાપોનો નાશ કરનાર કહેવામાં આવે છે. આનો અર્થ સ્પષ્ટ છે કે તેનો પ્રભાવ મૃત્યુ પછી જ નહિ, આજીવનમાં પણ જોવા મળશે. મનુષ્યના જીવનની દિશા બદલાઈ જાય છે. તેની ગતિ સાંસારિક સફળતાઓથી માંડીને પારલૌકિક ઉપલબ્ધિઓ સુધી ચાલુ રહે છે. તેથી આ જીવનમાં કથા કોઈ પરિવર્તન લાવી શકતી નથી, તેનાથી તો મૃત્યુ પછી જ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે તેવી માન્યતા રાખવી તે બહુ મોટો ભ્રમ છે. સ્વયં ભગવાને બ્રહ્માજીને સંબોધીને એનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે-

લોકેશ ! યશ, ધર્મ અને વિજય માટે ધર્માત્મા મનુષ્યએ મારા ભાગવતશાસ્ત્રનું શ્રવણ કરવું જોઈએ.

ભગવાનના કહેવા અનુસાર કથા સાંભળનારને આ બધા લાભ મળવા જોઈએ, પરંતુ એમ થતું જોવા મળતું નથી. આનું કારણ એ છે કે કથા કહેનાર-સાંભળનાર બંને પોતાના આદર્શોને ભૂલી ગયા છે. કથા પ્રભાવશાળી બનાવવા માટેની પહેલી શરત છે, કથા કહેનારની પાત્રતા. કથા કહેનાર વિદ્વાન ભલે ન હોય, પરંતુ તેની અંદર એવી પ્રખર ભાવના હોવી જોઈએ કે જનજીવનને ભગવાનના આદર્શોને અનુરૂપ ઢાળવાનો, વાળવાનો મારો મુખ્ય ઉદ્દેશ છે. જેમણે કથાને પેટ ભરવાનું સાધન બનાવી છે તેમનાથી પ્રભાવશાળી કથા થઈ શકતી નથી. એકવાર ભક્તિએ નારદજીને પૂછ્યું,"હે ઋષિવર ! ભગવાનની કથાના પ્રભાવથી લોકોની અંદર જ્ઞાન અને વૈરાગ્યના ભાવ જાગવા જોઈએ તેવું કેમ નથી થતું ?"

નારદજીએ ઉત્તર આપ્યો - બ્રાહ્મણ ફક્ત અન્ન-ધન આદિને લોભવશ થઈને ઘર-ઘર અને જનજનને ભાગવતકથા સંભળાવવા લાગ્યા છે એટલે કથાનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રભાવ ચાલ્યો ગયો.

ભાગવત કથા કહેનાર અને સાંભળનારની પાત્રતા કેવી હોય એનું સુંદર ચિત્રણ પરીક્ષિતની કથામાં કરવામાં આવ્યું છે.

પરીક્ષિત રાજા હતા, કર્તવ્યપરાયણ હતા, પરંતુ અહંકારવશ ઋષિનું અપમાન કરી બેઠા એટલે તેમને સાત દિવસમાં સર્પદંશથી મૃત્યુનો શાપ મળ્યો. રાજાએ શેષ જીવનનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરવાનું નક્કી કર્યું. જીવનની દશા કેવી હોય એ સમજવા માટે રાજાએ ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર સંભળાવવા માટે શુકદેવજીને વિનંતી કરી. આ સ્થિતિ છે કથાના શ્રોતાની. જીવનના શેષ સમયનો સારામાં સારો ઉપયોગ કરી લેવાની જેનામાં તલપ છે, ભગવાનના આદર્શોને સમજીને એ જ દિશામાં પોતાના શેષ જીવનને, પોતાની શેષ ક્ષમતાઓને લગાવી દેવાની સાચી લગન જેના અંતરમાં જાગી ગઈ છે, તે જ કથાનો સાચો લાભ ઉઠાવી શકે છે. શ્રોતાએ પરીક્ષિત અર્થાત્ આ કસોટી પર સાચાં સિદ્ધ થવું જોઈએ. શ્રોતાની મર્યાદા પરીક્ષિતના ઉદાહરણથી સમજાવવામાં આવી છે.

આ રીતે કથાવાચકની પાત્રતા, તેની મનોભૂમિનું ચિત્રણ શુકદેવજીના માધ્યમથી કરવામાં આવ્યું. શુકદેવજી આત્મપરિષ્કારની સાધના તથા જ્ઞાનપ્રસારના કર્તવ્યમાં બરાબર લાગી રહેતા હતા. સાચી લગની જોઈને તેમણે પરીક્ષિતને કથા સંભળાવવાનો સમય કાઢ્યો. દેવતાઓએ વિચાર્યું કે શુકદેવજીને લાલચ આપીને પરીક્ષિતને બદલે આપણને કથા સંભળાવવા માટે રાજી કરી લઈએ. શુકદેવ નિઃસ્પૃહ બ્રાહ્મણ હતા. આથી ધનનું આકર્ષણ તેમને વિચલિત કરી શકશે નહિ. તે દેવતાઓ જાણતા હતા. એટલા માટે તેઓ અમૃત લઈને ગયા અને તેના બદલામાં કથાનો સોદો કરવાનું નક્કી કર્યું.

શુકદેવજીએ દેવતાઓની વાત સાંભળી. તેમનામાં જિજ્ઞાસાને બદલે સ્વાર્થવૃત્તિ જોઈને તેઓને કથાના શ્રોતાની કસોટી પર નીવડેલા ન જોયાં. તેમણે તેમનું સન્માન ન કરતાં ઉપહાસ કર્યો.

સંસારમાં ક્યાં કાચ અને ક્યાં બહુમૂલ્ય મણિ, ક્યાં સુધા અને ક્યાં કથા ? શુકદેવજીએ આમ વિચારીને તે સમયે દેવતાઓની હાંસી ઉડાવી.

આમ, દેવતાઓનો ઉપહાસ કરીને શુકદેવજીએ રાજા પરીક્ષિતને ભગવાન શ્રીકૃષ્ણની કથા સંભળાવી. પહેલાં તેમણે ભગવાન શ્રીકૃષ્ણના વંશજ યદુવંશીઓનું વર્ણન કર્યું, પછી ભગવાનના અવતાર લેવાના કારણ પર પ્રકાશ પાડતાં કહ્યું -

હે પરીક્ષિત ! જ્યારે જ્યારે સંસારમાં ધર્મનો હ્રાસ થાય છે અને પાપની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે ભગવાન શ્રીહરિ અવતાર ધારણ કરે છે.

સંસારમાં ધર્મ અને અધર્મ બંને રહે છે. કેટલીક વ્યક્તિઓ અધર્મગ્રસ્ત બની જાય છે, તેમને કારણે સંસારમાં દુઃખ અને કષ્ટ વધે છે એવી જ રીતે વ્યક્તિઓને ક્યારેક રાક્ષસ, ક્યારેક દૈત્ય તો ક્યારેક નરપિશાચના રૂપમાં યાદ કરવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પહેલાં રાજાઓમાં અસુરતા પ્રવેશી ગઈ હતી. તેઓ ભયંકર ઉત્પાત મચાવતા હતા તથા તેઓ સંગઠિત થઈને દેવત્વને સમાપ્ત કરી દેવા મચી પડ્યા હતા. આવી વિકટ પરિસ્થિતિઓમાં જન્મ લઈને ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના પુરુષાર્થ દ્વારા અસુરતાને ખતમ કરીને દેવત્વની સ્થાપના કરી.

જ્યારે અસુરોએ રાજાઓનો વેશ ધારણ કર્યો અને અક્ષૌહિણી સેના ભેગી કરીને તેઓ સમસ્ત સૃષ્ટિને ધમરોળવા લાગ્યા ત્યારે પૃથ્વીનો ભાર ઉતારવા માટે ભગવાન મધુસૂદન બલરામજી સાથે અવતરિત થયા. તેમણે એવાં અદ્‌ભુત કાર્યો કર્યાં જે અંગે મોટા મોટા દેવતાઓ અનુમાન પણ ન કરી શકે, શરીરથી તેવાં કાર્યો કરવાની તો વાત જ ક્યાં રહી ?

શુકદેવજી બોલ્યાં, આ રીતે ભગવાન અવતાર લઈને પોતાના અનુકરણીય ચરિત્ર દ્વારા લોકોને પ્રેરણા આપે છે તથા તેમના દ્વારા સ્થાપિત આદર્શો અનુસાર ચાલનાર વ્યક્તિ દરેક વખતે એમના જેવી જ સફળતા મેળવે છે. શુકદેવજી પાસેથી આ રીતે ટૂંકમાં ભગવાનનું ચરિત્ર સાંભળીને પરીક્ષિતની જિજ્ઞાસા વધારે વધી. તેમની સાથે વિશાળ જનસમુદાય પણ કથા સાંભળી રહ્યો હતો. આથી સૌની હિતકામનાથી પ્રેરાઈને મહારાજ પરીક્ષિતે શુકદેવજીને વિસ્તારપૂર્વક શ્રીકૃષ્ણચરિત્ર સંભળાવવાનો આગ્રહ કરતાં કહ્યું -

ભગવાન શ્રીકૃષ્ણ સમસ્ત પ્રાણીઓના જીવનદાતા અને સર્વાત્મા છે. એમણે અવતાર લઈને જે જે કાર્યો કર્યાં તેનું આપ વિસ્તારપૂર્વક વર્ણન કરો.

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પાન મસાલા ઝેર છે, એનાથી બચીએ

પાન મસાલાનું ઉત્પાદન કરનારી કંપનીઓ બિલાડીના ટોપની જેમ વધી રહી છે. બજારમાં વધતી સ્પર્ધાને કારણે પાંચ ગ્રામનું ગુટખાનું પાઉચ એક રૂપિયામાં મળે છે. તેમાં અસલી કાથો, સોપારી, નાની ઈલાયચી, લવિંગ, ઈજમેટના ફૂલ અને ચૂનો મેળવવામાં આવે, તો એક પાઉચની કિંમત અઢી રૂપિયા થાય છે. તો આ એક રૂપિયામાં કેવી રીતે વેચાય છે ? આવો, અમે બતાવીએ - ઈલાયચી, ઈજમેટના ફૂલ તથા લવિંગની જગ્યાએ સુગંધિત કેમિકલ્સ, સોપારીની જગ્યાએ સડેલી સોપારી, વૃક્ષની છાલ, મગફળીનાં છોતરાં, અખરોટની રંગેલી છાલ, કાથાની જગ્યાએ દેખાય નહિ તેવા રંગ અથવા મુલાયમ માટીને તાડના રસમાં મેળવીને પકાવેલું મિશ્રણ મેળવવામાં આવે છે. ચાંદીના વરખની જગ્યાએ એલ્યુમિનિયમ જેવો કોઈ ચમકદાર પદાર્થ નાખવામાં આવે છે, જેનાથી કેન્સર થઈ શકે છે.

પાન મસાલામાં ભેળસેળ કરવા અંગેનો બનાવ કાનપુરના બિલ્હૌર તહસીલના ગામ બીબીપુરના નિવાસી શ્રી અનિલકુમાર અગ્નિહોત્રીની સાથે બન્યો. તેમણે બિલ્હૌર ખાતેની પાનની દુકાનેથી પાનમસાલાનું એક પાઉચ ખરીદ્યું. તે ફાડીને ઊંધું કરી, મ્હોમાં નાંખ્યું, પરંતુ પાઉચમાંનો બધો મસાલો મ્હોમાં ગયો નહીં. તેણે પાઉચને ધ્યાનથી જોયું તો તેમાં એક મરેલી ગરોળીનું મ્હોં ફસાયેલું હતું. જેના કારણે પાનમસાલો બહાર આવતો ન હતો. શ્રી અગ્નિહોત્રીએ પાન મસાલો તરત થૂંકી નાખ્યો. તો પણ પાનમસાલાના કેટલાક અંશ મોંમાં જવાને કારણે તેમનો જીવ મૂંઝાવા લાગ્યો અને ઊલટીઓ પણ થવા લાગી. તેને ડૉક્ટર પાસે લઈ જવામાં આવ્યો અને પોલીસ ચોકીમાં રિપોર્ટ લખાવ્યો, કાનપુર જિલ્લા ગ્રાહક ફોરમમાં પ્રતિવાદી અનિલકુમાર અગ્નિહોત્રીએ પાન મસાલા ઉત્પાદક કંપનીને દોષપૂર્ણ પાનમસાલા બનાવવા તથા વેચવા માટે વાદી બનાવી અઠ્ઠાવીસ હજાર રૂપિયા શારીરિક નુકસાનીના, દસ હજાર રૂપિયા માનસિક નુકસાનીના અને પાંચસો રૂપિયા દાવા ખર્ચના પેટે માંગ્યા. જિલ્લા ફોરમમાં કંપની તરફથી કહેવામાં આવ્યું કે પાઉચ ખરીદ્યાનું બિલ રજૂ કરવામાં આવ્યું નથી તથા પાઉચમાં ગરોળી હતી કે નહિ તેની તપાસ પણ કરાવવામાં આવી નથી. વિક્રેતાએ કહ્યું કે તે ગરીબ માણસ છે અને પાનમસાલા વેચીને તેનો પરિવાર નિભાવે છે. તેને ખબર નથી કે પડીકીમાં શું છે? જિલ્લા ફોરમે બંનેની વાત સાંભળીને કહ્યું કે એક-બે રૂપિયાની વસ્તુની ખરીદી ઉપર કોઈ બિલ આપતું કે લેતું નથી. ગરોળી હોવાની વાત જિલ્લા ફોરમે પોતે જોઈ. તેથી તપાસનો કોઈ અર્થ નથી. જિલ્લા ફોરમે ગ્રાહકને વળતર અપાવ્યું અને ઉત્પાદક કંપનીને સુધારણા કરવાની ચેતવણી આપી.

એક બીજા કેસમાં મુંબઈ નિવાસી વિક્રમ સાવંત દેસાઈ નામના યુવકે પાનમસાલાની આકર્ષક જાહેરાત વાંચીને પાન મસાલા ખાવાનું શરૂ કર્યું. પાન મસાલા ખાવા હાનિકારક છે એવું પાઉચ પર લખ્યું ન હતું. કેટલાંક વર્ષો પછી તેને મ્હોં ખોલવામાં તકલીફ થવા લાગી, તો તે ડૉક્ટર પાસે ગયો. કોઈ ફેર ન પડવાથી તે ટાટા મેમોરિઅલ હોસ્પિટલમાં ગયો. હોસ્પિટલમાં તપાસ કરતાં ખબર પડી કે મસાલા ચાવવાથી તેના મોમાં સબમ્યૂકસ ફાઈબ્રોસિસ થઈ ગયો છે. આ રોગ વધુ શરાબ પીવાથી અથવા અત્યંત તીખાં મરચાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખાવાથી પણ થાય છે, પરંતુ શ્રી દેસાઈને તે ટેવ ન હતી. ચિકિત્સામાં ભારે ખર્ચ જોતાં શ્રી દેસાઈએ મુંબઈ ખાતેની મહારાષ્ટ્ર ગ્રાહક રાજ્ય આયોગમાં ઉત્પાદક કંપની પર દાવો માંડ્યો અને વળતર માગ્યું. રાજ્ય આયોગે ડૉક્ટરના રિપોર્ટ જોયાં. રિપોર્ટમાં જણાવ્યું હતું કે તે કેન્સર પહેલાંની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે અને આ સ્થિતિ પાનમસાલાના સેવનથી થઈ હોવાનું જણાય છે. આના કારણે યુવકનું ભણતર ઠપ્પ થઈ ગયું છે અને તેને ભયંકર માનસિક વેદના થઈ રહી છે. રાજ્ય આયોગમાં ઉત્પાદક કંપની તરફથી તેના પક્ષે રજૂઆત કરવા કોઈ આવ્યું નહિ. પરિણામે રાજ્ય આયોગે વીસ લાખ રૂપિયા નુકસાન ભરપાઈના તથા દસ હજાર રૂપિયા દાવા ખર્ચ પેટે શ્રી દેસાઈને આપવા જણાવ્યું. આયોગે માન્યું કે પાનમસાલાના સેવનથી એક યુવાનનું જીવન બરબાદ થઈ ગયું છે. તે ભણી-ગણીને કંઈક બની શક્યો હોત અને દેશનું ગૌરવ વધારી શક્યો હોત. પાન મસાલાના સેવને તેનું જીવન ચોપટ કરી નાંખ્યુ છે અને તે વળતર લેવાનો અધિકારી છે.

પાનમસાલા ખૂબ હાનિકારક છે. યુવાનો અને બાળકો તેની લપેટમાં આવી રહ્યા છે. ૧૪-૧૫ વર્ષના કિશોરો પાનમસાલાના બંધાણી થઈ ગયા છે. વાચકોને વિનંતી કે આ લેખનું મેટર પ્રચારપત્ર રૂપે છપાવીને સમાજમાં વિતરિત કરે.

બુદ્ધના બે શિષ્યો પદ્મ અને વિદ્યુ શ્રાવસ્તીમાં રહેતા હતા. બન્ને ધર્મપ્રચારમાં સહાય કરતા હતા. વિદ્યુ થોડા સમય સુધી ખૂબ સહાય આપતો રહ્યો પરંતુ પછી તે અટકી ગયો. પદ્મની સહાય ધીમે ધીમે વધતી ગઈ. બુદ્ધે આના કારણની તપાસ કરી તો ખબર પડી કે વિદ્યુએ પોતાના ઉત્પાદનમાં ચાલાકી કરીને વધુ ધન કમાવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં તો વધારે લાભ મળ્યો પણ પછી પ્રતિષ્ઠા પડી ભાંગી અને ધંધો બગડ્યો. બુદ્ધ દુઃખી થયા અને વિદ્યુને તેનું ધન અનુચિત કહીને પાછું આપી દીધું. વિદ્યુ બોલ્યો, ‘‘પ્રભુ ! આ બધું શ્રમથી કમાયો હતો, અનુચિત નથી.’’ બુદ્ધે હસીને કહ્યું, ‘‘વત્સ ! શ્રમ તો અંગુલિમાલ પણ ખૂબ કરતો હતો, પણ નૈતિકતાય હોવી જોઈએ ને ! ઈમાનદારી ન હોય તો શ્રમ-ઉપાર્જિત ધન પણ અનૈતિક છે. પાછો તું પોતે દરિદ્ર બની ગયો છે, તારું ધન લે અને નિર્વાહ કર.’’ વિદ્યુ લજ્જિત બની ગયો. ફરી ઈમાનદારીપૂર્વક શ્રમ કરવા લાગ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્યુગ આવી રહ્યો છે

સ્વર્ગયુગ, સત્યયુગ, નવીનયુગ દ્રુત ગતિએ દોડતો આવી રહ્યો છે. આ અસંદિગ્ધ ભવિષ્ય સૂક્ષ્મ દૃષ્ટિએ જ નહિ, સ્થૂળ નેત્રોથી પણ દેખાઈ રહ્યું છે. ગત શતાબ્દીઓમાં માનવજાતિએ એટલાં પાપ કર્યા છે કે એના ભારે બોજથી આજે કમર તૂટી રહી છે. સ્વાર્થ અને લાલચના તોરમાં મનુષ્ય એ ભૂલી ગયો છે કે તે શું હતો, શું છે અને હવે તેણે શું બનવાનું છે. જીવનને વિનાશકારી માનીને પ્રભુની ન્યાયસત્તાને નકારવામાં આવી અને નાસ્તિકતાનાં આસુરી પ્રલોભનોથી લલચાઈને ઇન્દ્રિય લાલસાઓને તૃપ્ત કરવાની દિશામાં ડગલાં માંડવામાં આવ્યાં.

"હું વધારે લઈશ, બીજાની મારે શું પરવા ?" આ મનોવૃત્તિને જ્યારે જડ વિજ્ઞાનની નાસ્તિકતાએ પ્રોત્સાહન આપ્યું ત્યારે માણસની અંદર બેઠેલો અસુર અટ્ટહાસ્ય કરવા લાગ્યો. પાપની પિશાચી આકાંક્ષાઓ એટલી હદે વધી કે નીતિ અને ન્યાયનાં સાત સમુદ્ર પાર કરીને, અનેક કષ્ટો વેઠીને દૂરના દેશોમાં પહોંચ્યો અને ત્યાં શોષણની સુદૃઢ વ્યવસ્થા બનાવી, ધર્મને નામે બીજા અનેક નિર્દોષોની ગરદનમાં દાંત બેસાડી તેમની ધમનીઓનું ભરપૂર લોહી પીધું. આવાં અનેકાનેક સંગઠિત ષડયંત્રો પરત્વે માણસની બુદ્ધિ ચાલવા લાગી ત્યારે સર્વત્ર અનૈતિકતાની સત્તા સ્થપાઈ ગઈ. પ્રચારના જોરે ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ ઠેરવવામાં આવ્યો. થોડાક સશક્તોએ પોતાની મહત્ત્વાકાંક્ષા માટે પોતાનાથી નિર્બળ વ્યક્તિઓની નબળાઈનો અનુચિત લાભ ઉઠાવ્યો અને એમની છાતી પર ચઢી બેઠા. આના સમર્થનમાં અનેક પ્રકારના રાજનૈતિક, ધાર્મિક અને સામાજિક કાયદાઓ ઘડવામાં આવ્યા. બિચારી સાર્વભૌમ માનવતાને એવી જાળમાં જકડવામાં આવી કે વિશ્વની જનશક્તિ મૂક, બધિર, પંગુ, અશક્ત અને અસહાય બની ગઈ. ગુલામ દેશોની પ્રજાની જેમ સ્ત્રીઓના માનવોચિત અધિકારો ઝૂંટવી લઈને અસુર પોતાના અટ્ટહાસ્યથી વારંવાર આકાશ ગજાવવા લાગ્યો. બેકારી, ગરીબી, નિરક્ષરતા, નિર્બળતા અને અયોગ્યતાના દોરડાંથી માનવતાને કસીને બાંધીને એક ખૂણામાં ફેંકી દેવામાં આવી અને કળિકાળ નિર્દ્વંદ્વ બનીને તાંડવનૃત્ય કરવા લાગ્યો. મનુષ્ય જન્મ લેતો હતો અને જીવતો પણ હતો, પણ આ બંને કાર્યો નીરસ બની ગયાં. આત્માનો, પરમાત્માના પુત્રનો પૃથ્વી પર જ્યારે અવતાર થતો હતો ત્યારે પ્રકૃતિમાં ઉલ્લાસની લહેર દોડતી હતી. પરંતુ હવે તો આ જીવતા છતાં મરેલાઓથી પૃથ્વીનો ભાર જ વધવા લાગ્યો. અસહાય અવસ્થાની વિકૃતિના કહોવાટથી માનવજીવનના પ્રત્યેક તબક્કે દુરાચાર, છળ-કપટ, દગો, ભય, અન્યાયની બોલબાલા થઈ ગઈ. મનુષ્યના મહોરાં પહેરીને ફરનારા વરુઓથી પૃથ્વી ભરાઈ ગઈ અને તેમના પરસ્પર સંઘર્ષોથી ગગનભેદી ચીસો સંભળાવા લાગી. માનવે પોતાનું દેવત્વ ત્યજી દીધું અને અસુરની નિર્દ્વંદ્વ ઉપાસના કરવા લાગ્યો. પાપના ભારથી પૃથ્વીની પીઠ તૂટવા લાગી.

**એક માણસે કોઈ મહાત્માને પૂછ્યું-મહાત્મા ! મારી જીભ તો ભગવાનનું નામ જપે છે, પરંતુ મારું મન તેમાં નથી લાગતું. મહાત્મા બોલ્યા-"ભાઈ ! કમ સે કમ ભગવાને આપેલી એક વિભૂતી તો તારા વશમાં છે, તેની પર ખુશી મનાવ. જ્યારે એક અંગે ઉત્તમ માર્ગ પકડ્યો છે તો એક દિવસ મન પણ સાચા રસ્તા પર આવી જશે. ભગવાનનું નામ જપવાનું ચાલુ રાખ."**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પિતાએ પોતાના પુત્રોને, પરમાત્માએ આત્માને, રાજાએ રાજકુમારોને એટલા માટે મોકલ્યા છે કે સૃષ્ટિની સુવ્યવસ્થા જાળવી રાખો, આ વાટિકાને સુરમ્ય બનાવો. એમને એટલો અધિકાર આપવામાં આવ્યો નથી કે તેઓ અરાજકતા ફેલાવે અને ફૂલેલફાલેલ લતા-વૃક્ષોને હાલતા-ચાલતા આગ લગાડી દે. આવી અવ્યવસ્થાના સમય માટે શિવજીનું ત્રીજું નેત્ર સુરક્ષિત છે. તેઓ સૃષ્ટિમાં પાપ વધે એવું ઇચ્છતા નથી. શરીરમા ગૂમડા થાય છે, પરુ ભરાઇને મોટાં થાય છે તો નિર્દય ડૉક્ટરની જેમ તેઓ નસ્તર મૂકીને બગાડ કાઢવાનું પણ જાણે છે, ભલે રોગી હાય-હાય કરતો ચીસો પાડતો રહે અને વેદનાથી વિહ્વળ બની તરફડે.

આત્માની અખંડતા એવી છે કે એક વ્યક્તિના પાપનું ફળ બીજી વ્યક્તિએ પણ ભોગવવું પડે છે. પ્રત્યેક વ્યક્તિનું પવિત્રતમ કર્તવ્ય છે કે પડોશી અનીતિના માર્ગે જતો હોય તો તેને ગમે તે પ્રકારે પણ રોકે. જો આમ ન કરે તો પડોશીના ઘરમાં લાગેલી આગની ઉપેક્ષા કરનાર વ્યક્તિએ પણ દંડ ભોગવવો પડે છે. પડોશીના ઘરની સાથે આગ તેમના ઘરને પણ બાળી નાંખે છે. કારણ કે તે બંને ઘર પરસ્પર સંકળાયેલાં છે. આત્માની અખંડતાને કારણે એકનું પાપ બીજાએ ભોગવવું પડે છે. આ રીતે કેટલીક વ્યક્તિઓ દ્વારા ફેલાવાયેલાં પાપોનું ફળ આજે સમસ્ત સૃષ્ટિ ભોગવી રહી છે. મહાયુદ્ધનો રાક્ષસ વિકરાળ દાંતોથી અક્ષૌહિણી સેનાને ચાવતો જઇ રહ્યો છે. શેષ જીવિત પ્રાણી એ રાક્ષસના મોમાંથી નીકળતી જ્વાળાઓથી દાઝી રહ્યાં છે. આર્થિક કષ્ટથી માંડીને મૃત્યુ-વેદના સુદ્ધાં સહન કરવી પડે છે. જાણે કે કળિના કરતૂતોથી સમસ્ત સૃષ્ટિ સાથે બદલો લેવામાં આવી રહ્યો છે.

રુદ્રનું ત્રીજું નેત્ર પોતાની કોપજ્વાળાઓથી પ્રચંડ સંહાર કરી રહ્યું છે, ત્યાં વિષ્ણુની સાંત્વનાપૂર્ણ ભુજાઓ પણ ફેલાઇ રહી છે. જગત્પિતા પોતાના કરુણ નેત્રોથી સંદેશ દેતાં માનવજાતને કહી રહ્યા છે, ''પુત્ર ! હવે આવી ભૂલ ન કરતો. તને સંસારમાં સત્ય, પ્રેમ અને ન્યાયનાં સુમધુર ફળ ચાખવા માટે મોકલ્યો છે. આ વાટિકામાં આગ લગાડવા માટે નહિ. પાપથી બહેકી ન જઇશ. સજા ભોગવીને તારાં પાપ ધોવાઇ ગયાં છે. હવે તારાં કર્તવ્ય-ધર્મને સમજ. તું ઇન્દ્રિયરત કીડો નથી, મારો પરમપ્રિય રાજકુમાર છો. પાછલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત કર.'' માનવતા દંડથી શુદ્ધ બનીને પોતાની ભૂલનો સ્વીકાર કરતી, પ્રભુનો સંદેશ શ્રદ્ધાપૂર્વક સાંભળી રહી છે, અને ભૂતકાળના અનુભવ પરથી ભવિષ્યનો પાયો નાંખી રહી છે. આ રીતે આજની પ્રસવ-વેદનાથી એક નવીન રત્ન ઉદ્‌ભુત થઇ રહ્યું છે, જેનું નામ હશે - સતૃયુગ. એનું આગમન અમને પ્રત્યક્ષ દેખાઇ રહ્યું છે.

***

*એકવાર રાજા યશવંતસિંહ યુદ્ધમાંથી પૂઠ ફેરવી સાથીઓને છોડીને કિલ્લામાં રક્ષણ માટે ભરાઈ ગયા. રાણી કિલ્લાનું રક્ષણ કરી રહી હતી. તેણે રાજાને ઓળખવાનો ઈન્કાર કર્યો. દરવાજો ન ખોલ્યો અને કહ્યું, ''હું યશવંતસિંહને સારી રીતે ઓળખું છું. તેઓ પોતાના સાથીઓને છોડીને એકલા પોતાના રક્ષણ માટે ક્યારેય ભાગી ન શકે.'' રાજાને પોતાના કર્તવ્યનું ભાન થયું અને પછી તેઓ શત્રુઓને હરાવીને જ પાછા આવ્યા.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિ નિર્માણ

# સમાજ માટે ઉપયોગી બનીએ

મહાત્મા એપિક્ટેટસ કહેતા હતા કે ઘેટાં જે ઘાસ પાંદડાં ખાય છે તેનું ઊન બનાવે છે. માણસ અન્ન ખાઇને કાંઇપણ પેદા કરે તો તે પશુથી પણ બદતર છે. સંસારમાં જે પ્રાણી પોતાને પોતાના જીવતાં જ વધુ ઉપયોગી સિદ્ધ કરે છે, તેનો વંશ ચાલુ રહે છે, બીજા વધેરાઇ જાય છે. બકરાને જ લો, બકરો દૂધ આપતો નથી કે ભાર વહન કરવામાં કામ આવતો નથી. એટલા માટે તેને વધેરવામાં આવે છે. બકરી દૂધ આપે છે એટલે તેની કતલ ઓછી થાય છે. આથી આપણે એવું ઇચ્છતા હોઇએ કે આપણે સંસારમાં સારી રીતે રહીએ, તો આપણે આપણી જાતને બીજા માટે ઉપયોગી સિદ્ધ કરીએ અને આપણી ઉપયોગિતા અને સેવા શક્તિને દિન પ્રતિદિન વધારતા રહીએ.

આપણું જીવન ઉપયોગી હશે અને જનતા પણ આપણી ઉપયોગિતાને સ્વીકારતી હશે તો આપણને આપણી જીવનયાત્રા માટે ભાથું તો ક્યાંકથી પણ મળી જશે. ઉપયોગી વ્યક્તિ જ્યાં જાય છે ત્યાં તેને તેની જીવનયાત્રા માટે માર્ગ મળી જાય છે. તેના માટે તેણે ચિંતા કરવાની જરૂર નથી. આપ આપની પાસેની કોઇ વસ્તુ બીજાને આપવા સદા ઉત્સુક રહેશો, તો બદલામાં આપને જીવનયાત્રામાં કાંઇ મળ્યું કે નહિ એની ચિંતા કરવાની  જરૂર નથી. આપ આપનું કર્મ કરે જાવ, જે કાંઇ પામો તેની સમાજને ભેટ ધરતા જાવ, આપને નિર્વાહ માટે ધન મળતું જશે. મહાત્મા ઇમર્સને કહ્યું છે કે "સંસારને ઉપયોગી મનુષ્યની એટલી જરૂર છે કે જો તે જંગલમાં તંબૂ તાણે તો લોકો જંગલ સુધી પાકો રસ્તો બનાવી આપશે." પછી પણ તેણે ઉદરપૂર્તિની ચિંતાથી પરેશાન થવું પડશે ?

લોકો કહેશે કે આ આપનો કોરો આદર્શવાદ છે. યર્થાથતાની કસોટી પર કસતાં આ વાત સાચી નથી નીવડતી. આ આક્ષેપ અમે સ્વીકારીએ છીએ અને માનીએ છીએ કે ઘણુંખરું સંસારનું ભલું કરનારાઓને ફાંસીએ લટકાવવામાં આવે છે અને ધૂર્તોનો આદર સત્કાર થાય છે. પહેલાંના જમાનામાં સુકરાત, ઇસુ, મહમ્મદ અને દયાનંદ જેવા સમાજ સુધારકો સાથે લોકોએ જેવો વ્યવહાર કર્યો તે તો આપણે જાણીએ છીએ, પરંતુ આજેય આપણે જોઇએ કે દુનિયાને ઠગનારા લોકો જ સંસારમાં એશઆરામ કરે છે, સત્યપ્રિય લોકોને ઊભા રહેવાની પણ જગ્યા મળતી નથી. જનતાને તેની લાચારીને કારણે લૂટનારા લોકો જ ભોગવિલાસમાં રાચે છે, પરંતુ રાતદિવસ તનતોડ મહેનત કરનારાનાં નસીબમાં કોળિયો અનાજ પણ હોતું નથી. લોકો કહે છે સૌ સૌનું નસીબ. અમે પૂછીએ છીએ કે શું વાસ્તવમાં સૌ સૌનું નસીબ છે કે ભાગ્ય અને ઇશ્વરની આડશમાં સમાજ છે ? પ્રામાણિક વ્યવસાયી કરતાં કેફી પદાર્થો વેચનાર એટલા માટે ધનધાન્ય સંપન્ન છે કે સમાજનું નૈતિક ધરાતલ અત્યંત નીચું છે, તે નાદાન છે અને લાભકારી વસ્તુઓ કરતાં નાશ કરનારી વસ્તુઓની વધુ કિંમત ચૂકવે છે. પોતાના અવિવેકને કારણે સમાજ જે દૂષિત વસ્તુઓમાં સુખ માને છે, તેની આ લોકો પૂર્તિ કરે છે. એટલે આ લોકો મજા લૂટે છે. સમાજને જો વ્યભિચાર-સુખ અને કેફી પદાર્થોની જરૂર ન રહે, તો સતી સ્ત્રીઓ, કંગાળ અને પ્રામાણિક વ્યવસાયીઓ ગરીબ ક્યારેય દેખાશે નહિ. ઉપયોગી વ્યક્તિ સુખી થાય છે. સૌના માટે આ સિદ્ધાંત અક્ષરશઃ સાચો ઠરે છે. પ્રશ્ન કેવળ એ છે કે સમાજ ઉપયોગિતાનો શો અર્થ કરે છે ? સમાજ જેને વધુ ઉપયોગી સમજે છે, તેને ધનધાન્યથી સંપન્ન કરી દે છે.

આજે આપણી દષ્ટિએ ચેતન કરતાં જડની કિંમત વધુ છે. આપણે આધ્યાત્મિક સુખ કરતાં ભૌતિક સુખને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વધુ મહત્ત્વ આપીએ છીએ અને આધ્યાત્મિક પુરુષાર્થ કરનાર વ્યક્તિ કરતાં ભૌતિક ઐશ્વર્ય ભોગવનારને વધુ સન્માન આપીએ છીએ. આ જ કારણે ભૌતિક સુખ - સગવડો ઊભી કરનાર લોકોની આર્થિક, સામાજિક અને રાજનૈતિક સ્થિતિ, અધ્યાત્મ પુરુષાર્થીઓ કરતાં વધુ સારી હોય છે. આથી જો સમૃદ્ધિવાન કરતાં આત્મપુરુષાર્થીને ઓછું સન્માન મળે છે એમાં ભૂલ સમાજની છે. તેનાથી આત્મપુરુષાર્થની ઉપયોગિતા ઓછી થતી નથી. તેની અવહેલના સમાજની અજ્ઞાનતાનો પરિચય આપે છે. તેથી કેવળ ઉપયોગી બનવાથી જ કામ ચાલશે નહિ. આપે એ પણ જોવું પડશે કે સમાજનું નૈતિક ધરાતલ ઊંચુ ઊઠે છે અને સમાજ આપની ઉપયોગિતા સ્વીકારે છે. આપ સમાજને જે કાંઇ આપો તે સ્વીકારવાની યોગ્યતા સમાજમાં હોય તો જ સમાજ આપનું સન્માન કરશે. આથી સમાજનું નૈતિક ધરાતલ ઊંચુ લાવવાનો પ્રયત્ન કરવો પણ જરૂરી છે.

સમાજનું નૈતિક ધરાતલ ઊંચું હોય, તો ઉપયોગી બનવું એ જ સાચું ધનવાન હોવાપણું છે. ઉપયોગિતા એક એવી હૂંડી છે, જે સર્વત્ર વટાવી શકાય છે. પ્રાચીનકાળમાં બ્રાહ્મણો એટલા ઉપયોગી હતા કે તે રાજદરબારમાં દાખલ થતાંવેત રાજા ઊભો થઇને તેમને પ્રણામ કરતો હતો. બ્રાહ્મણો ખુલ્લા પગે યાત્રા કરતા હતા, પણ આપણે એમ કહી શકીએ કે તેને ધનધાન્યની કમી હતી. રાજા તેને ધનધાન્ય સ્વીકારવાની વિનંતી કરતો હતો, પરંતુ તેઓ તે સ્વીકારતા ન હતા. તેઓ સાક્ષાત ભૂદેવ હતા. તેઓ જ્યાં જતા ત્યાં તેમને લક્ષ્મી મળતી હતી. પછી તે સાથે લઇલઇને ફરવાની મૂર્ખામી શું કામ કરે ? આમ આપણે જોઇએ છીએ કે સારા સમાજમાં આપણી સેવાશક્તિ અને આપણી ઉપયોગિતા જ આપણું સાચું ધન છે. વર્તમાનમાં, આપણે આપણી સેવાઓના મૂલ્યની ચિંતા ન કરતાં ફક્ત ઉપયોગિતાના આધારે જ કાર્ય કરતા રહીએ. દુર્ભાગ્યવશ આજે આપણે સાચા અર્થમાં ધનિક હોવાનું ભૂલી ગયા છીએ. આજે આપણે ધનને આપણા સાચા પુરુષાર્થ અને યોગ્યતાનો માપદંડ કહી શકતા નથી. આજે આપણે આપણી યોગ્યતાને કારણે નહિ, પરંતુ લોકોને દુઃખ દેવાને કારણે કે નકલી માલ આપી શકવાને કારણે ધનવાન બનીએ છીએ. જે ઓફિસરથી લોકોને વધુ હેરાનગતિ થઈ શકે તે ધનવાન બની જાય છે. વેપારી પણ જનતાને કષ્ટ આપીને જ ધનવાન બને છે. એક સમૃદ્ધ વેપારી સમગ્ર દેશનું મીઠું ખરીદી લે છે અને જ્યારે મીઠાની તંગીને કારણે ભાવ ઊંચકાય છે ત્યારે વેચી નાખે છે, તો બીજો વેપારી ઘીમાં બટાટા કે વનસ્પતિ ઘીની ભેળસેળ કરીને લાખો કમાઈ લે છે. આ રીતે ઉપયોગી બનવાને બદલે જનતાના ત્રાસરૂપ બનીને લોકો ધનવાન બને છે. જ્યારે લોકો પોતાની સેવાશક્તિને પોતાની અમૂલ્ય સંપત્તિ માને, એવો દિવસ ઈશ્વર જલદી લાવે. સમાજમાં ઉપયોગી બનવા માટે આપણે આદર્શવાદી અને સિદ્ધાંતવાદી વિચારધારાની સત્યતા પ્રમાણિત કરવી પડશે.

પ્રત્યેક મનુષ્યને એ સિદ્ધ કરીને બતાવવું પડશે કે આદર્શ અને સિદ્ધાંતો પર આધારિત જીવન શક્ય છે અને એવું જીવન જીવવામાં મનુષ્યને હાનિ નહિ, લાભ જ થાય છે. ઋષિઓનું સદ્‌ચિંતન જનમાનસમાં સ્થાયી રૂપે રેડી દેવાથી જ મનુષ્ય ભૌતિક ઉપલબ્ધિઓની અધૂરપ હોવા છતાં પણ આધ્યાત્મિક જીવન જીવવા માટે તૈયાર રહેશે. મોટા મોટા મહેલોમાં રહેનારાઓ પણ નિર્ધન ફકીરના પગે પડીને દયાની ભીખ માગે છે. આનાથી સિદ્ધ થાય છે કે મનુષ્યની મહાનતા બાહ્ય નહિ, આંતરિક છે. આંતરિક શ્રેષ્ઠતાના આધારે જ તેની ઉપયોગિતા પ્રમાણિત થાય છે. ભૌતિક સંપત્તિ તુચ્છ છે, થોડો સમય મહાનતા કે મોટપ બતાવીને નષ્ટ થઇ જાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વ્યક્તિગત જીવનની સમસ્યાઓનું સમાધાન-૧

આજે વ્યક્તિ સમસ્યાઓની જાળમાં દિન પ્રતિદિન જકડાતી રહી છે. શું ધનવાન કે શું નિર્ધન, શું વિદ્વાન કે શું અશિક્ષિત, શું રોગી કે શું તંદુરસ્ત બધા જ સ્તરના મનુષ્યો પોતાને અભાવગ્રસ્ત અને સંકટગ્રસ્ત સ્થિતિમાં ફસાયેલા અનુભવે છે. ભૂખ્યા માણસની પેટપીડા એક પ્રકારની અને અતિભોગીની પેટપીડા બીજા પ્રકારની, પણ બન્ને સમાનરૂપે કષ્ટપીડિત તો છે જ.

ભૌતિક દષ્ટિએ વિજ્ઞાને મનુષ્ય માટે અનેક પ્રકારનાં સાધન-સગવડો ઉપલબ્ધ કરાવ્યાં છે. આજથી થોડાક સૈકાઓ પહેલાં લોકો કોઈ લાંબી યાત્રા પર નીકળતા ત્યારે એમ માનીને ચાલતા કે યાત્રામાંથી પાછા ફરી કુટુંબીજનોને જોઇ કે મળી શકીશું કે કેમ એની કોને ખબર. એથી યાત્રાએ જતી વખતે કુટુંબની વ્યવસ્થા એ પ્રકારે ગોઠવીને જતા જાણે હવે તેમની પોતાની જરૂર રહેવાની નથી, પરંતુ હવે તો મનુષ્ય ચંદ્રમાની યાત્રા કરીને થોડા જ દિવસોમાં ક્ષેમકુશળ પાછો ફરવામાં સમર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રાચીનકાળની તુલનામાં આજે સાધન-સગવડોમાં આકાશ-પાતાળ જેટલું અંતર પડી ગયું છે. કોઈ આ બાબતનો ઈન્કાર નહિ કરી શકે.

સાધનોનો વિકાસ થવાથી અને સુવિધા-સગવડો વધવાથી એમ બનવું જોઇતું હતું કે મનુષ્ય તેથી સુખી રહે, પરંતુ આપણે જોઇએ છીએ કે પહેલાં કરતાં મનુષ્ય વધુ દુઃખી અને સંકટગ્રસ્ત બની ગયો છે. ચારે બાજુથી સમસ્યાઓની જાળમાં તે જકડાઇ ગયો છે. વ્યક્તિગત અને સામાજિક જીવન તેમજ સંસારના બધા જ ક્ષેત્રોમાં સમસ્યાઓજ સમસ્યાઓ વિખરાયેલી પડી છે. વિભિન્ન વર્ગની, વિવિધ સ્તરની વ્યક્તિઓની સમસ્યાઓ ભિન્ન-ભિન્ન હોઈ શકે છે. એકબીજા સાથે કોઈ રીતે તે સંબંધિત ન પણ હોય, પરંતુ તેના મૂળમાં જોઇએ તો એક જ કારણ જણાશે અને તે છે - અનાત્મવાદી દષ્ટિકોણ.

પ્રકાશની અનુપસ્થિતિ એટલે જ અંધકાર. જ્યારે પ્રકાશ લુપ્ત થઈ જાય છે ત્યારે અંધકાર આવી જાય છે અને જ્યારે પ્રકાશ ઝળહળવા લાગે છે ત્યારે અંધકાર ગાયબ થઈ જાય છે. આજે સાધન-સગવડોની દષ્ટિએ પર્યાપ્ત પ્રગતિ થઈ છે, પરંતુ જેના આધારે સુખ-શાંતિપૂર્ણ જીવન વ્યતીત કરી શકાય તે દષ્ટિકોણનો અભાવ જ સમસ્યાઓનું કારણ બની રહ્યો છે. અંધકારને દૂર કરવા માટે કેટલાય સાધનો કામે લગાડવામાં આવે, કેટલીય તૈયારીઓ કરવામાં આવે પરંતુ જ્યાં સુધી પ્રકાશ પ્રજ્જવલિત કરવાનો પ્રયત્ન કરવામાં ન આવે ત્યાં સુધી અંધકાર જામેલો જ રહેશે. કેટલાંય સાધનો એકત્રિત કરવામાં આવે, કેટલીય સગવડો વધારવામાં આવે પરંતુ આત્મવાદી દષ્ટિકોણને નેસ્તનાબૂદ કરવાને માટે જ્યાં સુધી અધ્યાત્મની જ્યોતિ પ્રગટાવવામાં નહિ આવે ત્યાં સુધી આ બધા પ્રયાસો વ્યર્થ બની રહેશે.

મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમય પૂરતા અને છૂટાછવાયા ઉપાયો તો અનેક રીતે મળી રહે, પરંતુ નક્કર નિરાકરણ તો અધ્યાત્મના સહારે જ થઈ શકે. સડેલ કીચડમાં ખદબદતા કીડા પેદા થાય છે અને ગંદકીના ઢગલામાં માખીની ઉત્પત્તિ થાય છે. દરેક કીડા કે મચ્છરને મારવા માટે લાકડી લઈને ફરવું નકામું છે. તેમને મારી નાંખ્યા પછી પણ તે ફરી પેદા થવાના છે. આધાર હશે તો ઉત્પત્તિનો ક્રમ અટકવાનો નથી. આ કીડાઓથી છુટકારાનો એક જ ઉપાય છે કે કીચડ અને ગંદકીને સાફ કરવામાં આવે.

પરમાત્માએ પોતાના માનવપુત્રોને આ વિશ્વ ઉદ્યાનમાં ઘણું પામવા-કમાવા માટે મોકલ્યા છે. સમસ્યાઓ તેમની ભૂલોથી સચેત કરનાર લાલબત્તી જેવી છે. જો આપણે માનવોચિત દષ્ટિકોણ અપનાવીએ અને શાલીનતાભર્યું જીવન જીવીએ તો અવરોધ સામે ઝઝૂમીને શક્તિ નષ્ટ કરવાની સમસ્યા રહેશે નહિ અને ત્યારે પ્રગતિના પંથે એકધારી ગતિથી આગળ ધપતા પૂર્ણતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું એ જ પોતાનું એકમાત્ર કાર્ય રહી જશે. આવો, વિચાર કરીએ કે આપણા વ્યકિતગત જીવનમાં અવારનવાર કઈ કઈ સમસ્યાઓ ત્રાસ આપે છે, કેમ ઉત્પન્ન થાય છે અને તેનું કાયમી સમાધાન શું હોઈ શકે ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યના વ્યક્તિગત જીવનની તમામ સમસ્યાઓ આ પાંચ વર્ગો હેઠળ આવે છે (૧) શારીરિક (૨) માનસિક (૩) આર્થિક (૪) પારિવારિક અને (૫) આત્મિક.

**સ્વાસ્થ્ય સમસ્યા**

સર્વપ્રથમ સમસ્યા સ્વાસ્થ્ય સંકટ છે. આપણામાંથી મોટાભાગના લોકોને શારીરિક દુર્બળતા ઘેરી રહે છે અને માંદગીનો સિલસિલો ચાલુ રહે છે. વિચારવા જેવું એ છે કે આવું કેમ બને છે. સૃષ્ટિમાં અસંખ્ય પ્રાણીઓ છે. તેઓ જન્મે છે અને મરે છે પણ કોઈ બીમાર પડતું નથી. મનુષ્ય અને તેના સંકજામાં સપડાયેલાં થોડાં પાળેલાં પશુઓને બાદ કરતાં સ્વચ્છંદ નિર્વાહ કરનાર જીવજંતુઓમાંથી કોઈને દુર્બળતા કે બીમારીની વ્યથા સહેવી પડતી નથી. વૃદ્ધત્વ અને મૃત્યુનો સામનો તો સૌએ કરવો પડે છે. પરંતુ જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી સમગ્ર પ્રાણીજગત નીરોગી રહી જીવે છે. એકલા મનુષ્ય પર દુર્બળતા અને માંદગીની ઘટાઓ છવાયેલી રહે છે. આ અપવાદનું એક જ કારણ છે - તેમનો આહાર-વિહાર સંબંધી અસંયમ, પ્રકૃતિના નિર્દેશોનું ધૃષ્ટતાપૂર્વક ઉલ્લંઘન.

**જીભની સ્વાદ-લોલુપતા**

સ્વાદના નામે સમય-કસમયે અભક્ષ્ય પદાર્થોને જરૂર કરતાં વધારે પેટમાં નાંખ્યા કરવાથી પેટની ક્ષમતા નાશ પામે છે અને તે બિચારું અત્યાચારથી પીડિત દીન-દુર્બળની જેમ પોતાનું કાર્ય કરવામાં અસમર્થ બને છે. પેટનો અપચો હજાર બીમારી નોતરે છે, આ તથ્ય સર્વવિદિત છે. હકીમ લુકમાને સાચું જ કહ્યું છે કે મનુષ્ય પોતાના કસમયે મરવા અને કબરમાં દટાવા માટે પોતાની ઘોર પોતે જ ખોદે છે. ઇન્દ્રિયોના અસંયમથી તે પોતાના શક્તિના ભંડારને હોળીની જેમ સળગાવે છે અને બરફની જેમ પોતાના પૌરુષને ઓગાળીને ખતમ કરે છે. અસ્ત-વ્યસ્ત દિનચર્યા, આળસ, પ્રમાદ, ગંદકી જેવા દુર્ગુણો અપનાવનાર, પ્રકૃતિની પ્રેરણાઓ અને નિયત મર્યાદાઓનું ઉલ્લંઘન કરનાર નિયતિની દંડ વ્યવસ્થાથી બચી શકશે નહિ. તેમણે માંદગીની પીડા સહેવી પડશે.

આનું નિવારણ દવાદારૂની જાદૂગરીથી થઈ શકશે નહિ. જો અસંયમી જીવન જીવવા છતાં પણ દવાદારૂને સહારે સ્વાસ્થ્યની રક્ષા શક્ય હોત તો અમીરોએ અને ચિકિત્સકોએ આજ સુધીમાં હાથી જેવી તબિયત બનાવી લીધી હોત. પ્રકૃતિની ઉપેક્ષા કરનાર ઉદ્ધત અપરાધી ક્ષમ્ય નથી બનતા અને અવારનવાર બીમારીથી કણસતા રહે છે. રોગીનો ઉપચાર કરવા માટે ઔષધિની સાથોસાથ ચરી પાળવી પણ આવશ્યક છે. શરૂઆતથી જ જ્યારે તે બહુ રોગી હોય ત્યારે તો પરિચારક કે ઘરના અન્ય સભ્ય તેની ખાણીપીણી પર નિયંત્રણ રાખી શકે છે, પરંતુ જરાક સ્વસ્થ થતાં જ તે નિયંત્રણ તેણે પોતે જ કરવાનું રહે છે. સ્વાદલોલુપતાને કારણે જો તે જરા જેટલી પણ શિથિલતા, અસાવધાની કે અસંયમ દાખવે તો રોગ ફરીથી પોતાના ભયંકર રૂપમાં ઊભો થઈ શકે છે. અર્થાત્ ફક્ત સ્વસ્થ રહેવા માટે જ નહિ, પરંતુ રોગમુક્ત થવા માટે પણ સંયમનો આધાર લેવો પડે છે. પોતાનું હિત-અહિત પોતે જ વિચારવું પડે છે. આ વિવેક અધ્યાત્મનું જ એક અંગ છે. જો આપણને સાચે જ સ્વાસ્થ્યની સ્થિરતાની ઇચ્છા હોય તો તેનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક જીવન છે. આહાર-વિહારના સંયમનું સખ્તાઈથી પાલન કરવા સિવાય કોઈ ઉપાયથી તંદુરસ્તીની રક્ષાની સમસ્યા હલ થઈ શકતી નથી.

કહેવાની જરૂર નથી કે ઇન્દ્રિય લોલુપતાથી છુટકારો મેળવવો, સુવ્યવસ્થિત જીવનક્રમ અપનાવવો, તે શારીરિક ક્ષેત્રમાં પ્રયુક્ત થનારી આધ્યાત્મિક પ્રક્રિયા જ છે. આત્મસંયમ અને આત્માનુશાસનનું નામ જ અધ્યાત્મ છે. તેનો પ્રયોગ જો વિવેકશીલતા અને દૂરંદેશીપણું અપનાવીને સ્વાસ્થ્ય પ્રયોજન માટે કરવામાં આવતો રહે તો આપણામાંથી કોઈને પણ દુર્બળતા ઘેરી વળશે નહિ કે માંદગી આવશે નહિ. હજાર વર્ષો બાદ જ્યારે પણ સ્વાસ્થ્ય સંકટ મિટાવવાનું આવશ્યક જણાશે અને તેનું સ્થિર સમાધાન શોધવામાં આવશે તો એ જ નિર્ણય પર પહોંચવું પડશે કે જીવનચર્યાનું નિર્ધારણ અધ્યાત્મવાદી દષ્ટિકોણથી કરવામાં આવે અને શારીરિક સંપદાનો ઉપયોગ કરવામાં પ્રકૃતિના નિર્દેશોનું પાલન કરવા માટે સખ્તાઈપૂર્વક સંયમથી વર્તવામાં આવે. જે દિવસે આ સત્ય આત્મસાત્ કરી લેવામાં આવશે અને તેને વ્યવહારિક જીવનમાં ઉતારવામાં આવશે તે દિવસે સ્વાસ્થ્ય સંકટનો અંધકાર ક્યાંય પણ દેખાશે નહિ. **(ક્રમશઃ)**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સેવા ધર્મનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ

વ્યાપ્ત સમસ્યાઓના સમાધાનનો એકમાત્ર ઉપાય તેના મૂળ કારણને જ હટાવી દેવું છે. સ્વરૂપ કંઈક જુદું હોય છે અને કારણ કંઈક બીજું એવું જોવા મળે છે. એ જ રીતે વિભિન્ન સમસ્યાઓનું કારણ આપણા ચિંતનમાં રહેલી વિકૃતિઓ, દૃષ્ટિકોણમાં આવેલ પતન અને વિચારોમાં આવેલ વિસંગતિઓ છે. વ્યક્તિગત સમસ્યાઓનું સામૂહિક રૂપ જ સામાજિક સમસ્યાઓ છે અને એક પ્રકારના ચિંતન-દૃષ્ટિકોણને જ લોકમાનસના પ્રવાહની દિશા કહી શકાય છે. ચિંતન અને દૃષ્ટિકોણને પરિષ્કૃત કરી શકાય તો બાહ્ય જીવનમાં પણ સુખદ પરિવર્તન કરી શકાય છે. આ જ સ્થિતિ લોકમાનસના પ્રવાહની છે. તેને જેવી દિશા આપવામાં આવશે, તે સ્તરનું સામાજિક પરિવર્તન દેખાવા લાગશે.

મનુષ્યની આસ્થાઓ, તેની ભાવનાઓ અને તેની માન્યતાઓ જ તેની નિયંત્રણકર્તા શક્તિઓ છે. તેના વિચારો જ તેનું મર્મસ્થાન છે, તેની આસ્થા તેના પ્રાણ છે અને તેમને પ્રભાવિત કરીને જ મનુષ્ય તથા સમાજને અપેક્ષિત દિશા આપી શકાય છે. પ્રાચીનકાળથી આજ સુધીના ઈતિહાસ પર નજર નાખતાં આ પ્રકારનાં ઢગલો દૃષ્ટાંતો મળી આવશે, જેમાં આ મર્મસ્થળોને સ્પર્શીને વ્યક્તિના જીવનની દિશા બદલી નાંખી હોય.

પૌરાણિક સાહિત્યમાં નારદજી તો જાણે લોકોની જીવનદિશા બદલવાનું જ પ્રતીક છે. હિરણ્યકશિપુ અસુર રાજા હતા. તેમના કારણે સમગ્ર રાજ્યની જનતા ભયભીત હતી અને તેના હુકમ માનવા લાચાર હતી. નારદજીએ હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્‌લાદને જ પોતાના પિતાના અનુચિત કાર્યોનું સમર્થન ન કરવા તથા સ્વતંત્ર વિવેકથી કાર્ય કરવા માટે તૈયાર કર્યો. પ્રહ્‌લાદના વિરોધ અને અસહયોગે જ આતતાયી હિરણ્યકશિપુના અત્યાચારોનો ઉચ્છેદ કર્યો એ સર્વવિદિત છે.

ધ્રુવને તેની સાવકી માએ તેમના પિતાની ગોદમાંથી નીચે ઉતારી દીધો હતો. આથી ખિન્ન અને નિરાશ થયેલા ધ્રુવ પોતાની બાળકબુદ્ધિ પ્રમાણે બદલો લેવાની વાત મનમાં વિચારી રહ્યો હતો કે નારદજીએ તેને સંસારના પિતા પરમપિતા પરમાત્માની ગોદમાં બેસવાની દિશા ચીંધી. આ રીતે ધ્રુવ વધુમાં વધુ પોતાના પિતાનો ઉત્તરાધિકારી જ બની શકત, પરંતુ દેવર્ષિ નારદજીએ તેને અમૃતત્વ પ્રાપ્ત કરવાની દિશા બતાવી. આને ધ્રુવના મર્મસ્થાનને સ્પર્શીને તેના જીવનનો કાયાકલ્પ જ કહી શકાય.

વાલ્મીકિ જ્યારે ડાકુ હતા ત્યારે તેમના ઉત્પાતોને રોકવાના બધા પ્રયાસો નિષ્ફળ ગયા. તેમનું દમન સંભવિત બન્યું નહિ કે તેનાથી ત્રસ્ત વ્યક્તિઓની પીડા મરી નહિ. નારદજીએ જ વાલ્મીકિને સમજાવીને તેમની આસ્થા બદલાવી નરપશુમાંથી નરરત્ન બનાવી દીધા. આ એ જ વાલ્મીકિ હતા જે પોતાના પૂર્વજીવનમાં હજારો વ્યક્તિઓનો વધ નિર્ભયતાથી કરી ચૂક્યા હતા, તે એટલા કરુણાર્દ્ર બની ગયા કે એક પક્ષીનું વીંધાવું પણ જોઈ શક્યા નહિ.

આ જ રીતે અંગુલિમાલ અને આમ્રપાલીના જીવનમાં પણ ક્રાન્તિકારી પરિવર્તન આવ્યું. અંગુલિમાલ પણ ભયંકર દાનવ હતો. ગૌતમ બુદ્ધે તેની આસ્થામાં પરિવર્તન લાવીને તેને મહાભિક્ષુ, મહાન સંત બનાવી દીધો. આમ્રપાલી એક વેશ્યા હતી અને જીવનભર લોકોને વાસનાના પાપપંકમાં રગદોળવાનું કાર્ય કરતી રહી, પરંતુ બુદ્ધ સાથેના ક્ષણભરના વાર્તાલાપે તેને શ્રેષ્ઠ સાધ્વી બનાવી દીધી. કહેવાય છે કે આમ્રપાલી બૌદ્ધધર્મનો પ્રચાર કરનાર સર્વપ્રથમ મહિલા હતી. તે પહેલાં મહિલાઓને ભિક્ષુસંઘમાં સામેલ જ કરવામાં આવતી નહોતી.

વિચાર અને શિક્ષણ દ્વારા એવાં વ્યક્તિત્વ પણ તૈયાર કરવામાં આવ્યાં છે, જેમણે પોતાની પ્રતિભા અને યોગ્યતાના બળે સમાજમાંથી પતનનાં કારણો દૂર કર્યાં. ૧૯મી શતાબ્દીમાં ભારતીય સમાજ ધાર્મિક દૃષ્ટિએ બહુ મૂઢ, સંકુચિત અને અંધવિશ્વાસુ હતો. આ વિડંબનાની અસર જીવનના અન્ય પાસાંઓ પર પણ પડતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફળસ્વરૂપે ભારતીય સમાજ આસ્થાઓ અને ક્રિયાકલાપોની દષ્ટિએ દીન-હીન, દરિદ્ર અને નિષ્ક્રિય બની ગયો હતો. આ સ્થિતિ જોઇને સ્વામી રામકૃષ્ણ પરમહંસ રોયા કરતા. તેમણે સ્વામી વિવેકાનંદને એ દષ્ટિએ તૈયાર કરવાનું શરૂ કર્યું. સ્વામી વિવેકાનંદ પૂર્વજીવનમાં પ્રતિભાશાળી, પરંતુ બેકાર યુવાન હતા. સ્વામી રામકૃષ્ણના શિક્ષણે તેમની જીવન દિશા જ બદલી નાંખી અને તેમણે ધાર્મિક તથા સામાજિક પુનર્જાગરણનો એવો શંખનાદ કર્યો કે તેનો પડઘો વિદેશોમાં પણ સંભળાયો. રામકૃષ્ણ મિશનના રૂપમાં સ્વામી વિવેકાનંદે એવી સેવા પ્રક્રિયા આરંભી જે આજ સુધી ચાલુ છે.

આ રીતે ભારતીય સમાજનું પુનર્જાગરણ કરવા માટે તે જ યુગમાં પ્રજ્ઞાચક્ષુ સ્વામી વિરજાનંદજીએ સ્વામી દયાનંદને તૈયાર કર્યા. ત્યારે ભારતીય સમાજમાં હજારો દેવી-દેવતાઓ, ધર્મના નામે ઠગ-ધુતારા, ભૂત-પ્રેત, પીર, ઓલિયા વગેરેને જ ધર્મ સમજવામાં આવતો હતો. ધર્મના વાસ્તવિક અર્થોને લોકો ભૂલી રહ્યા હતા. ધર્મના વાસ્તવિક સ્વરૂપને આગળ લાવવા અને તે માધ્યમ દ્વારા વ્યક્તિનો ઉત્કર્ષ કરવા માટે સ્વામી દયાનંદે એક ધાર્મિક આંદોલનનો આરંભ કર્યો. તેના પરિણામે સમાજમાં એવી જાગૃતિ આવી કે લોકો સાચા ધર્મને અપનાવવા કટિબદ્ધ થવા લાગ્યા.

તે સમયે વિદેશી આક્રમણકારોના આક્રમણો વધી રહ્યાં હતા અને ભારતીય રાજાઓ અંદરોઅંદરની લડાઇમાંજ ડૂબેલા રહ્યા હતા. પૃથ્વીરાજ એક સમર્થ અને શક્તિશાળી રાજા હતા. તેમણે આક્રમણકારી મોહમ્મદ ઘોરીને પરાજિત કર્યો. આના પહેલાં તેને આક્રમણકારીનો સામનો કરવાનું સૂઝતું જ ન હતું અને તે અન્ય રાજાઓની જેમ વિલાસમાં મસ્ત રહેતા હતા. જ્યારે કવિ ચંદવરદાઇએ કેટલાંક પદો લખીને તેમના વિચારતંત્રને ઝણઝણાવી મૂક્યું ત્યારે પૃથ્વીરાજની જીવનદિશા બદલાઇ.

વિચારપોષણ અને મિશન દ્વારા જીવનદિશા વાળવા તથા ઐતિહાસિક ઉપલબ્ધિઓમાં આધાર ભૂમિકા નિભાવવા માટેનાં બીજાં પણ કેટલાંક ઉદાહરણો પણ છે. જેમણે બૌદ્ધધર્મને દિગ-દિગંતમાં પ્રસાર્યો તે હર્ષવર્ધન આરંભમાં રાજ્યસત્તાને કારણે ઉત્પન્ન થતી વિકૃતિઓથી જ ગ્રસ્ત હતા. તેના પ્રભાવ સ્વરૂપે રાજ્યની જનતામાં એ જ વિકૃતિઓ વધુ બિભત્સ રૂપે ફેલાઇ રહી હતી. તેમની બહેન રાજશ્રીએ હર્ષવર્ધનને સમજાવ્યા અને તેમના જીવનને નવી દિશા આપી. હર્ષવર્ધને તે દિશા અપનાવી. પરિણામે તેઓ બૌદ્ધ ધર્મના અગ્રણીપ્રચારકોમાંનાએકતરીકેગણનાપાત્રબન્યા.

સંસારમાં કેટલાય મહાપુરુષોએ નિરાકરણ અથવા સત્પ્રવૃત્તિઓની અભિવૃદ્ધિ કરવા યોગ્ય ક્ષમતાઓ વિકસિત કરી. મદાલસાએ વેદશાસ્ત્રોની પ્રગતિશીલ વ્યાખ્યા તથા જનસાધારણને ધર્મ-અધ્યાત્મનું સાચું સ્વરૂપ સમજાવવા માટે પોતાના પ્રત્યેક પુત્રને એ જ પ્રમાણે શિક્ષિત બનાવ્યા. ફળસ્વરૂપે મદાલસાનો પ્રત્યેક પુત્ર બ્રહ્મવેત્તા બન્યો અને તેમણે લોકમાનસમાં સત્પ્રવૃત્તિઓ, સદ્ભાવનાઓની અભિવૃદ્ધિ કરી.

મધ્યકાળની જનતા દીનહીન બની રહેવાનું એક કારણ રાજતંત્રની વિકૃતિઓ પણ હતી. શિવાજીની માતા જીજાબાઇએ જ્યારે લોકોની દીન દુર્દશા જોઇ તો તેમણે નિશ્ચય કર્યો કે તેઓ પોતાના પુત્રને એ રીતે પ્રશિક્ષિત કરશે કે તે ધર્મરાજ્યની સ્થાપના કરી શકે. શિવાજીના પિતા શાહજી એક મોગલ નવાબના ત્યાં નોકર હતા. શિવાજીની માતા જીજાબાઇ આ સહી ન શક્યાં કે તેમના પતિની જેમ તેમનો પુત્ર પણ કોઇ

***નાનક વેપારીના પુત્ર હતા. કબીર અનાથ હતા. વણકરે તેમને ઉછેર્યા, તેઓ શિક્ષિત પણ ન હતા. નામદેવ અને રૈદાસ નાના પાયાનો વ્યવસાય કરીને જીવનનિર્વાહ ચલાવતા હતા, પરંતુ જ્ઞાનસાધના અને બીજાને જ્ઞાન આપવાને કારણે જ તેઓ શ્રેષ્ઠ સંત અને પૂજનીય બન્યા. જ્ઞાન પ્રાપ્ત કરવું અને જ્ઞાનનું દાન કરવું એ શ્રેષ્ઠતમ કાર્ય છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આતતાયીને ત્યાં માનહાનિભર્યું કામ કરે અને રોજીરોટી કમાવા સુધી જ પોતાના જીવનનું ધ્યેય સીમિત રાખે. તેથી તેમણે શિવાજીને એ રીતે પ્રશિક્ષણ આપવાનં શરૂ કર્યું કે તેમના હૃદયમાં દેશભક્તિની ભાવના ઠાંસીઠાંસીને ભરી અને આગળ જતાં તેમણે પોતાની જાતને માતૃભૂમિના સેવક અને સ્વતંત્રતા માટે મરી ફીટનાર વીર યોદ્ધા બનાવી દીધી.

વિનોબાજીના માતુશ્રીએ પોતાના ત્રણે પુત્રોને એ રીતે તૈયાર કર્યા કે વિનોબા પોતાના ત્રણે ભાઈઓ સહિત સમાજસેવાના કાર્યમાં જીવન સમર્પિત કરનાર મહાપુરુષ બની ગયા.

આવાં બીજા પણ ઢગલાબંધ ઉદાહરણો છે, જે વિચારપોષણ, આસ્થાનું નિર્માણ અને ભાવનાઓના શિક્ષણ દ્વારા જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન પ્રસ્તુત કરવાના સિદ્ધાંતને પ્રભાવિત કરે છે. આપણા દેશમાં પ્રાચીનકાળનાં ગુરુકુળો દ્વારા આ જ આવશ્યકતા પૂરી કરવામાં આવતી હતી. તેમનામાં સામાન્ય જીવન માટે ઉપયોગી જાણકારી-માહિતી, શિક્ષણના સ્વરૂપે તો અપાતી જ હતી. જીવનની દિશાને નિર્ધારિત કરવા તથા તેને વધુ અગ્રેસર કરવાનો ઉપક્રમ પણ 'વિદ્યા' દ્વારા પૂરો કરવામાં આવતો હતો.

અત્યારે વ્યક્તિની સમસ્યાઓ અને સંકટોનું નિવારણ શોધવા માટે એ જ કક્ષાનું વિચાર-પોષણ, શ્રદ્ધા-નિર્માણ અને માન્યતાઓના વિકાસની જરૂર છે. વિચાર-શક્તિના ઉપયોગ દ્વારા કેવળ વ્યક્તિઓના જીવનમાં પરિવર્તનો જ આવ્યા નથી, પરંતુ લોકમાનસના પ્રવાહની દિશા પણ બદલાઈ છે. ગત અઢી હજાર વર્ષોમાં આવી જ કેટલીય ધાર્મિક ક્રાન્તિઓ થઈ, જેને વિચારબળ દ્વારા સફળતા મળી. બૌદ્ધ ધર્મના અનુયાયી શરૂઆતમાં અલ્પ સંખ્યામાં હતા. તેમણે પ્રચાર દ્વારા બૌદ્ધ ધર્મનો ફેલાવો કર્યો. બુદ્ધના જીવનકાળમાં તેમના અનુયાયીઓની સંખ્યા તો બહુ જ ઓછી હતી. પરંતુ તેમના પછી બૌદ્ધ ભિક્ષુઓએ સંઘ બનાવીને એશિયાના બધા દેશોમાં પરિભ્રમણ કર્યું. પરિણામે એક હજાર વર્ષોમાં જ મોટાભાગની એશિયાઈ જનતા બૌદ્ધ બની ગઈ. કેટલાક સમય પહેલાં સુધી ચીન, તિબેટ, જાપાન, ઇન્ડોનેશિયા, જાવા, સુમાત્રા, બોર્નિયો, શ્રીલંકા વગેરે દેશો પૂર્ણતઃ બૌદ્ધ હતા. ભારતના એક વિશાળ ભાગમાં પણ બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો. આ ધાર્મિક વિજયનું શ્રેય બૌદ્ધદર્શન તથા તેની પ્રચાર પદ્ધતિને જ આપવું ઘટે. આ ધર્મ-પ્રવર્તનો દ્વારા લોકમાનસને એક નવી દિશા મળી એને તેમના વ્યક્તિત્વનું સ્તર ઊંચું ગયું.

આ પ્રકારની વિચારક્રાન્તિ ખ્રિસ્તી ધર્મના પ્રચારકોએ પણ કરી છે. આજે દુનિયામાં લગભગ બે અબજ ખ્રિસ્તીઓ છે. બે અબજ એટલે વિશ્વની વસ્તીનો એક તૃતીયાંશ હિસ્સો. ઈશુ ખ્રિસ્તના જીવનકાળમાં કુલ ૧૨ વ્યક્તિઓ તેમની શિષ્ય બની શકી. કેટલાક સૈકામાં ખ્રિસ્તી ધર્મમાં આશરે સો વ્યક્તિ દીક્ષિત થઈ, પરંતુ તે પછી સંત પોલે ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવા માટે એવું પ્રચારતંત્ર ઊભું કર્યું કે ગત ચારસો પાંચસો વર્ષોમાં જ જગતના ૧/૩ ભાગમાં ખ્રિસ્તી ધર્મ છવાઈ ગયો. આ પ્રચાર, મુઠ્ઠીના બળે નહિ વિચાર વિસ્તારના આધારે સંભવિત બની શક્યો.

***ઇન્દ્ર અને ચન્દ્રમાએ મળીને ગૌતમ ઋષિ તથા તેમના પત્ની અહલ્યા સાથે છળકપટ કર્યું. ચન્દ્રમાએ કૂકડો બનીને છડી પોકારી, સવાર થઇ ગયું એમ સમજી ઋષિ ગંગાસ્નાન કરવા માટે નીકળી પડ્યા. ઇન્દ્રે, ઋષિનો વેશ ધારણ કરીને અહલ્યાનું સતીત્વ ખંડિત કર્યું. ફળસ્વરૂપે બન્નેને શાપ લાગ્યો અને તેઓ સદા માટે કલંકિત બની ગયા.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપ પણ અવતાર બની શકો છો

આત્મા, પરમાત્માનો અમર પુત્ર છે અને સ્વેચ્છાએ પોતાના પિતાની લીલા-ભૂમિમાં વિહાર કરી રહ્યો છે તો તેને અવતારી કહેવામાં કોઈ વાંધો નથી. આ દષ્ટિએ દરેક મનુષ્ય એક અવતાર છે. જો આવું માનવામાં કોઈ હરકત હોય તો મહાન નેતાઓને અવતાર માનવામાં તો કોઈ વાંધો જ નથી. મનુષ્યોની લઘુતા કે મહત્તા તેમની આત્મિક યોગ્યતા પર આધારિત છે. જેમણે પરમાત્માનો જેટલો અધિક અંશ પોતાના આત્મામાં સમાવ્યો છે તે તેટલો શ્રેષ્ઠ છે, પૂજનીય છે, કેમ કે તેનામાં પરમાત્માની કલાઓ વધારે છે. હિન્દુ ધર્મના અવતારોની કલાઓનો પણ ઉલ્લેખ છે. પરશુરામમાં ચાર, શ્રીરામમાં બાર અને શ્રીકૃષ્ણમાં સોળ કલાઓ દર્શાવવામાં આવે છે. તેનું તાત્પર્ય એ છે કે આ લોકો પરસ્પર એકબીજાથી નાના-મોટા પણ હતા. કલાઓનું વત્તાઓછાપણું સિદ્ધ કરે છે કે આ લોકો પરિપૂર્ણ પરમાત્મા ન હતા, તેમનામાં કશીક ન્યૂનતા હોય છે.

સર્વવ્યાપક પરમાત્મા જો એક જ સ્થાન પર એકત્રિત થઈ જાય તો તેમના સર્વવ્યાપીપણામાં દોષ આવે છે. જે રીતે અગ્નિતત્ત્વ સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત છે અને પ્રસંગોપાત તે ચિનગારી, દીપકની તડ-તડ કે ધૂ ધૂ બળતી પ્રચંડ અગ્નિશિખાના રૂપમાં પ્રગટ થતું રહે છે, આમ પણ પરમાત્માના અંશરૂપ જીવ પોતાના પિતાની કલાઓ લઈને જરૂર મુજબ પ્રગટ થાય છે. જ્યારે શિયાળાની ઋતુ આવે છે ત્યારે ગામોમાં ઝૂંપડીની આગળ તાપણી સળગતી નજર આવે છે. વધતી જતી ઠંડીથી સૃષ્ટિની રક્ષા કરવા માટે શિયાળાના દિવસોમાં થોડી થોડી કલાઓના અસંખ્ય અગ્નિ અવતાર પ્રતિદિન પ્રગટ થાય છે. અંધારિયા (કૃષ્ણ પક્ષ)માં દીપકોનો અવતાર વૃદ્ધિ પામે છે. પરંતુ ગરમી પડતાં જ અગ્નિની અને અજવાળિયાના પક્ષમાં શુકલ પક્ષમાં દીપકોની આવશ્યકતા ઘટી જાય છે. એટલા માટે તેમના અવતાર પણ ઓછા થઈ જાય છે. જ્યારે લોખંડનો એક મોટો જથ્થો ગાળવાનો હોય છે, તો સેંકડો મણ કોલસાની એક મોટી ભઠ્ઠી જલાવવી પડે છે. તે જ રીતે મહાન કાર્યો પૂરા કરવા માટે પરમાત્માની અધિક કલાઓ લઈને કેટલાક દિવ્ય આત્માઓ અવતીર્ણ થાય છે. પરમાત્મા પોતાની સૃષ્ટિનું સમતોલન યોગ્ય રાખવા માગે છે તેટલા માટે સમયે સમયે અલગ અલગ પ્રકારના અવતારને મોકલે છે. તેમનાં કાર્યો જો કે એકબીજાથી ભિન્ન જણાય છે, પરંતુ વાસ્તવમાં તે બધા એક જ વસ્તુનાં કેટલાંય રૂપો છે, જે સ્થૂળ દષ્ટિએ જોતાં સારી રીતે સમજાતાં નથી. ઋતુઓનું પરિવર્તન ઠંડી, ગરમી અને વર્ષાનું એકબીજાથી વિપરીત સ્વરૂપ જોઈને મૂર્ખ લોકો આ મૂંઝવણમાં પડી જાય છે કે આવું વિપરીત આચરણ કેમ થાય છે ? સૂક્ષ્મ દષ્ટિએ જોતાં આ વિપરીત કાર્ય કેવળ સમયની આવશ્યકતાને પૂરી કરવા માટે જ હોય છે અને જ્યારે તેમનું કાર્ય સમાપ્ત થઈ જાય છે તો અંતર્ધાન થઈને બીજા રૂપમાં પ્રગટ થાય છે. અવતારોનું કાર્ય એકબીજાથી વિપરીત હોય છે. ભગવાન બુદ્ધ અને

***ઇન્દ્રએ વજ્ર બનાવવા માટે ઋષિ દધીચિ પાસે તેમના હાડકાંની માંગણી કરી. ઋષિએ તે સહર્ષ સ્વીકારી અને લોકહિતાર્થે શરીર છોડતાં જરા પણ ખચકાટ ન અનુભવ્યો. મહાપુરુષો પોતાનું સર્વસ્વ સમાજ માટે જ અર્પણ કરે છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવતારી શંકરાચાર્યના સિદ્ધાંતમાં પૂરેપૂરો વિરોધ છે. જેવો માઘની ઠંડી અને વૈશાખની ગરમીમાં હોય એવો વિરોધ છે. પરંતુ વાસ્તવમાં આ વિરોધ નથી, જ્યારે હિંસા, હત્યા અને પાખંડનું જોર હતું ત્યારે બુદ્ધે અવતાર લીધો. જ્યારે સંન્યાસ, અકર્મણ્યતા અને નાસ્તિકતા વધી ગઇ તો શંકરાચાર્યે પ્રગટ થવું પડ્યું. સૃષ્ટિનું સંતુલન બની રહેવું જરૂરી છે. કાપકૂપની કાતર હંમેશા માથે લટકતી રહે છે. આપણો માળી ખૂબ હોશિયાર છે. તે જરા પણ ઝાડઝાંખરા વધવા દેતો નથી. બગીચાની શોભા તેને અપેક્ષિત છે, એટલા માટે જરૂર પ્રમાણે ગોડ ફરવામાં, ખાતર નાખવામાં, પાણી સીંચવામાં, ઘાસ-તણખલાંને, નકામા ઝાડને ઉખાડવામાં તે જરા પણ વિલંબ કરતો નથી. પાપો વધતાં જ તે પોતાની ખુરપી-કોદાળી સંભાળે છે અને કાપીકૂપીને સમતોલન બરાબર કરી દે છે. આ પુનરુદ્ધાર, મરમ્મત પરિવર્તનને બોલચાલની ભાષામાં યુગપરિવર્તન અથવા ક્રાન્તિ કહે છે. જે કોદાળી દ્વારા આ કાર્યો સંપન્ન થાય છે તેને દુનિયા પૂજે છે કેમ કે એ અવતાર છે. અવતારની પૂજા થવી જ જોઇએ.

રામચંદ્રજી ઈશ્વરના વિશિષ્ટ અવતાર છે. જો ત્રેતાયુગમાં લોકોને આવો વિશ્વાસ હોત તો રામાયણની કથા બીજી જ રીતે લખાઇ હોત. શું કૈકેયી રામને વનવાસ અપાવત ? શું દશરથ પુત્ર શોકમાં મર્યા હોત ? શું રાવણ સીતાનું અપહરણ કરત ? વાલિ વિરોધ કરત ? રાક્ષસો યુદ્ધ કરત ? લંકાનો સર્વનાશ થાત ? ત્યારે આમાંની એકે બાબત તેમાં ન હોત. ઘરઘરમાં બિરાજમાન ભગવાન રાવણના હૃદયમાં જરાક પ્રેરણા મૂકી દેત. વાલ્મીકિની જેમ તે પણ સુધરી શકત. તો પછી આ બધી ઝંઝટ એકઠી કરવાની ક્યાં જરૂર હતી? પરંતુ એવું બન્યું નહિ. કોઇએ તેમને જાણ્યા નહિ. હનુમાન અને સુગ્રીવે વારંવાર પરીક્ષા કરી. હનુમાન બ્રાહ્મણનું રૂપ લઇને પહોંચ્યા, સુગ્રીવે તાડના સાત વૃક્ષોને જડમૂળથી કપાવીને પછી વિશ્વાસ કર્યો. જેમનો સંબંધ જન્મ-જન્માંતરોથી હતો, તેઓ પણ મૂંઝવણમાં પડ્યા તો અન્ય સાધારણ વ્યક્તિઓની તો વાત શી કરવી ?

મૂળ વાત તો એ છે કે જ્યાં સુધી અવતાર પોતાના ઉદ્દેશમાં સફળ ન થાય અથવા તેની આ લીલા સમાપ્ત ન થઇ જાય ત્યાં સુધી અવતારની વાત પ્રગટ નથી થઇ શકતી. **સુખાંત અવતારોને સફળતા મળ્યા બાદ પૂજવામાં આવે છે અને દુખાંત અવતારોને તેમના મૃત્યુ પછી.** રામને લંકાના વિજય પછી અવતાર સ્વરૂપ માનવામાં આવ્યા તો ઈશુ ખ્રિસ્તને ક્રોસ પર ચડાવ્યા પછી. જો ઈશુ ખ્રિસ્તને તેઓ જીવિત હતા ત્યારે અવતાર માની લેવામાં આવ્યા હોત તો શું તેમનો ખાસ શિષ્ય ફક્ત ૩૦ રૂપિયા માટે તેમને પકડાવી દઇને મરાવી નાખત ? અવતારનું મહત્ત્વ તેની ગોપનીયતામાં જ છે. જ્યાં સુધી એ ખબર ન પડે કે કોની હાર કે જીત થશે ત્યાં સુધી યુદ્ધ થાય છે. જો એ વાતની પાકી પ્રતીતિ થઈ જાય કે અમુક પક્ષની જ જીત થશે, તો બીજો પક્ષ તેનો વિરોધ નહિ કરે.

આધ્યાત્મિક તત્ત્વના આચાર્ય આ વાતને સારી રીતે જાણે છે કે પ્રભુની પ્રેરણાથી જે દિવ્ય આત્માઓ ભૂમિના ભારને હટાવીને તાત્કાલિક સંતુલન બરાબર કરવા માટે અવતાર લે છે, તેઓ અલૌકિક ચમત્કાર દેખાડતા નથી, પરંતુ પોતાની આત્મશક્તિનો પ્રચંડ પ્રયોગ કરીને અદૃશ્ય વાતાવરણને શુદ્ધ કરે છે. જાદુગરીના ખેલ દેખાડવાથી પાપી મનુષ્ય થોડાક તો

*પરિશ્રમ એ મનુષ્યની બહુ મોટી મૂડી છે. જ્ઞાનાર્જન, ધનાર્જન બધામાં શ્રમ કરવો પડે છે. શ્રમથી બચવાથી કે શ્રમ પ્રત્યે સન્માન ન રાખવાથી મનુષ્ય દીન-દરિદ્ર રહે છે.*

**જેની આશાઓ મરી જાય છે. તેમનો વિશ્વાસ પણ પાંગળો બની જાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવશ્ય ડરી જશે પરંતુ પોતાની ચાલ નહિ છોડે. તેઓ અવતારનો સામનો નહિ કરે અને નહિ ઘા મારવાનું છોડે. જેટલા અવતારો થયા છે તેમનું પોતાનું જીવન ખૂબ જ મુશ્કેલીઓથી ભરેલું છે. કૃષ્ણને જીવનભર યુદ્ધ, સંઘર્ષ, કલહ, અપમાન, વિદ્રોહ સહેવાં પડચાં અને અંતમાં પારધીના તીરનો મર્મઘાતક આઘાત સહન કરવો પડ્યો. રામે શાં શાં કષ્ટ નથી સહ્યાં ? ઈસા મસીહ અને મહમ્મદનાં જીવન આવાં જ વિઘ્નો અને અડચણોથી ભરેલાં છે. આ વાત એ પ્રગટ કરે છે કે અવતારોને તેમના જીવનકાળમાં લોકો જાણી શકતા નથી.

ઘણીવાર તો કેટલાય અવતારો સુધ્ધાંને પોતાની દિવ્ય દૃષ્ટિના અર્થની ખબર પડતી નથી અને જ્યારે તેમને અચાનક એ પ્રતીત થાય છે કે મારા થોડા જ પ્રયત્નોથી બહુ મોટી સફળતા મળી ગઈ તો તેમના આશ્ચર્યની સીમા રહેતી નથી. ત્યારે તેને પોતાની અંદર ભરેલી વિશેષ કલાઓનું જ્ઞાન થાય છે. રશિયાના ઉદ્ધારક લેનિન એક સાધારણ પ્રતિભાની વ્યક્તિ હતા. જ્યારે તેઓ પોતાના અજ્ઞાતવાસમાં પડચા પડચા મૃત્યુના દિવસો ગણી રહ્યા હતા ત્યારે અચાનક એ સમાચાર વાંચ્યા કે રશિયામાં રાજ્યક્રાન્તિ થઈ અને તેઓ જે સોનેરી સ્વપ્નાં જોયા કરતા હતા તે સ્વપ્ન અચાનક જ પૂરું થઈ ગયું. યુવરાજ ગૌતમ બુદ્ધ એક સામાન્ય ગૃહસ્થ હતા. તેમને ખબર ન હતી કે 'હું' સંસારના કલ્યાણને માટે આવ્યો છું. ભરયુવાનીમાં જે રાજમહેલોનો શાહી આનંદ લૂટી રહ્યા હતા તે ભાગ્યે જ એવું વિચારતા હોય કે મારે સંન્યાસી બનીને એક ઈશ્વરીય મહાન કાર્ય પૂરું કરવાનું છે.

**દરેક મનુષ્ય અવતારી છે. જો તે પોતાના અંગે વિચાર કરે અને પોતાના મહત્ત્વનો સમુચિત ઉપયોગ કરે, તો ઈશ્વર પોતાની ઈચ્છા પૂરી કરવાનું ઉત્તરદાયિત્વ તેને સોંપી શકે છે. અવતારોએ ઉઠાવવો પડે છે એ બોજ આપ ઉઠાવશો, તો આપ પણ અવતાર બની શકો છો.** ઈશ્વરની સભામાં પડકારનું બીડું પડચું છે અને તે પોતાના પુત્રોને પૂછી રહ્યો છે કે શું તમારામાંથી કોઈ અવતારની જવાબદારી ઊઠાવી શકે છે ? આપ આપનું હૃદય ઢંઢોળો અને જો સાહસ હોય, તો આગળ હાથ લંબાવો.

❖ ❖ ❖

*એક સાધુના સંબંધમાં માન્યતા હતી કે તે સોનું બનાવવાની વિદ્યા જાણે છે, પરંતુ એ તેની વિધિ ગુપ્ત રાખે છે. સોનું બનાવવાની વિદ્યા જાણવા માટે કેટલાય લોકો ભક્ત બનીને આવતા. સાધુ દરેકને એક જ વાત કહેતા કે દસ વર્ષ સાથે રહી મારી સેવા કરશો તો જ રહસ્ય બતાવવામાં આવશે. આ શરત પૂરી કરવા માટે કોઈ તૈયાર નહોતું થતું. બધા નિરાશ થઈને પાછા ફરતા.*

*એક વ્યક્તિ એવી આવી જે આ શરતનું પાલન કરવા માટે તૈયાર થઈ ગઈ અને સાધુ સાથે રહેવા લાગી. સત્સંગનો પ્રભાવ એવો પડ્યો કે તે સાચો અપરિગ્રહી સંત બની ગયો.*

*દસ વર્ષ પૂરાં થયાં તો સાધુએ તેને એકાંતમાં બોલાવ્યો અને સોનું બનાવવાની વિદ્યા શીખી લેવા માટે કહ્યું. અપરિગ્રહી શિષ્યે ઉત્તર આપ્યો - ''હવે હું પોતે જ સોનું બની ગયો છું, વ્યસનો અને સંકટોમાં ફસાવનાર સોનાને શું કરીશ ?''*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ❋ વસતિ વધારાનું ભયંકર દૃશ્ય તથા આપણા પ્રયાસો ❋

ભારતની વસતિ વધારાના ભયનું અનુમાન એવી રીતે લગાવી શકાય કે આખાય વિશ્વમાં જમીનના ૨.૪ ટકા ભાગ આપણા દેશનો છે. ભારતનો વસતિ વધારો વિશ્વની વસતિ વધારાના ૧૬ ટકા છે. એક સર્વેક્ષણ અનુસાર વધતી જનસંખ્યા માટે પ્રતિવર્ષ ૧ લાખ સત્તાવીશ હજાર નવી શાળાઓ તથા ત્રણ લાખ પંચોતેર હજાર નવા શિક્ષકોની જરૂર પડશે. તેમને રહેવા માટે પચીસ લાખ નવા મકાનો, ચાલીસ લાખ નવી નોકરીઓ, ૧૯ કરોડ મીટર કાપડ અને એક કરોડ પચીસ લાખ કિવંટલ અનાજની જરૂરિયાત રહેશે. ભારતીય જનગણના વિભાગ અનુસાર ભારતની વસતિ ૧૧ મે ૨૦૦૦ના રોજ ૧ અબજ થઈ ગઈ અને વિશ્વમાં ૬ માણસો દીઠ એક ભારતીય છે. આપણા કુદરતી અને કૃત્રિમ સાધનો વસતિ વધારાના પ્રમાણમાં ઓછા પડે છે, ઊણાં ઉતરે છે. ભારતના લોકોની સંખ્યા સોવિયેત સંઘ અને અમેરિકાના લોકોની સંખ્યા કરતા બમણી છે. ઈંગ્લેન્ડ અને ફ્રાંસની વસતિ ૮ ગણી, જર્મનીની ૧૨ ગણી, ઑસ્ટ્રેલિયાની ૫૫ ગણી તથા જાપાનની ૮ ગણી છે. અમારા દેશમાં પ્રત્યેક મિનિટે ૨૯ બાળકો જન્મ લે છે. અર્થાત્ પ્રત્યેક કલાકે ૧૭૬૮, પ્રત્યેક દિવસે ૪૨,૪૩૬, પ્રત્યેક માસે ૧૨,૭૩,૦૯૩, પ્રત્યેક વર્ષે ૧,૫૫,૩૧,૦૦૦ બાળકો જન્મ લે છે. એટલે કે આપણે પ્રત્યેક વર્ષે એક ઑસ્ટ્રેલિયાને જન્મ આપીએ છીએ. ભારતની કુલ ખેતીલાયક જમીન ૧૬.૬ કરોડ હેક્ટર છે. તેમાંથી ૧૪.૧ કરોડ હેક્ટર જમીન પર ખેતી થાય છે. તે જમીનની ઊપજથી લોકોને પૂરતું અનાજ પૂરું પાડી શકાય તેમ નથી. ભારતમાં સો એકર ખેતીની જમીન પર ૧૩૦ વ્યક્તિઓ આશ્રિત છે, જ્યારે અમેરિકામાં ૩૮, કેનેડામાં ૨૫, ઑસ્ટ્રેલિયામાં ૨૭ અને ફ્રાન્સમાં ૮૯ વ્યક્તિઓ આશ્રિત છે. આનો અર્થ એ કે અનાજ ઉત્પાદનમાં આપણી સ્થિતિ અત્યંત નિરાશાજનક છે. ઓછું અનાજ, કમજોર શારીરિક ક્ષમતાવાળા લોકોની સંખ્યા વધારી રહ્યું છે. આ કારણથી આપણે ત્યાં વસતિ વધારાને કારણે અલ્પપોષણ, ગરીબ અને નાગરિક સુવિધાઓથી વંચિત વ્યક્તિઓની સંખ્યા વધી રહી છે. બેરોજગાર યુવાનો, સડકો પર ફરતા ભિખારીઓ, ફૂટપાથ પર જીવન ગુજારતા લોકો, જમીન વગરના મજૂરો, અનિયંત્રિત વસતિ વધારાનું પરિણામ છે. સન્ ૨૦૦૦માં એક વ્યક્તિના ભાગે ૦.૩૫ એકર ખેતી યોગ્ય જમીન આવે છે. આટલી ઓછી જમીન પર નભતા આશ્રિતોની સંખ્યા વધી ગઈ, તો આવનાર દિવસો વધારે દુઃખદાયક હશે.

“ધ પોપ્યુલેશન બૉમ્બ” નામના પુસ્તકમાં એલરિક અને ફ્રેચલિન નામના વૈજ્ઞાનિકોએ લખ્યું છે કે “વિશ્વની જનસંખ્યા આ રીતે વધતી રહી તો ૯૦૦ વર્ષ બાદ ધરતી પર ૬૦૦ લાખ અબજ લોકો હશે.” એક વર્ગ ગજ જમીન પર ૧૦૦ લોકો રહેશે. આવી સ્થિતિમાં પૃથ્વી પર બધી જગ્યાએ ૨૦૦૦ માળની ઈમારતો ઉભી કરવી પડશે, ત્યારે લોકોના રહેઠાણની વ્યવસ્થા સંભવ થશે. પર્યાવરણવાદીઓના મતે સ્વસ્થ પર્યાવરણ માટે ૩૩ ટકા જમીન પર જંગલો હોવાં જોઈએ, જ્યારે ભારતની કુલ ૧૧ ટકા જમીન પર જંગલો છે.

જળ સંશોધનની દૃષ્ટિએ ભારતમાં પ્રતિવર્ષ ૪૦ કરોડ હેક્ટર મીટર જળ ઉપલબ્ધ છે. ચાર મહીનાના ચોમાસામાં ૩૦ કરોડ હેક્ટર મીટર વરસાદનું પાણી ભેગું થઈ જાય છે. સરકારી આંકડાઓ અનુસાર ૧૫ થી ૨૦ ટકા લોકોને પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ થઈ શકતું નથી. જો વસતિ વધારો આ રીતે વધતો રહેશે તો પીવાના પાણીની વાત તો દૂર રહી પણ સામાન્ય પાણી માટે પણ સંઘર્ષ થશે. ઔદ્યોગિકરણથી વાયુ પ્રદૂષણ પણ વધી રહ્યું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. કારખાનાઓનો કચરો જળસંપત્તિને અનુપયોગી બનાવી રહ્યો છે. વસતિ વધારાના કારણે બેરોજગારીની સંખ્યા વધી રહી છે. સરકારી નોકરીઓની પણ એક સીમા છે અને ઉદ્યોગોનો વિકાસ નબળી અર્થવ્યવસ્થાને કારણે થઈ શકતો નથી. દેશમાં ૧૫ ટકા લોકો પૂર્ણ બેરોજગારીની સ્થિતિમાં છે.

ઉપર્યુક્ત બધી પરિસ્થિતિઓ માટે જવાબદાર કેટલાય કારણો છે. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ શાસનની ઇચ્છાશક્તિની લાચારી છે. જે દેશોએ વસતિ વધારાના નિયંત્રણ પર સફળતા મેળવી છે, તે રાજનૈતિક ઇચ્છાશક્તિથી જ મેળવી શક્યા છે. ચીન, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાની જનસંખ્યા શાસનની દઢ ઇચ્છાશક્તિના કારણે નિયંત્રિત થઈ છે. વસતિ વધારાને નિયંત્રિત કરવા માટેના ચીનના પ્રયત્નોથી આપણે ઘણું બધુ શીખી શકીએ તેમ છીએ. સને ૧૯૪૯ની જનવાદી ક્રાંતિ ઉપરાંત ચીન એક ઘણો જ પછાત દેશ મનાતો હતો. પચાસ વર્ષો પછી આજે તેની ગણતરી અમેરિકા, જાપાન, જર્મની, બ્રિટન અને ઈટાલી કરતાં વધારે શક્તિશાળી અર્થવ્યવસ્થામાં કરવામાં આવે છે. આ દેશે જે પ્રગતિ કરી છે, તેમાં સૌથી વધારે યોગદાન વસતિ વધારાના અંકુશની નીતિઓનું છે. પરિવાર નિયોજન નીતિ અંતર્ગત લગ્નની ઉંમર વધારવામાં આવી. બાળકોના જન્મ દર વચ્ચેનો ગાળો વધારવામાં આવ્યો અને બાળકોની સંખ્યા એક સુધી મર્યાદિત કરવાનું નક્કી કરવામાં આવી. જનસંખ્યા નીતિને સામાજિક, આર્થિક વિકાસને માટે ગંભીરતાથી લાગુ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. બધાને માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારી સુનિર્ધારિત કરી બધા જ સરકારી અધિકારીઓ માટે કુટુંબ નિયોજન અપનાવવાનું જરૂરી બનાવી દીધું. દરેક વ્યક્તિને કુટુંબ નિયોજન પ્રત્યે શિક્ષિત બનાવવાની વ્યવસ્થા અને જરૂરી સૂચનાઓ આપવાની વ્યવસ્થા કરી દીધી. ગર્ભનિરોધક વસ્તુઓ અને સગવડો લોકો સુધી મફતમાં પહોંચાડવામાં આવી. લોકોના જીવન સ્તર સુધારવાના પ્રયત્ન કરવામાં આવ્યા. સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવો દૂ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. ગર્ભની તપાસ તથ મહિલાનાં ગર્ભની હત્યા માટે કડક કાયદો બનાવવામાં આવ્યો. બહુપત્નીત્વ અને દહેજ પર કાયદાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો. લગ્નની ઉંમર છોકરીઓ માટે ૨૦ વ અને પુરુષોને માટે ૨૨ વર્ષ રાખવામાં આવી વૃદ્ધાવસ્થાની અસુરક્ષિતતાના કારણે દંપતિઓમાં વધ સંતાનોને જન્મ આપવાની પ્રવૃત્તિ જોવા મળે છે. અ ભયને દૂર કરવા વૃદ્ધોના સ્વાસ્થ્ય અને સામાજિક સુરક્ષ માટે કાયદાઓ બનાવવામાં આવ્યા. સેવાનિવૃત્તિ પછી વૃદ્ધોની ચિકિત્સા સરકારી ખર્ચે અથવા ખાનગી કંપનીઅ દ્વારા કરવાની વ્યવસ્થા કરવામાં આવી. જે વૃદ્ધો પાસ કમાવાનું કોઈ સાધન નથી અને જેમને કોઈ સંતાન પણ નથી તેમને ભોજન, વસ્ત્રો, રહેઠાણ, ઈલાજ અને શ્રાદ્ધકર્મના ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી છે કાયદાકીય ક્ષેત્રે સંતાનો પર વૃદ્ધોની જવાબદાર સોંપવામાં આવી છે. એક બાળક ધરાવતા પરિવારને માસિક અનુદાન અપાય છે. તેમને રહેઠાણ, શાળામ પ્રવેશ અને નોકરીઓમાં પ્રાથમિકતા અપાય છે. ગ્રામીણ ક્ષેત્રોમાં એક બાળક ધરાવતા પરિવારને ૧૪ વર્ષ સુધ વધારાની વેતનવૃદ્ધિ અપાય છે. તે પછી વૃદ્ધાવસ્થ પેન્શન મળે છે. એકથી વધારે બાળકોને જન્મ આપના વ્યક્તિઓ માટે સારી સગવડો મળતી નથી અને તેમન પર વધારાનો કર (વેરો) લગાવાય છે. ચીન દ્વાર અપનાવેલા આ કાર્યક્રમોના કારણે ૬૪ કરોડ બાળકોન જન્મ દરને ૩૦ વર્ષોમાં રોકી શકાયો છે. આ જ ઉપાયોન દેશ, કાળ અને પરિસ્થિતિઓ અનુસાર ભારતમાં જો લાગ કરવામાં આવે તો સફળતાની આશા રાખી શકાય છે.

રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે જ્યારે પણ જનસંખ્યા નિયંત્રણ પર ચર્ચા ચાલે છે તો રાજનૈતિ ઇચ્છાશક્તિના મહત્ત્વનો ઓછો ઉલ્લેખ હોય છે. જ્ય સુધી ઘોષણાઓ અને પ્રતિબદ્ધતાઓની વાત છે ત્ય બધી સરકારો વસતિ વધારાના નિયંત્રણ પ્રત્યે ગંભીરત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બતાવતી નથી અને સમસ્યા કાર્યપાલકો, વ્યવસ્થાપકો અને નોકરશાહીમાં જ અટવાઈને રહી જાય છે. જોકે વસતિ વધારાની સમસ્યા પર ભારતમાં વિચારવાનો ક્યારેય અભાવ રહ્યો નથી. કુટુંબ કલ્યાણ માટેનું બજેટ પ્રત્યેક પંચવર્ષીય યોજનાઓમાં વધતું જ રહ્યું પરંતુ સંયમ કે કુદરતી ઉપાયોના ઉપયોગમાં આશાજનક વૃદ્ધિ ન થઈ. વ્યંધિકરણ કે કોપર ટી જેવા ગર્ભનિરોધક પ્રયોગો પ્રત્યે લોકોને પ્રોત્સાહિત કરવા રોકડ રકમ અને અન્ય ઉપહારોની વ્યવસ્થા કરવામાં આવી. આ કામ સરકારી તંત્ર મારફતે કરવામાં આવ્યું. સ્થાનિક સંસ્થાઓ, જન પ્રતિનિધિઓ અથવા અન્ય સ્વયંસેવી સંસ્થાઓની તેમાં કોઈ મદદ લેવામાં ન આવી. પરિણામે જનકલ્યાણ માટે ચલાવવામાં આવતા સરકારી કાર્યક્રમોનો ફિયાસ્કો થયો અને આવા કાર્યક્રમોની નાલેશી થઈ. વ્યંધિકરણના કાર્યક્રમો કાગળ ઉપર રહ્યા. પ્રોત્સાહન રાશિ ઓફિસરો અને સરકારી કર્મચારીઓના ખિસ્સાઓમાં ચાલી ગઈ. માત્ર કાગળ પરના આંકડાનું પ્રદર્શન થયું અને સરકારોએ પોતપોતાની પીઠો થાબડી. સને ૧૯૭૫માં દુષ્કાળની ઘોષણા પછી સરકારે ચાર સૂત્રી કાર્યક્રમની ઘોષણા કરી, જેમાં પરિવાર નિયોજનને પ્રાથમિકતા આપવામાં આવી, પરંતુ પરિવાર નિયોજનના કાર્યક્રમને જબરદસ્તી વ્યંધિકરણનું નામ આપવાને કારણે પ્રજામાં નસબંધી વિરુદ્ધ આક્રોશ પેદા થયો. તે દરમિયાન એવી ઘટનાઓ બનવા લાગી કે જેમાં લક્ષ્ય પૂરું કરવા માટે અવિવાહિત નવયુવકોની જબરદસ્તીથી નસબંધી કરવામાં આવી. પરિણામે આખી યોજના એટલી બદનામ થઈ ગઈ કે દેશમાં સંપૂર્ણ લોકમાનસ પરિવાર નિયોજન કાર્યક્રમોની વિરુદ્ધ ઊભું થયું. તે પછીની સરકારોએ આ કારણે કુટુંબ કલ્યાણ નિયોજન કાર્યક્રમોની જગ્યાએ સામૂહિક સ્વાસ્થ્યકર્મી યોજનાનો પ્રારંભ કર્યો. પરંતુ આ યોજનાને સરકારની બેજવાબદારીને લીધે સફળતા મળી નહીં.

અગાઉ પણ પરિવાર નિયોજન માટે લક્ષ્ય નક્કી કરવામાં આવતા રહ્યા છે, ખર્ચાઓ બતાવાતા રહ્યા અને બીજી તરફ વસતિ વધતી રહી. શાસનના વર્તનથી આખા વિશ્વમાં એ સંદેશ પહોંચ્યો કે આપણે વધુ બોલીએ છીએ પણ કંઈ કરતા નથી. નીતિઓ તો ઘડી નાખીએ છીએ પરંતુ તેને લાગુ કરવામાં અસફળ રહીએ છીએ. દેશનું દુર્ભાગ્ય છે કે દુનિયાના બીજા દેશોની જનસંખ્યાનો વૃદ્ધિ દર ઋણાત્મક દિશામાં જઈ રહ્યો છે, ત્યારે આપણી ગતિ આજે પણ વૃદ્ધિ તરફ તીવ્ર ગતિએ જઈ રહી છે. નિશ્ચિતપણે કહી શકાય કે આનું કારણ સરકારની ઈચ્છાશક્તિ તથા નિર્ણયશક્તિની ખોટ જ છે. ગરીબી ઉન્મૂલન તથા સ્ત્રીઓના સબળીકરણ દ્વારા જ વસતિ વધારાને નિયંત્રિત કરવાની છે. આ દિશામાં આગળ વધી શકાય છે.

---

***ઈશ્વરની દૃષ્ટિએ તો બધાં પ્રાણીઓ સરખાં છે. પરંતુ જેઓ ગરીબોનાં આંસુ લૂછે છે, એમને માટે પોતાનું જીવન કુરબાન કરી દે છે તેઓ સૌથી વધારે વહાલા લાગે છે.***

***ભીમ ભગવાનને મળવા ગયો તો જોયું કે ભગવાન ધ્યાનમગ્ન હતા. ભીમ રાહ જોતો બેસી રહ્યો. જ્યારે ભગવાન ધ્યાનમાંથી જાગ્યા ત્યારે તેણે આશ્ચર્યથી ભગવાનને પૂછ્યું - "આખો સંસાર આપનું ધ્યાન કરે છે, તો પછી આપ કોનું ધ્યાન કરો છો ?" ભગવાને કહ્યું - "જે મારા નિર્દેશોનું ધ્યાન રાખે છે, આખા વિશ્વને પોતાનું માને છે એમના ક્ષેમકુશળનું ધ્યાન મારે રાખવું પડે છે."***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રજ્ઞાપુરાણ સ્તંભ

# મનના તરંગોને મારો, બસ થઈ ગયું ભજન

મનુષ્ય વિધાતાની સર્વોત્કૃષ્ટ રચના છે. સૃષ્ટિના નિર્માતાએ પોતાની સમગ્ર સૂઝસમજ, સમગ્ર કલાત્મકતા તેના સર્જનમાં ઠાલવી દીધી છે. જરા વિચારો કે મનુષ્યની એક આંખ ઉપર અને એક આંખ નીચે હોત તો ? એક કાન માથાની ઉપર અને એક ગળાની નીચે હોત તો ? જો નાક હાથીની સૂંઢ જેવું હોત તો કેવું લાગત ? તેના શરીરની અંદર પારદર્શી સરોવર સમાન બે આંખો છે - કેમેરા જેવી - એક્વાર જેને જોઈ લે તે દસ-વીસ વર્ષો સુધી હૃદય પર અંકિત થઈ જાય છે. કોઈને પણ તેના બાળપણની વાતો પૂછો તે ટેપરેકોર્ડરની જેમ બધી વાત સંભળાવશે. કાનનો ટેલિફોન કયારેય મેલો થતો નથી. કોઈએ કહેલી બે મીઠી વાતો અથવા કડવા બોલ ભૂલવા છતાં તે કદી ભૂલતો નથી. નાકનાં બે છિદ્રો સતત પ્રાણવાયુ આપીને જીવનદાન કરતાં રહે છે. અને આ મસ્તક કેટલું મોટું ટેપરેકોર્ડર છે, જો યોગની સિદ્ધિ દ્વારા આત્મશકિત પ્રાપ્ત કરી લે તો સાત જન્મોની વાત યાદ રહી શકે છે અને આ હૃદય, આ મનમંદિર, શિવનું માનવસરોવર કૈલાસ પર્વત, વિષ્ણુધામ ભગવાનનો ક્ષીરસાગર, કૃષ્ણનું વૃંદાવન અને ભગવાન રામની અયોધ્યા. આમાં જ સાત લોક અને સમગ્ર સંસારનો વૈભવ સમાયેલા છે. તો પછી પરમાત્માનો આ રાજકુમાર પળેપળે કેમ રોતો રહે છે ? આનું સમાધાન આચાર્યશ્રીએ પ્રજ્ઞાપુરાણમાં આપ્યું છે. મનુષ્યનાં દુઃખોનું કારણ છે- આત્મવિસ્મૃતિ, પોતાની જાતને ભૂલી જવી અને શરીરને જ સર્વ કાંઈ સમજીને અસંયમી જીવન વિતાવવું મનુષ્ય કર્તવ્યોને ભૂલી ગયો છે, એ જ તેનાં દુઃખોનું કારણ છે.

માનવશરીરમાં અણમોલ ખજાનાને ભરીને ભગવાને તેને ચાર પ્રકારની શકિતઓ પ્રદાન કરી છે. ઈન્દ્રિયશકિત, સમયશકિત, વિચારશકિત તથા સાધનશકિત. ઈન્દ્રિયો દસ છે, જેના પર નિયંત્રણ કરવું જરૂરી છે. પરંતુ આમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ જીભ છે. હાથ,પગ, આંખ, કાન બધાં બબ્બે છે, પણ તેમનું કાર્ય એક જ છે, પરંતુ જીભ એક છે છતાં તેનાં કામ બે છે - એક ભોજનનો રસાસ્વાદ અને બીજું વાર્તાલાપ. ભોજનના અસંયમથી મનુષ્ય બીમાર પડી જાય છે તો વાણીનો અસંયમ લડાઈ ઝઘડાનું મૂળ છે. ભોજનની અસર કેવળ શરીર પર જ નહિ, મન પર પણ પડે છે. જેવું હશે અન્ન- એવું બનશે મન. જેવું પીવો પાણી તેવી હશે વાણી. એ કહેવત પ્રચલિત છે. આથી પ્રજ્ઞાપુરાણમાં અનેક દષ્ટાંતો દ્વારા આહાર તથા માનસિક સ્વાસ્થ્ય બાબતમાં સમજાવ્યું છે. **ભીષ્મ પર અન્નનો પ્રભાવ, આહાર અને સ્વાસ્થ્ય, ચોરીના અન્ને ચોર બનાવ્યા, હૃદય અને જીભ અસુર પણ અને દેવ પણ-** આદિ અનેક કથાઓ સાબિત કરે છે કે ભોજન દ્વારા જ મનુષ્યના શરીરનું અને વિચારોનું નિર્માણ થાય છે.

પ્રાચીનકાળમાં આપણા ઋષિવર્યો ભોજનના સંયમ પર બહુ ધ્યાન આપતા હતા. મહર્ષિ પિપ્પલાદ કેવળ પીપળાનાં પાંદડાં તથા ફળો પર રહેતા હતા. કણાદ ઋષિ ચોખાના કણ વીણીને ખાતા હતા. મોટા ભાગના ઋષિઓ કંદમૂળ અને ફળો ખાઈને સો વર્ષોથીય વધારે જીવતા હતા. અને સ્વસ્થ તંદુરસ્ત જીવન વીતાવતા હતા. આપણા પૂજય ગુરૂદેવે ૨૪ વર્ષની સાધના જવની રોટલી તથા ગાયના દૂધની છાશ પર રહીને કરી હતી... આજ

*માછલી કાંટામાં લાગેલા લોટની લાલચમાં જીવ ગુમાવે છે. પક્ષી દાણાના લોભમાં શિકારીએ બિછાવેલી જાળ જોઇ શકતાં નથી અને ફસાય છે. મનુષ્ય સ્વાદિષ્ટ ભોજનના લોભમાં પેટ બગાડીને રોગી બની જાય છે. પૈસાની લાલચમાં લોકો માણસાઇ ભૂલી જાય છે, ભાઇચારો ભૂલીને દુષ્કૃત્ય કરતા જોવા મળે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધનાબળે આજે તેઓ વિશ્વવંદ્ય બની શક્યા છે, પરંતુ આજે તો ખાનપાનનું સ્વરૂપ જ બદલાઈ ગયું છે. બજારમાં જે ચીજવસ્તુઓ વેચાય છે તે શેમાંથી અને ક્યારે બની છે એ બધું ભૂલીને બજારુ વસ્તુઓ લોકો ખાતા રહે છે. પછી રોગી બનીને દવાઓ ખાતા રહે છે. પ્રજ્ઞાપુરાણમાં એક દૃષ્ટાંત છે કે એક વ્યકિતને રાત્રિ ભોજનનું નિમંત્રણ મળ્યું, ત્યાંથી તે ભોજન કરીને આવ્યો ત્યારે પેટમાં પીડા હતી. વૈદને બોલાવ્યા. વૈદે કહ્યું લો આ એક ગોળી ખાઈ લો. આ સાંભળીને તેણે કહ્યું વૈદની ગોળી ખાવાની જગ્યા હોત તો એક રસગુલ્લું વધારે ન ખાઈ લેત. તેથી ભોજનના નિયમો દર્શાવતાં ગુરુદેવ લખે છે કે ત્રણ નિયમોનું પાલન કરવું જોઈએ. હિતભુક્, ઋતભુક્ અને મિતભુક્. લાભકારી ભોજન ઋતુ અનુસાર હોય, ઓછું ખાવામાં આવે ત્યારે જ નીરોગી રહી શકાય છે.

વાણીનો પ્રભાવ અમિટ છે. કહ્યું છે કે - તલવારનો ઘા રુઝાય છે પણ કટુ વાણીના નહિ. રામાયણમાં સીતાજીએ લક્ષ્મણને અપશબ્દ ન કહ્યા હોત તો કદાચ સીતાહરણ ન થયું હોત. દ્રૌપદીએ દુર્યોધનને આંધળાનાં સંતાનો આંધળા હોય છે કહીને તેના અહંકારને જગાડ્યો, પરિણામે મહાભારતનું યુદ્ધ થયું. પ્રજ્ઞાપુરાણમાં વાણીથી **નોકર-રાજાની પરખ, જીભમાં ઘૂસેલા ફિટકારનો દંડ** વગેરે અનેક કથાઓ દ્વારા ગુરુદેવે વાણી પર નિયંત્રણ રાખવાનું શિક્ષણ આપ્યું છે.

જીભ પછી ભોગવિલાસની પ્રધાનતા, રતિકર્મની વ્યાકુળતા મનુષ્યના પતનનું કારણ બને છે. તેના નિયંત્રણના અભાવે મનુષ્ય પશુતુલ્ય બની જાય છે. સંસારના બધા મહાપુરુષો આ વાસના પર નિયંત્રણ રાખવાને કારણે જ મહાન બન્યા છે. બ્રહ્મચર્યનું મહત્ત્વ એટલા માટે દર્શાવવામાં આવ્યું છે કે મનુષ્ય શરીરની શક્તિ તથા મનોગત પ્રતિભા શક્તિને વિકસિત કરી શકે. અરવિંદ ઘોષ, આશ્રમની સ્વામિનીને 'શ્રી મા' કહેતા. પરમહંસ (રામકૃષ્ણ પરમહંસ) શારદામણિને 'મા' કહેતા હતા. ગાંધીજી પણ કસ્તૂરબાને 'બા' કહેતા હતા તથા આપણા પૂજ્ય ગુરુદેવ પણ વંદનીય માતાજીને 'માતાજી' કહીને બોલાવતા હતા. આ જ કારણે બધા વિશ્વબંદ્ય બની શક્યા છે. પ્રજ્ઞાપુરાણમાં **મહર્ષિ દયાનંદે બગી રોકી, શિવાજીએ સુંદરીમાં માતાનાં દર્શન કર્યાં, અર્જુન અને ઉર્વશી** વગેરે અનેક દૃષ્ટાંતો આપીને વાસનાઓ પર નિયંત્રણ રાખવાનો સંદેશ આપ્યો છે.

**બીજી શક્તિ-'સમય સંયમ'** દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. આ ઈશ્વરે આપેલ અણમોલ ભંડાર છે, જેને ફોગટમાં ગુમાવીને મનુષ્ય આત્મહત્યાની જેમ પસ્તાય છે. વીતેલો સમય કદી પાછો આવતો નથી. અનેક મહાપુરુષો અલ્પ આયુ પામીને પણ મહાન બની જાય છે અને દુર્જન લાંબું આયુષ્ય મેળવીને પણ પોતાની તથા બીજાઓની મુસીબતનું કારણ બને છે. શંકરાચાર્ય ફક્ત ૩૨ વર્ષ જીવ્યા... વિવેકાનંદે માત્ર ૩૯ વર્ષનું અલ્પ આયુષ્ય મેળવ્યું. સ્વામી રામતીર્થ માત્ર ૩૩ વર્ષની ઉંમરે ચાલ્યા ગયા. શહીદ ભગતસિંહ તથા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ૨૩ વર્ષની ઉંમરમાં પણ અમર થઈ ગયાં. જ્યારે રાવણ, કંસ, હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ જેવી દીર્ઘાયુષ્ય પામનાર વ્યક્તિઓને ખતમ કરવા માટે ભગવાને અવતાર ધારણ કરવો પડ્યો. તેથી **અલ્પજીવી વિરુદ્ધ દીર્ઘજીવી, સમયની તંગીનો અર્થ** આદિ અનેક દૃષ્ટાંતો આપીને

**દેવતાઓ માટે શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા માટે દેવગુરુ બૃહસ્પતિના પુત્ર કચે જવાનું સાહસ કર્યું. તેમણે શુક્રાચાર્યને પોતાનો સાચો પરિચય આપીને આવવાનો ઉદ્દેશ પણ કહ્યો. તેણે કહ્યું કે જો મારા પોતાના આચરણથી હું આપને પ્રસન્ન કરી શકીશ, તો વિદ્યા પ્રાપ્ત કરીને જ જઇશ. શુક્રાચાર્ય દેવતાઓને વિદ્યા બતાવવા ઇચ્છતા નહોતા, પરંતુ ચારિત્ર્યનો વિજય થયો. શુક્રાચાર્ય તથા તેમની પુત્રી દેવયાની કચના ચારિત્ર્યથી એટલાં પ્રભાવિત થયાં કે તેને સંજીવની વિદ્યા આપી જ દીધી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુદેવે સમયનો સદુપયોગ કરવાનો સંદેશ આપ્યો છે. આજનો મનુષ્ય અધિક્તર સમય મનોરંજનમાં ખોઈ બેસે છે. કલબ-હોટેલમાં જવાનો તથા ટી.વી. જોવાનો સમય ખૂબ રહે છે પરંતુ સારાં કાર્યો કરવા માટે વ્યક્તિ પાસે સમયનો અભાવ રહે છે. ગુરુદેવે મનુષ્યને સમયદાન તથા અંશદાન દ્વારા સમાજસેવાનો સંદેશ આપ્યો છે.

**ત્રીજી શક્તિ છે** - વિચાર સંપત્તિ. આજનું સમગ્ર વાતાવરણ મનુષ્યના દુષ્ચિંતનથી પ્રભાવિત છે. આજે મનુષ્ય આકાશમાં ઊડી રહ્યો છે, સમુદ્ર ઓળંગી રહ્યો છે, મંગળ ગ્રહ પર જઈ રહ્યો છે, પરંતુ જે વસ્તુઓ જાણવા યોગ્ય છે, તેને તે જાણવા ઇચ્છતો નથી. હું શું છું, અહીં કેમ આવ્યો છું, આ જીવનનો ઉદ્દેશ શો છે - આ બધું વિચારવા માટે તેની પાસે સમય નથી. વિચારોની નિમ્નતા જ મનુષ્યના પતનનું મુખ્ય કારણ છે. જે જેવું વિચારે છે તેવું જ આચરે છે અને તેવો જ બને છે. અવિવેક આપત્તિઓનું ઘર છે. કહેવાયું પણ છે કે -

વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય
કામ બગાડે ખુદનું જગમાં હાંસી થાય

**વગર વિચાર્યે નોળિયાને મારી નાખ્યો, કલ્પવૃક્ષની નીચે ઊલટા વિચાર, મનનો પણ સંયમ કરીએ, વિચાર શક્તિના ચમત્કાર, મહર્ષિ જૈમિની સાત દિવસ રૂમમાં બંધ રહ્યા** વગેરે અનેક દૃષ્ટાંતો પ્રજ્ઞાપુરાણમાં આપીને ગુરુદેવે વિચારક્રાન્તિથી જ યુગનિર્માણ સંભવિત બની શકશે-આ ગુરુદેવની ઘોષણા છે.

આ ત્રણે શક્તિઓ ઉપરાંત **ચોથી શક્તિ સાધના સંયમ** દ્વારા પ્રાપ્ત થાય છે. ત્રણ શક્તિઓ ઈશ્વરે આપેલી છે, પરંતુ ચોથી શક્તિ મનુષ્યએ પોતાના વિવેક અને પરિશ્રમથી પ્રાપ્ત કરવી પડે છે. તેનો પણ આજે જેટલો અપવ્યય થઈ રહ્યો છે તેટલો ભાગ્યે જ કદી થયો હશે. હાલમાં વિવાહમાં સજાવટ પર શરાબ-નાચગાન આદિમાં પૈસાનો દુરુપયોગ કરનારને સન્માનિત કરવામાં આવે છે. કલબ, હોટેલોમાં ખાવા-પીવાથી લોકોને મોટા સમજવામાં આવે છે. પ્રેતભોજન વગેરે પ્રસંગે પણ ખૂબ પૈસા ખર્ચવામાં આવે છે. લાંચરુશ્વત અને ભ્રષ્ટાચારની બોલબાલા છે. આજના સમયમાં ન બાપ મોટો, ન ભાઈ - સૌથી મોટા રૂપિયા' વાળી સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ છે. પૂજ્ય ગુરુદેવે બ્રાહ્મણોચિત જીવન જીવીને એક આદર્શ પ્રસ્તુત કર્યો છે કે પોતાના ગુજરાન માટે બચાવીને, સમસ્ત ધનસંપત્તિનો બીજાઓ માટે ખર્ચ કરીને પોતાનું તથા સમાજનું કલ્યાણ કરી શકાય છે. આને તેમણે અંશદાન કહીને બધાને સામાજિક કાર્યો માટે અંશદાન કરવાની પ્રેરણા આપી છે. **બે મિત્રોની પરિણતિ, રત્નોથી શ્રેષ્ઠ ઘંટી, ત્રણ પ્રકારના ધનિક, ધનના લોભમાં ત્રણ ચોર મર્યા, નીતિ-અનીતિની કમાણી, અનર્થનો વિરોધ, સંતનો ત્યાગ, ખાડો ધન ચોરી ગયો** - વગેરે અનેક પ્રસંગો દ્વારા ધનનો સદુપયોગ કરવાનો સંદેશો આપ્યો છે.

સારરૂપે કહી શકાય કે મનુષ્ય સંયમ અપનાવે ત્યારે જ માનવજીવનને સફળ બનાવી શકે અને તો જ તે કર્તવ્યની પૂર્તિ કરી શકે છે. માતા, પિતા, ગુરુ, સમાજ, જગત અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત થવા માટે કોઈ ને કોઈ ત્યાગ તો કરવો જ પડે છે. તેથી સ્વાર્થ સામે રાખીને પરમાર્થ કાર્ય કેવી રીતે થશે ? અત્યારે એવા પ્રજ્ઞાપુત્રોની આવશ્યકતા છે જે ગુરુદેવના પંથે ચાલીને, સંયમી જીવન વ્યતીત કરી, અંશદાન તથા સમયદાનની વૃત્તિને અપનાવે અને તેને માટે મનના તરંગોને મારવા પડશે. આજ સાચી પૂજા હશે અને આ સાચું ભજન છે.

❀ ❀ ❀

ઉક્તિ છે, ''ઉભરે અંત ન હોહિં નિબાહૂ, કાલનેમિ જિમિ રાવણ રાહૂ ।''

છળકપટ કરનારાઓનો ભેદ ક્યારેક તો ખૂલી જ જાય છે અને પછી તેઓ નુકસાન ભોગવે છે. કાલનેમિ સંજીવની બૂટી લેવા જતા હનુમાનજીને છળવા કપટ કરીને ઋષિ બનીને બેઠો હતો પણ માર્યો ગયો. રાવણે છળકપટથી સીતાનું હરણ કર્યું, પરંતુ તેને અપમાનિત થઈ વંશ સહિત નષ્ટ થવું પડ્યું. રાહુ દેવતાઓનો વેશ ધારણ કરીને અમૃતપાન કરવા તેમની પંગતમાં જઈ બેઠો, પરંતુ સૂર્ય અને ચન્દ્રએ તેને ઓળખી કાઢયો અને તે મસ્તક ગુમાવી બેઠો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ચૂંટણી પહેલાં મતદાતાને પ્રશિક્ષિત કરીએ

પ્રતિનિધિની ચૂંટણીમાં તેમની સક્રિયતા સૂઝબૂજ લોકમંગળની ભાવના, પ્રગતિશીલતા, પ્રતિભા, શિક્ષણ, યોગ્યતા વગેરે બધી બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. આ વિશેષતાઓ વિના સાચી રીતે પ્રતિનિધિત્વ કરી શકવાનું અને પોતાના અનુયાયીઓનું માર્ગદર્શન કરવાનું સંભવિત બની શકશે નહિ. આ ઉપરાંત સૌથી મુખ્ય બાબત જે રહી છે તે ચારિત્ર્ય, નિષ્ઠા, સચ્ચાઈ, પ્રામાણિકતા અને સૌજન્ય. પક્ષોને કસોટી પર જ કસવા જોઈએ અને જે ઉપયોગિતાની દૃષ્ટિએ સર્વોત્તમ હોય તેને જ સમર્થન મળવું જોઈએ. મતદાતાઓએ પોતાની જવાબદારી સમજવાનું અને કર્તવ્ય પાલન કરવાનું શિક્ષણ એક સુવ્યવસ્થિત આંદોલનના રૂપમાં આપવું જોઈએ.

મતદાતાને મતનું મહત્ત્વ અને તેના સદુપયોગ-દુરુપયોગનાં સંભવિત સારાં માઠાં પરિણામો વિશે વિસ્તારપૂર્વક ઉદાહરણો સાથે સમજાવવું જોઈએ. 'ગણતરીમાં ભૂલ થતાં નવેસરથી ગણતરી' અથવા 'જાગ્યા ત્યાંથી સવાર' વાળી ઉક્તિના આધારે એ કાર્યનો હવે આરંભ કરાવવો જોઈએ જે આજથી પચાસ વર્ષ પહેલાં કરવું જોઈતું હતું.

મતદાતાઓને કેવળ તેમની જવાબદારી સમજાવવી જોઈએ નહિ પરંતુ યોગ્ય પ્રતિનિધિ શોધી કાઢવાની સાંગોપાંગ વિધિની વ્યવસ્થા પણ સમજાવી જોઈએ. વાત નાની લાગે છે પરંતુ વસ્તુતઃ તે એક સમગ્ર અને દર્શન જેવી છે કે ચૂંટાવા માટે ઉત્સુક લોકોને ધક્કા મારીને આગળ નીકળી જવા આતુર લોકોમાંથી યોગ્ય વ્યક્તિ કેવી રીતે અને ક્યા આધારે શોધી શકાય ?

નિશ્ચિત પ્રતિનિધિના પક્ષે જે આવશ્યક જાણકારીછે તે સર્વસાધારણ લોકોને સમજાવીએ અને પોતાના સ્વતંત્ર વિવેકનો ઉપયોગ કરીએ. કોઈ પણ પ્રકારના દબાણ, લોભ, ચડવણીમાં આવ્યા વિના વિશુદ્ધ દેશભક્તિની ભાવનાથી મત આપવા માટે તેમને તૈયાર કરીએ. મતદાતાએ હજારો કામ છોડીને ઉત્સાહપૂર્વક પોતાની જાતે મતદાન માટે પહોંચવું અને તેના બદલામાં પ્રતિનિધિ પર કોઈપણ પ્રકારનો આર્થિક બોજ અથવા બોલાવવાનો કે યાદ અપાવવાનો બોજો ન પડવા દેવો કે કોઈ રીતે પ્રતિનિધિ પર ઉપકાર ન કરવો.

પ્રચાર, પત્રિકા, પોસ્ટર, સભા, સરઘસ જો આવશ્યક હોય અને તેની વ્યવસ્થા કરવી જ પડે તો તેનો ખર્ચ પણ મતદાતાઓએ દરેક ઘેરથી પૈસા એકઠા કરીને જમા કરવો જોઈએ. યોગ્ય પ્રતિનિધિ ચૂંટવાની આ જ પદ્ધતિ છે અને આવી ચૂંટણીઓને જ વાસ્તવિક જનમત પર આધારિત કહી શકાય અને તેમાં જ પોતાના દેશ અને પ્રજાતંત્રનું મસ્તક ઊંચું રહેશે.

પ્રજાસત્તાક દેશના દરેક નાગરિકના મનમાં આ પ્રકારે મહત્ત્વ અને ગૌરવ જગાડવું જોઈએ કે હકીકતમાં તે જ પોતાના રાષ્ટ્રનો ભાગ્યવિધાતા છે. તેના હાથમાં મતદાનનું એવું હથિયાર છે કે જેના સદુપયોગ અને દુરુપયોગ પર દેશની પ્રગતિ અને અધોગતિની આધારશિલા રાખવામાં આવે છે. મતને ખેલ સમજવો તે પોતાના નાગરિક કર્તવ્ય અને ઉત્તરદાયિત્વની ગરિમાનો અસ્વીકાર છે. આને રાષ્ટ્રની મૂલ્યવાન સંપત્તિ સમજવી જોઈએ જેને કેવળ સુપાત્રોના હાથમાં જ સોંપવી તે યોગ્ય છે. કોઈ દુરાચારી કે અનાચારીના હાથમાં સત્તા જતી રહેતાં તેનો દંડ સમગ્ર સમાજે ભોગવવો પડે છે અને તેનો દોષ મત આપતી વખતે તુચ્છ સ્વાર્થોને જ ધ્યાનમાં રાખ્યાં હોય અને રાષ્ટ્રીય ભવિષ્યની ચિંતાને ઉપેક્ષામાં હડસેલી દીધી હોય એ અવિવેક પર આવે છે.

જનતાની માનસિક સ્થિતિ જ્યાં સુધી ઊંચી નહિ આવે ત્યાં સુધી ઉચ્ચ વ્યક્તિઓનું ત્યાં સુધી પહોંચવું સંભવિત બની શકશે નહિ. જ્યાં મતદાતાઓનો દૃષ્ટિકોણ પરિશુદ્ધ હોય તે ક્ષેત્રોમાં જ સારા માણસોને ચૂંટી શકાય. પ્રતિનિધિ પોતાના પદ, સ્વાર્થ, લાભની વાતને આગળ રાખીને શાસન ન ચલાવે તો સરકારી તંત્રએ ઝખ મારીને ભલમનસાઈનો માર્ગ લેવો પડશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભ્રષ્ટતા નીચેથી ઉપર સુધી અને ઉપરથી નીચે સુધી વ્યાપ્ત છે. મતદાતા ક્ષુદ્રક કામોને પ્રાધાન્ય આપી આપી તુચ્છ વ્યક્તિઓને મત આપે છે ત્યારે નીચેથી ઉપર સુધી ભ્રષ્ટતા ચાલે છે અને આ નીચલા સ્તરની તુચ્છતા ઉપરના લેવલ સુધી પહોંચે છે. આ આધારે ચૂંટાયેલી સરકાર મતદાતાના જેવી જ પ્રવૃત્તિનું પ્રતિનિધિત્વ કરે છે. ઉપરથી નીચે સુધી ભ્રષ્ટાચાર એટલા માટે ચાલે છે કે જ્યારે સંચાલકોને ભ્રષ્ટ રીતરસમો અપનાવતાં નીચેના અફસરો નજરે જુએ છે તો તેમને એ જ રસ્તે ચાલતાં કોઈ ખચકાટ, શરમ કે સંકોચ અનુભવવાનું કારણ જણાતું નથી પરંતુ મોટે ભાગે તો અંદરોઅંદર મેળાપીપણામાં જ બધું ચાલે છે. સરકારી તંત્રમાં ભ્રષ્ટાચારની શૃંખલા ઉપરથી નીચે સુધી જોવા મળે છે. પરસ્પર ભાગલામાં પણ આ અવાંછનીય ધન ડાકુઓની ભાગ વહેંચણીની જેમ દરેકના હિસ્સે વહેંચાતું રહે છે.

દોષોનું મૂળ શોધવું જોઈએ. માખી-મચ્છર કરડવાનું ખરાબ લાગતું હોય તો આપણે કીચડ સાફ કરવો જોઈએ. કીચડ સાફ કરવાનો અર્થ-મતદારોનું બિનદૂરંદેશીપણું દૂર કરવું. રાષ્ટ્રનું ભવિષ્ય ચોક્કસપણે એ બાબત પર નિર્ભર છે કે મતદાતા પોતાની જવાબદારીને કેટલે અંશે સમજવા લાગ્યો છે અને તેનો સહયોગ અથવા સાહસ કેટલી હદે જાગૃત બન્યાં છે ? લોકશાહી શાસનનો મૂળ માલિક અને અસલ સ્રષ્ટા મતદાર છે.જો તે નિમ્ન મનોસ્થિતિમાં પડ્યો રહેશે તો પછી શાસનના સ્વરૂપમાં ઉત્કૃષ્ટતાનો સમાવેશ કઈ રીતે સંભવિત થશે ?

આપને જેવી સુગંધ પસંદ છે તેવા પ્રકારનાં ફૂલો જ એકત્રિત કરો તો અત્તર આપની નાપસંદગીનું નહિ, પસંદગીનું તૈયાર થશે. મતદાતાનો દૃષ્ટિકોણ જો ઊંચો છે તો સરકારમાં ઉત્કૃષ્ટ વ્યક્તિ સમાવિષ્ટ ન હોવાનું કોઈ કારણ નથી. જ્યારે આદર્શવાદી તંત્ર શાસન ચલાવી રહ્યું હશે તો સરકારી તંત્રમાં સુધાર અથવા પુનર્નિર્માણ ન થઈ શકવાનું કોઈ કારણ નથી.વાત વળીવળીને ત્યાં જ આવીને ઊભી રહે છે. પાયો પોલો હશે તો દીવાલ ફાટશે. મતદાતા લેભાગુ બની રહે અને શાસન સરસ બની રહે એ તો કઈ રીતે બની શકે ? લોકશાહીમાં આ શક્ય નથી.

જાગૃત પ્રજા દ્વારા સુનિયોજિત પ્રજાતંત્ર જ આપણો આદર્શ અને ઉદ્દેશ પૂર્ણ કરી શકે છે. આપણે બહુ સારી રીતે એ ભયથી પરિચિત થવું જોઈએ કે જો મતદાતાનો દૃષ્ટિકોણ અને મતદાનની ફરજ સમજાવવામાં ન આવે અને એમ જ મતપત્રોની સાથે ખેલ ખેલાતો રહ્યો તો તેનું પરિણામ એવા અધિનાયકવાદમાં આવી શકે જેમાં મત આપવાનો અધિકાર વાસ્તવમાં ચાલ્યો જ જાય છે. આમ પણ બધા મતદાતાઓ એકસરખા નથી હોતા. આ દેશમાં જેટલો વિચારશીલ વર્ગ છે તેના સંદર્ભમાં મતદાર પણ કર્તવ્યપરાયણ અને દૂરદર્શી છે, પરંતુ આ વાત મોટા ભાગના વર્ગને લાગુ પડતી નથી. આમાં દોષ છે નિરક્ષરતાનો, વાહનવ્યવહારનાં સાધનોથી રહિત ગામડાના પછાતપણાનો, જેણે મતદારોને લોકશાહી અને મતદાનના સ્વરૂપ અને જવાબદારીને સમજવાથી વંચિત રાખ્યા. આ પછાતપણાની સ્થિતિમાં પણ આવશ્યક પ્રકાશ ન પહોંચાડવાનો દોષ ઉચ્ચવર્ગનો-આપણા બધા લોકોનો છે. જો સાચા મનથી ઇચ્છયું હોત અને પૂરું ધ્યાન દીધું હોત તો આ સ્થિતિમાં પણ મતદાનમાં આ સંદર્ભે આવશ્યક જાગરૂકતા ઉત્પન્ન કરવામાં મહદંશે સફળ થઈ શક્યા હોત.

ભૂલ કરતાં ઘણું મોડું થઈ ગયું હવે તેને સુધારવી જોઈએ. વિવેકશીલ વ્યક્તિઓએ તેને માટે તત્પર રહેવું જોઈએ કે જ્યાં સુધી પહોંચી શકાય ત્યાં મતદાતાઓને લોકશાહીના સ્વરૂપ અને તેમાં મતદારોનું કર્તવ્ય-ઉત્તરદાયિત્વને સમજાવવાનો પ્રયત્ન કરવો. તેના માટે કલમ, વાણી, વિચાર-વિનિમયની જેટલી રીતો કામમાં લાવી શકાય તેમ હોય, તે સમસ્ત શ્રાવ્ય અને દૃશ્ય સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. પોતાના માલિકોને જગાડો, સમજાવો, આંદોલનમાં પ્રત્યેક વિચારશીલ વ્યક્તિએ પૂર્ણ ઉત્સાહ સાથે ભાગ લેવો જોઈએ, કેમ કે આપણા લોકશાહી દેશનું ભવિષ્ય-ભાગ્ય પૂરી રીતે આ અભિનવ ચેતનાની અભિવૃદ્ધિ પર નિર્ભર છે.

પ્રજાજનો અવિકસિત, પછાત અને ટૂંકી દૃષ્ટિવાળા હોય તો તેમની કક્ષાને અનુરૂપ વ્યક્તિઓ ચૂંટણીમાં વિજયી બનશે અને એ પ્રજા જેવી જ સરકાર બનશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આમાં ઉચ્ચ પ્રકારના લોકો ચૂંટાઈ જ ન શકે. કહેવાની જરૂર નથી કે આ પ્રક્રિયા ચાલતી રહે તો કદી પણ પરિષ્કૃત શાસનનો લાભ પ્રજાજનોને મળી શકશે નહિ. ભ્રષ્ટ જનતા દ્વારા ભ્રષ્ટ શાસન અને ભ્રષ્ટ શાસન દ્વારા જનતાની ભ્રષ્ટતામાં વધારે અભિવૃદ્ધિ.

આ વિશ્લેષણથી એ નિર્ણય ઉપર પહોંચવું પડે છે, કે **જો લોકશાહીનો વાસ્તવિક લાભ લેવો હોય તો તેની એક જ શરત છે કે તે દેશના પ્રજાજનોએ જાગૃત અને જવાબદાર હોવું જોઈએ. તેમને પોતે મતદાતા હોવાનું ગૌરવ હોવું જોઈએ અને જવાબદારી સમજવી જોઈએ. દરેક નાગરિકના મનમાં આ વાત ઠાંસીઠાંસીને ભરેલી હોવી જોઈએ કે તેના હાથોમાં સમસ્ત રાષ્ટ્રને સુશાસન આપવાની ચાવી આપવામાં આવી છે. તેનાથી તે દ્વાર ખૂલે છે, જેમાં થઈને કોઈ રાજા સિંહાસન પર બિરાજમાન થાય છે.** રાષ્ટ્રના ભવિષ્યનો વિકાસ અને વિનાશનો, પ્રગતિ અને અધોગતિનો બધો આધાર એ જ બિંદુ પર કેન્દ્રિત રહે છે કે પ્રજાજનો પોતાના મતદાનનું કેટલું મહત્ત્વ સમજે છે અને કેવી રીતે તેનો ઉપયોગ કરે છે.

લોકશાહી શાસનનું સર્વપ્રથમ સૌથી મહત્ત્વપૂર્ણ કાર્ય એ જ હોવું જોઈએ કે તે મતદાતાને જાગૃત બનાવવા માટે રેડિયો, ટેલિવિઝન, સરકારી છાપું, માહિતી વિભાગ, પ્રચાર વિભાગ, સિનેમા વગેરે કેટલાંય સાધનો છે, શિક્ષણ વિભાગનાં પાઠ્યપુસ્તકો સરકાર પોતે નિયત કરે છે, આમાંથી પ્રત્યેકમાં મતદાતાને તેના મતની ગરિમા સમજવાની અને તેનો ઉચિત ઉપયોગ કરી શકવાની ચેતના જાગૃત થઈ શકે તેના માટે વધુમાં વધુ સ્થાન રહેવું જોઈએ. ભારતીય પછાત જનતાને જાગૃત બનાવવી એ આપણી રાજનૈતિક ચેતનાનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ. જ્યાં સુધી ચૂંટણીઓ હાથચાલાકીના આધારે લડવામાં અને જીતવામાં આવતી રહેશે ત્યાં સુધી કોઈ પણ પ્રજાસત્તાક દેશની વાસ્તવિક ઉન્નતિ થઈ શકશે નહિ.

આ આંદોલનને વિશુદ્ધ લોકશિક્ષણ સુધી સીમિત રહેવા દેવામાં આવે. પક્ષોની પારસ્પારિક નિંદા-ટીકાથી તેને દૂર રાખવામાં આવે. ચૂંટણી વખતે દૂરદર્શિતા અપનાવવા માટે મતને રાષ્ટ્રદેવતાનાં પવિત્રતમ અમાનત સમજવા માટે તેને તુચ્છ સ્વાર્થપરાયણતા અને સંકુચિતતાથી ઊંચો રાખવો માટે દરેક મતદાતાને પ્રશિક્ષિત કરવો જોઈએ. આ લોકશિક્ષણ જ વસ્તુતઃ આપણી સૌથી મોટી રાષ્ટ્રીય આવશ્યકતા છે અને તેની પૂર્તિ માટે, જે આપણા લોકશાહી દેશનું ઉજ્જવળ ભવિષ્ય જોવા માટે ઈચ્છુક અને ઉત્સુક હોય તે બધા જ દેશભક્તોએ પ્રયત્નશીલ બનવું જોઈએ.

**મત કોઈપણ પેટીમાં નાખી દેવાનું કોઈ મહત્ત્વ નથી, લોકશાહીમાં મત ખોટી વ્યક્તિને આપવો એ એક પ્રકારનું પાપ છે અને પતનને પ્રોત્સાહન આપવા બરાબર છે. તેથી જ મતનું મહત્ત્વ સમજવું જોઈએ. અને પોતાનો મત એવા જ ઉમેદવારને આપવો જોઈએ જે દેશનું, સમાજનું અને પ્રત્યેક વ્યક્તિનું હિત સાધી શકે.** જે ન્યાયપ્રિય, પ્રામાણિક, નિર્લોભી, ત્યાગી અને જનસેવી છે, એવી જ વ્યક્તિને ચૂંટવી જોઈએ. પછી ભલે તે કોઈપણ જાતિ, દળની કેમ ન હોય ? પ્રજાના મત પર જ લોકશાહીની સફળતા ટકેલી છે. તેનો સદુપયોગ બહુ સમજી વિચારી રાષ્ટ્રીય હિતમાં કરવો જોઈએ.

આચાર્ય ચાણક્ય ત્યારે તક્ષશિલા વિશ્વવિદ્યાલયના કુલપતિ હતા. દેશના ધનસંપન્ન માણસો તથા રાજવી લોકો તેમને આર્થિક સહાય આપતા હતા. જરૂરત ઊભી થતાં આચાર્ય પોતે પણ સાધનસંપન્ન વ્યક્તિને સૂચના આપી ધન મંગાવી લેતા હતા. એક શિષ્યે શંકા કરી, 'આચાર્યશ્રી ! આપ પરીક્ષાના રૂપમાં લોકો પાસે ધનની યાચના કરો છો? 'ચાણક્યએ કહ્યું' નહિ વત્સ, અમે રાષ્ટ્રના હિતમાં કામ કરીએ છીએ. મોટાં કાર્યો અનેક વ્યક્તિઓના સહયોગથી જ ચાલે છે. અમારી પાસે જે છે તે અમે કામમાં લગાવીએ છીએ. અન્ય ભાવનાશીલોની પાસે ભગવાને આપેલું ઘણું બધું છે.તેમને પ્રેરણા આપીને શ્રેષ્ઠ કાર્યોમાં તેમનાં સાધનોને ઉપયોગમાં લેવાં એ પણ પુણ્ય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હરતી-ફરતી પ્રતિમાઓને પ્રેમ કરો

ભગવાન સત્યનારાયણના એક હાથમાં પ્રેમરૂપ કમળ પુષ્પ અને બીજા હાથમાં ન્યાયરૂપ ગદા છે. પ્રેમને પુષ્પની ઉપમા બહુ સમજી વિચારીને કરવામાં આવી છે. નિર્દોષ, પવિત્ર, સુંદર, કોમળ, સુગંધિત, ચિત્તાકર્ષક ગુણોવાળું પુષ્પ નજરે પડતાં જ હૃદયમાં એક સ્પંદન પેદા કરે છે. ઉત્સુક ચિત્ત તેને મન ભરીને જોવા, પોતાની પાસે રાખવા અને સ્પર્શ કરવા ઝંખે છે. પ્રકૃતિની આધ્યાત્મિક ચેતનાનું પ્રતિનિધિત્વ પુષ્પો કરે છે. તેઓ એ વાતની માહિતી આપે છે કે અમારી પાછળ મહત્ત્વપૂર્ણ ફળ આ જ ડાળી પર આવી રહ્યાં છે અને તે ફળોની અંદર દર મોસમમાં અમારા જેવાં અનેક પુષ્પો ખીલવાની ક્ષમતા હશે. સંસારમાં કોઈ એવું નથી જેને પુષ્પ પ્રિય ન હોય; કેમ કે તેની અંદર મીઠાશનો બહુ મોટો ભંડાર છુપાયેલો પડ્યો છે. જોવામાં મીઠાશ, સ્પર્શવામાં મીઠાશ, સૂંઘવામાં મીઠાશ-ચારે તરફ તેમનામાં મીઠાશ જ મીઠાશ છે. મધમાખીઓ તો એક સૂક્ષ્મ મીઠાશને સ્થૂળ રૂપમાં પણ લઈ આવે છે. ફૂલોને ચૂસી ચૂસીને મધથી પોતાનો મધપૂડો ભરી દે છે.

પ્રેમ, ચૈતન્ય આત્માના સર્વોત્તમ ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. જડ વસ્તુઓનો એ નિયમ છે કે તેઓ ખેંચાઈને પરસ્પર એકબીજામાં ભળવાનો પ્રયત્ન કરે છે. ધૂળમાં ભળેલા ધાતુઓના કણ પરસ્પરની આકર્ષક શક્તિના બળે ખેંચાઈ ખેંચાઈને એક સ્થાને એકઠા થવાનું શરૂ થાય છે અને એક દિવસ મોટી મોટી ખાણો જમા થઈ જાય છે. આ આકર્ષક શક્તિ ચૈતન્ય તત્ત્વોમાં વધુ તીવ્ર બની જાય છે. જડ તત્ત્વોને જુઓ, તેમનું જીવન એકબીજાને કશુંક દાન કરવા અને પ્રેમથી નિકટતમ રહેવા માટે હરઘડી ક્રિયાશીલ થઈ રહ્યાં છે. નાળાં, નદીઓની સાથે પોતાને એકરૂપ કરી દેવા માટે દોડી રહ્યાં છે અને નદીઓ સાગર ભણી ભાગી રહી છે. આમાંથી કોઈ પોતાના સંકુચિત સ્વાર્થમાં તલ્લીન નથી, પરંતુ પોતાનાથી અધિકની સાથે તલ્લીન બનીને અધિકસ્ય અધિકમ્ ફલમ્ અધિક પાસેથી અધિક ફળનો લાભ ઉઠાવવા પ્રયત્નશીલ છે. જ્યારે પાણીના નાના-મોટા બધા સ્રોત સમુદ્ર પણ આ જ નીતિનું અનુસરણ કરે છે. વાદળોને તે પોતાની સંપત્તિ આપે છે અને એ પ્રેમી વાદળાં તે ભારને પોતાના ખભે ઉપાડી સૃષ્ટિ ઉપર વરસાવી દે છે. આ રીતે તે નદી-નાળાનું તારતમ્ય યથાવત્ જળવાઈ રહે છે. આ અખંડ પ્રવાહ જે દિવસે ખંડિત થઈ જશે, તે દિવસે સંસાર ત્રાહિમામ્ પોકારશે. પોતાની યોગ્યતાઓને જડ જગતમાં કોઈપણ પોતાને માટે રોકી નથી રાખતા, પરંતુ પવિત્ર હૃદયથી બીજાઓને આપવા માટે નિરંતર ઉદ્યોગશીલ રહે છે. આત્મા સૌથી મોટું ચૈતન્ય તત્ત્વ છે. આ આકર્ષણ તેનામાં સર્વથી અધિક છે. તેનામાં બીજાઓના પક્ષમાં પોતાના ક્ષણિક સ્વાર્થનો ત્યાગ કરીને તેની સાથે એકરૂપ થવાનો ઈશ્વરદત્ત સ્વભાવ શાશ્વતકાળથી ચાલ્યો આવે છે. એક મનુષ્ય બીજાને પોતાની યોગ્યતાઓ હંમેશાં આપે છે. ઘર ઘરમાં જુઓ- માતાપિતા પોતાનાં સંતાનો માટે કેટલો આત્મત્યાગ કરે છે ! પતિ-પત્ની આપસમાં કેટલાં ઉદાર અને દાની હોય છે ! આ અખંડ પ્રવાહ સૃષ્ટિને સુવ્યવસ્થિત રાખે છે. જે દિવસે આત્મદાની શૃંખલા તૂટી જશે તે જ દિવસ પ્રલયનાં દૃશ્યો ઉપસ્થિત થઈ જશે.

અખંડ-આત્મીયતા પ્રેમની બીજી સીડી છે. સંસારમાં વિભિન્ન આકૃતિવાળાં પ્રાણીઓ નજરે પડે છે, તો પણ તેમનામાં આત્મીયતા હોય છે. આ દુનિયામાં પરાયું કાંઈ નથી. બધું આપણું છે અથવા આપણું કાંઈ નથી બધું પરાયું છે. ચાહો તે કહો ભાવ એક જ છે. કુટુંબનો સૌથી વડીલ વૃદ્ધ પુરુષ સમગ્ર પરિવારને એક સમજે છે તેથી તેને પોતાનું ધ્યાન ઓછું રહે છે અને કુટુંબીઓની સમસ્યાઓ ઉકેલવામાં તે પોતાની બધી શક્તિ ખર્ચે છે. તે બીમાર છે, તેને દવા જોઈએ તેને શાળાએ જવાનું છે, ફી જોઈએ. તેનો વિવાહ છે, કપડાં જોઈએ વગેરે બાબતમાં સર્વ કોઈનું ધ્યાન રાખે છે અને સંજોગોનુસાર બધી વ્યવસ્થા કરે છે. આ રીતે સમગ્ર સૃષ્ટિ સાથે આત્મીયતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોડી દવાથી બીજાઓનાં સુખદુઃખ પોતાનાં સુખદુઃખ બની જાય છે. તે જાણે છે કે બધા પ્રાણો એક જ સૂત્રમાં પરોવાયેલા છે.જ્યાં સુધી સંસારમાં પાપો વધેલાં છે ત્યાં સુધી મારો પણ છુટકારો થઈ શકવાનો નથી. આમાંથી દરેક એક જવાબદારીથી બંધાયેલાં છે કે પડોશીઓની શાંતિ અને સુવ્યવસ્થામાં વધુને વધુ સહકાર આપે. જે પોતાના આ કર્તવ્યને ભૂલીને બીજાઓને પાપના કાદવમાં ફસાવા દે છે, તે પોતે જ તેને માટે જવાબદાર બનેછે અને તેનું ફળ ભોગવે છે. કોઇના પડોશમાં આગ લાગે અને ઊભો ઊભો તમાશો જોતો રહે, તો થોડી વાર પછી તે અગ્નિજવાળા તેના ઘર તરફ આગળ વધશે અને પડોશીની જેમ તેને પણ એ જ રીતે જલાવી દેશે દૈવી દુર્ઘટનાઓ આવાં જ સાર્વભૌમ પાપોનું પરિણામ હોય છે. જ્યાં સંસારમાં પાપો ખૂબ વધે તો તેમની દુર્ગંધથી સમગ્ર આકાશ ભરાઈ જાય છે. તેની પ્રતિક્રિયાથી જ્યારે દુકાળ, ભૂકંપ, કૉલેરા, યુદ્ધ વગેરે દૈવી દુર્ઘટનાઓ સર્જાય છે તો તેનું ફળ બધાએ ભોગવવું પડતું હોય છે. ઘણી નિર્દોષ વ્યક્તિઓ પણ આ ચક્રમાં પીસાઈ જાય છે. વાસ્તવમાં તેઓ નિર્દોષ નથી, કેમ કે એકનાં પાપોનું ફળ બીજાઓને પણ ભોગવવું પડે છે. પિતાએ કરેલું દેવું જ્યારે પુત્ર પાસેથી વસૂલ કરવામાં આવે છે, ભાઈના અપરાધનો દંડ ભાઇને જ કરી શકાય છે. પ્રભુએ આપણને પોતાના રાજકુમાર બનાવીને આ સૃષ્ટિમાં સુવ્યવસ્થા રાખવા માટે મોકલ્યા છે. જો આપણે આપણું કર્તવ્ય ભૂલી જઈએ અને પાપોને વધવા દઈએ તો પરમેશ્વર-પિતાના દરબારમાં આપણને, ભાગી છૂટેલી સેનાના સેનાપતિને અપમાનિત કરવામાં આવે છે એમ જ દોષિત ઠેરવવામાં આવશે. જેના બગીચામાં વૃક્ષોની દુર્વ્યવસ્થા થઈ રહી હોય, સારાં વૃક્ષો સુકાઈ રહ્યાં હોય અને કાંટાળાં ઝાડ-ઝાંખરાં વધી રહ્યાં હોય તે માળીને તેનો માલિક કદી પણ સારી નજરે નહિ જુએ. પરમાત્માને પ્રસન્ન કરવાની આ જ રીત છે કે આપણે તેની ફૂલવાડીને લીલીછમ રાખીએ અને વધુમાં વધુ સુંદર બનાવવામાં આપણી બધી શક્તિ લગાવી દઈએ. બીજાઓને પોતાના સમજીને આપણે તેમને એક રીતે ખરીદી લઈએ છીએ. જેને આપણે પોતાના સમજીએ છીએ તે અવશ્ય આપણને પણ પોતાના સમજશે. આ રીતે જેટલો પ્રેમસંબંધ આપણે અધિક વધારીએ છીએ એટલો જ સ્વાર્થને દૂર કરીને પોતાની મહત્તાનો અભ્યાસ વધારીએ છીએ. પરમાત્માને પ્રેમ કરવાની રીત એ છે કે તેની હરતીફરતી પ્રતિમાઓને પ્રેમ કરીએ. જે ચૈતન્ય નરનારાયણોની સેવા કરવાનું છોડીને જડ પદાર્થોના ટુકડાઓ પર માથું પછાડે છે તેની બુદ્ધિ જડ કહેવાશે. બીજાઓને પોતાનાં સમજવાં અને તેમની સાથે આત્મીયતાભર્યો વ્યવહાર કરવો, તેમાં ધર્મનો બધો મર્મ છુપાયેલો છે.

પ્રેમનું ત્રીજું સ્વરૂપ છે - અખંડ બ્રહ્મયજ્ઞ. સાધારણ શુભકર્મોમાં અને યજ્ઞમાં એ અંતર છે કે સાધારણ કામોને તો બધા લોકો સ્થૂળ નેત્રોથી ચર્મચક્ષુથી જુએ છે અને તેના સારા નરસાપણાનો જાડી બુદ્ધિથી નિર્ણય કરી લે છે, પરંતુ યજ્ઞની બાબતમાં એવી વાત નથી. અગ્નિહોત્રોને યજ્ઞ કહેવામાં આવે છે પરંતુ કેવળ તે જ યજ્ઞ નથી, બીજા યજ્ઞ પણ છે. ગીતામાં જ્ઞાનયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, જપયજ્ઞ વગેરે અનેક પ્રકારના યજ્ઞો દર્શાવ્યા છે. હા, અગ્નિહોત્રો પાસેથી યજ્ઞના વાસ્તવિક સ્વરૂપનો નિર્ણય કરી શકાય છે. અગ્નિમાં બહુમૂલ્ય સામગ્રીનો હવન કરવો સ્થૂળ બુદ્ધિવાળાની દૃષ્ટિએ એક પ્રકારનું નિરર્થક કામ છે, તેમાં તેમને કદાચ જ કોઈ લાભ જણાય, પરંતુ વિવેકશીલ તત્ત્વદર્શી જાણે છે કે આનાથી વિશેષ લાભદાયી બીજું કાર્ય ભાગ્યે જ કોઈ હોય. હવન કરેલા પદાર્થો સૂક્ષ્મ થઈને ઉચ્ચરિત્ર મંત્રોની સદ્ભાવના સાથે નિશ્ચિત થઈને અખિલ આકાશતત્ત્વમાં વ્યાપ્ત થઈ જાય છે અને સૃષ્ટિના અગણિત જીવોને વિવિધ પ્રકારે સુખ પહોંચાડે છે. આ રીતે એક રૂપિયાની હવન સામગ્રીથી સંસારને જેટલો લાભ થઈ શકે છે, તે સ્થૂળ પ્રકારના હજારો રૂપિયાના લાભ કરતાં વધારે છે, પરંતુ આ મહત્ત્વને સમજનાર બહુ જ ઓછા લોકો હોય છે. આ જ રીતે શુભ સંકલ્પોનો યજ્ઞ એટલો ઉચ્ચ કોટિનો છે કે તેની સમતામાં મોટા મોટા સેવા-ઉપકાર અને દાન-પુણ્ય તુચ્છ છે. હંમેશાં શુભ વિચારોની સામગ્રીને જીવનયજ્ઞમાં હોમવાનો બ્રહ્મયજ્ઞ વિશ્વના સંપૂર્ણ યજ્ઞોમાં ઊંચામાં ઊંચી કોટિનો છે. વિચાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક મૂર્તિમાન પદાર્થ છે, જે વરાળની જેમ ઊડે છે અને વાદળોની જેમ વરસે છે. જ્યારે આપણા મસ્તકમાંથી કોઈ સારો કે નરસો વિચાર નીકળે છે તો તે આકાશમાં ઊડી જાય છે અને આમતેમ ઘૂમતો રહે છે. રેડિયો સ્ટેશનથી બ્રૉડકાસ્ટ કરેલી લહેરો જ્યાં રેડિયોસેટ લાગેલ હોય તે સ્થાનોમાં સ્પષ્ટ સંભળાય છે. લહેરો આ જ રીતે આ વિચારો, જેમના મનમાં આવા જ કંઈક ભાવો જાગી ઊઠતા હોય તે લોકોના મસ્તકમાં ટકરાય છે. જો આપણે હંમેશા સારા વિચારો કરતા હોઈએ તો એ વિચારો, ભલાઈ કરવાની વાત થોડી થોડી વિચારતા લોકોને બહુ મોટું પ્રોત્સાહન પુરું પાડશે. વિચારોનો કદી નાશ થતો નથી અને તેમની દોડવાની શક્તિ એટલી ઝડપી છે કે થોડી ક્ષણોમાં પૃથ્વીના એક છેડેથી બીજા છેડા સુધી પહોંચી જાય છે. કોઈ વ્યક્તિ સાચા માર્ગ પર ચાલવાનો વિચાર કરે છે, તે સમયે આપનો કોઈ અન્ય સમયમાં ફેલાયેલો શુભ વિચાર તેની પાસે પહોંચે છે અને તેને બમણો ઉત્સાહી બનાવે છે. ફળસ્વરૂપે તે શુભ કર્મ કરે છે અને આગળને માટે પણ એ જ માર્ગનો અભ્યાસી થઈ જાય છે. તેના પ્રયત્નથી અન્ય લોકો પર એવો જ ઉપકાર થાય છે. આ વેલ વધતી રહે છે અને સંસારમાં દૈવી સંપત્તિનો વિકાસ થાય છે, ધર્મની ઉન્નતિ થાય છે, દુનિયામાં સુખશાંતિ વધે છે. આટલું મોટું કામ આપના તે નાનકડા વિચારથી થયું હતું, તેથી તેનું બહુ મોટું પુણ્યફળ આપને મળશે.

પોતે સદા શુભ વિચાર કરવો, સત્ય, પ્રેમ, ન્યાય, ઉદારતા, સહાનુભૂતિ, દયા વગેરેની ભાવનાઓ મનમાં ધારણ કરવી અને એવા જ વિચારો બીજાઓના મનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે ભરવાનો પ્રયત્ન કરતા રહેવું એ બ્રહ્મયજ્ઞ છે. 'અખંડ' શબ્દ તેમની સાથે એટલા માટે જોડવામાં આવ્યો છે કે ક્યારેક શુભ અને ક્યારેક અશુભ, ક્યારેક સારા અને ક્યારેક નરસા વિચાર કરવાથી એટલો લાભ થતો નથી. જેવી રીતે સારા વિચારો સંસારનું કલ્યાણ કરે છે એ જ રીતે ખરાબ વિચારો અનિષ્ટ પણ કરે છે. ક્યારેક ઈષ્ટ, ક્યારેક અનિષ્ટ, કદી પૂર્વ તો કદીક પશ્ચિમ, આ કાંઈ સારી વાત નથી. તેથી જે કાંઈ સારું કાર્ય કરીએ, તેમાં વિલંબ ન થવો જોઈએ કે ન ઉપેક્ષા. જેવી રીતે આપણે દરરોજ શૌચક્રિયા કરીએ છીએ, સ્નાન કરીએ છીએ, ભોજન કરીએ છીએ, સૂઈ જઈએ છીએ તે જ રીતે, પોતે સારા વિચારો કરીએ અને બીજાઓને સારાં સારાં ઉપદેશ આપીએ. વિચારોની અનંત શક્તિનો અનુભવ કરીએ અને જ્યારે પણ તેમનો પ્રચાર કરવાની તક મળે ત્યારે પ્રયત્ન કરીએ. ઘરના, બહારના પરિચિત, અપરિચિત, વિદ્વાન, મૂર્ખ કોઈની પણ સાથે વાર્તાલાપ કરવાની તક મળે ત્યારે તેની સાથે સત્ય, પ્રેમ અને ન્યાયની ચર્ચા કરીએ. તેને બુરાઈ છોડી ભલાઈ શીખવાની સલાહ આપીએ. આ સુધાર દ્વારા આપણે તેની સાથે સાચા પ્રેમનો પરિચય આપી શકીશું. કોઈને મીઠાઈ આપવામાં આવે તો તે સમજશે કે એણે મને પ્રેમ કર્યો, પરંતુ બ્રાહ્મણ આ મૂર્ખતાને ઓળખે છે. તે મીઠાઈ દ્વારા નહીં, વિચાર દ્વારા તેને નક્કર લાભ પહોંચાડવા ઇચ્છે છે. દુનિયા યજ્ઞનું મહત્ત્વ સમજતી નથી. ભલે ન સમજે, પરંતુ એક આધ્યાત્મિક વ્યક્તિને તેની અંદર બહુ મોટો લાભ દૃષ્ટિગોચર થાય છે. આપણે અખંડ બ્રહ્મયજ્ઞને નિરંતર ચાલુ રાખીને પ્રાણીમાત્ર સાથે સર્વોચ્ચ કોટિનું પ્રેમ પ્રદર્શન કરતાં કરતાં પોતાનું કલ્યાણ કરી શકીએ છીએ.

તથાગત બોધિવૃક્ષને સાષ્ટાંગ દંડવત્ કરી રહ્યા હતા. શિષ્યે આશ્ચર્ય સાથે પૂછ્યું, "આપ તો પૂર્ણ છો, પછી આ તુચ્છ વૃક્ષને આટલું સન્માન કેમ આપો છો ?" બુદ્ધે કહ્યું, "તમને બધાને એ બોધ આપવા કે જે નમે છે તે મોટા હોય છે. એવું ન બને કે તમે લોકો અહંકારી બની નમન કરવાની પરંપરા ભુલાવી દો. ઈશ્વરીય માર્ગમાં આ રીતની મોટાઇની મહત્ત્વાકાંક્ષાઓ પેહલાં છોડવી પડે છે. આ સંસ્કાર બરાબર જાગૃત રાખવા જોઇએ."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરંપરાઓમાં છુપાયેલા તર્ક

આપણને આપણા વડીલો દ્વારા ડગલે ને પગલે વારંવાર સૂચનાઓ મળે છે. આ ન કરો, તે ન કરો. આમ કરવાથી અશુભ થશે, આમ કરશો તો શુભ થશે, સફળતા મળશે વગેરે-વગેરે. પેઢી દર પેઢી ચાલી આવતી આ પારંપરિક વાતો અને રીતરિવાજોથી ભાગ્યે જ કોઇનું દૈનિક જીવન વર્જ્ય હશે. ક્યારેક ક્યારેક તો એવું લાગે છે કે આપણા જીવનના એક મોટા ભાગ પર તેનો અંકુશ છે.

જો આપણે ઊંડાણથી વિચારીએ તો એમ જણાશે કે પરંપરા કે રીત-રિવાજો એમ જ બનાવાયાં નથી. એની પાછળ સ્પષ્ટ કારણ હોય છે, એની સાથે કેટલાંક મૂલ્યો જોડાયેલાં હોય છે. એવી કેટલીક વાતો જરૂરી હોય છે, જેની મનાઇ માટેનું યોગ્ય કારણ સમજાતું નથી; પરંતુ કેટલીક વાતો એવી છે, જે તર્કની કસોટીથી સાવ સાચી ઠરે છે.

આપણી સામાજિક પરંપરાઓમાં બ્રાહ્મણો અને બ્રહ્મચારીઓને સંયમી જીવન જીવવાનું કહ્યું છે, એનું મૂળ કારણ એ છે કે તેઓ ઉત્તેજનાથી બચે. અહીં બ્રાહ્મણ એટલે જાતિ વિશેષ નહિ, પણ જ્ઞાનના ઉપાસકો એમ સમજવાનું છે. યોગ્ય આચાર-વિચારના અભાવે ભવ્ય જ્ઞાન સાધના કઇ રીતે સંભવી શકે ?

આ રીતે સૂર્ય અથવા ચંદ્રગ્રહણ વખતે ઘરમાં રાખેલું ભોજન ફેંકી દેવાની પ્રથા છે. હવે વૈજ્ઞાનિક શોધોથી એ સાબિત થયું છે કે ગ્રહણ વખતે નીકળતાં કિરણો નુકસાનકારક હોય છે અને ખાદ્યપદાર્થોને નુકસાન પહોંચાડે છે.

એવી જ રીતે આજે આપણી ચારે બાજુ હિંસાનું જે વાતાવરણ ફેલાયેલું છે, એનું એક મુખ્ય કારણ સાત્વિક ભોજનનો અભાવ છે. ભારતીય પ્રથા હેઠળ હંમેશાં શુદ્ધ-સાત્વિક ભોજનની રીતિનીતિ રહી છે. ભોજન આપણા સંપૂર્ણ વ્યક્તિત્વને પ્રભાવિત કરે છે. આ વાત વૈજ્ઞાનિક પદ્ધતિએ સાચી પુરવાર થઇ છે. એટલું જ નહિ એનાથી માત્ર આપણું શરીર જ નહિ મન પણ પ્રભાવિત થાય છે, એ પણ સાબિત થઇ ગયું છે. એવામાં જો હિંસાથી ભરેલા તામસિક ભોજનનો ત્યાગ કરી શકતા નથી તેઓ તામસિક પ્રવૃત્તિઓથી કઇ રીતે બચી શકે ?

ભારતીય સંસ્કૃતિમાં મંદિરમાં અથવા પૂજા-ઉપાસનામાં ઘંટનાદની પ્રથા છે. ઘંટ મંગલધ્વનિનું પ્રતીક છે. ઘંટનો રણકાર વાતાવરણમાં પવિત્રતાનો ભાવ ભરી દે છે. મનમાં આધ્યાત્મિકતાનો ભાવ જગાડે છે. ઘંટનાદ બીજા અવાજો અને વિચારોને ભુલાવી મનને એકાગ્ર કરવામાં પ્રેરણા આપે છે. પૂજા-ઉપાસના, દેવ-દર્શન આ બધું શાંતિ અને આનંદ મેળવવા માટે જ કરવામાં આવે છે, પરંતુ જ્યાં સુધી મનમાં વિવિધ ભાવ અને ધ્વનિ ભરેલાં હશે, ત્યાં સુધી શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવાનું કેવી રીતે શક્ય બનશે ?

પરંપરાઓની આ શૃંખલામાં ભારતમાં કોઇપણ ધાર્મિક અનુષ્ઠાન કરતી વખતે કળશ સ્થાપના કરવાની પ્રથા છે. તે સંપૂર્ણતા અને સમૃદ્ધિનું પ્રતીક છે. કળશના મુખ પર વિષ્ણુ, કંઠમાં રુદ્ર અને મૂળમાં બ્રહ્માનો વાસ છે એમ માની એની સરખામણી સૃષ્ટિકર્તા વિરાટ પુરુષ સાથે કરવામાં આવી છે. આથી, પૂર્ણઘટ બ્રહ્માંડના સર્જનનું પ્રતીક છે. આમ્રપલ્લવવાળો કળશ જ પરિપૂર્ણ હોય છે. આંબો એક સદાબહાર વૃક્ષ છે. એ સર્જન પછી જીવનની નિરંતરતાનું બોધક છે. માટે ધાર્મિક અનુષ્ઠાનમાં સૌથી પહેલાં કળશની સ્થાપના થાય છે અને મૃત્યુ થતાં જીવનની સમાપ્તિના પ્રતીકરૂપે ઘડો ફોડી નાંખવામાં આવે છે. એનો વૈજ્ઞાનિક આધાર એ છે કે મંગળ કળશ બ્રહ્માંડીય ઊર્જાને પોતાનામાં કેન્દ્રિત કરી આસપાસ ફેલાવી વાતવરણને દિવ્ય બનાવે છે.

આ રીતે આ વાત સ્વીકારવી યોગ્ય છે કે પરંપરાઓમાં પણ વિવેક છુપાયેલો છે. હા ! એનો અર્થ એ નથી કે આપણે બધી પરંપરાઓ માનવા લાગીએ. પરંતુ એટલું તો સાચું કે આપણા વડીલો દ્વારા કહેલી વાતો એકદમ નકારીએ નહિ, પણ એને જ્ઞાન-વિજ્ઞાન અને તર્કની કસોટી પર કસીએ અને જો એમાં તાત્પર્ય હોય તો સ્વીકારવામાં સહેજ પણ અચકાઇએ નહિ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નિષ્કામ કર્મની સાધના

કર્મ જ્યાં સુધી સાધન બને છે ત્યાં સુધી તે બંધનનો જ પર્યાય છે. પણ જેવું કર્મ સાધના બને છે તો એનાથી મુક્તિ પ્રવાહિત થવા માંડે છે. નિષ્કામ કર્મ, કર્મની સાધના જ છે. એટલા માટે એને સર્વશ્રેષ્ઠ કર્મ કહ્યું છે. આ કર્મથી અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર બને છે. એમાં પ્રસિદ્ધિ, યશ, માન-સન્માનની કોઇ ઇચ્છા થતી નથી. એમાં આપણા મનોરથો, ઇચ્છાઓ, લાલસાઓ કે અભિરુચિઓનો કોઇ આગ્રહ હોતો નથી. આ કર્મ અહંકાર પુષ્ટિ માટે કરવામાં આવતું નથી, એ કેવળ ભગવાન માટે અને ભગવાનની આજ્ઞાથી કરવામાં આવે છે. અહંકારયુક્ત કર્મ જગત માટે ગમે તેટલું સારું હોય પણ કર્મયોગ માટે યોગ્ય નથી.

ગીતા મુજબ સાધના કરવા માટે કોઇપણ કર્મને એનું ક્ષેત્ર બનાવી શકાય છે જે ભાવ અને ચેતનાથી કોઇ કર્મ કરવામાં આવે છે તે જ તેને એનું સ્વરૂપ પ્રદાન કરે છે. કર્મના પોતાનામાં કાંઇ વિશેષ નથી. એમાં રહેલો ભાવ જ એને વિશેષતા આપે છે. ભાવ વિશેષથી કામના રહિત કે મુક્ત કર્મ પણ શક્ય છે. આપણી સત્તા પુરુષ પ્રકૃતિ ગુણોના કર્મની અંદર પણ અનાસક્ત થઇ શકે છે. બાહ્ય સત્તા પણ અનાસક્ત છે. સંપૂર્ણ સત્તા કામના કે આસક્તિ રહિત બની જાય છે અને પછી કર્મ કરવું શક્ય બને છે. કામના સિવાય કર્મ કરી શકાય છે. આસક્તિ રહિત પણ કર્મ થઇ શકે, અહંકાર વિના પણ કર્મ કરવું શક્ય છે.

શ્રી અરવિંદ કહે છે, મનુષ્ય કર્મ કરી શકે છે અને આંતરિક રૂપે તે સ્થિર શાંત રહી શકે છે. સ્થિરતાનો અર્થ એ નથી કે મન ખાલી થઇ જાય કે કોઇ કાર્ય કરવામાં જ ન આવે. તેવો આગળ કહે છે કે મનુષ્યે હંમેશા અંદરથી કાર્ય કરવાનું શીખવું જોઇએ. પોતાની આંતરિક સત્તાથી કાર્ય કરવાનું શીખવું જોઇએ. કારણ કે આ સત્તા ભગવાનના સંપર્ક અને સાનિધ્યમાં રહે છે. બાહ્ય સત્તા એક યંત્ર હોવી જોઇએ અને એને બિલકુલ પોતાની વાણી, વિચાર કે ક્રિયાને વશ કે પ્રેરિત ન કરવા દેવી જોઇએ. કર્મ યથાર્થ ચેતનાના અંગ રૂપે અંદર જ કરવું જોઇએ. સામાન્ય ચેતનાની અસ્તવ્યસ્તતા અને ચંચલ મનથી કરેલું કર્મ ધાર્યું પરિણામ આપતું નથી.

શ્રી અરવિંદ કહે છે કે વ્યક્તિ એક જ સમયમાં અભીપ્સા અને કર્મ બંને કરી શકે છે. એવું કરનાર જીવન્મુક્ત વ્યક્તિ કોઇ બંધન અનુભવતી નથી. બધાં કામ્ય કર્મોમાં તે પોતે જ પૂર્ણરૂપે સ્વતંત્ર અનુભવ કરે છે. કારણ કે તે પોતે વ્યક્તિગત રૂપે કર્મ કરતા નથી. એમાં તુચ્છ અહંકાર જણાતો નથી, પણ કર્મ તો એમના દ્વારા વૈશ્વિક શક્તિ કરે છે. કર્મની એ જ સીમા છે, જેને ખુદ વૈશ્વશક્તિ પોતે પોતાના કર્મમાં નિર્ધારિત કરે છે.

જીવન્મુક્ત પુરુષોનો અનુભવ છે કે કર્મ કરતી વખતે પણ સચેતન રહી શકાય છે. જો કે ધ્યાનાવસ્થામાં સચેતન રહેવું સહજ છે, પરંતુ કર્મ કરતી વખતે એ મુશ્કેલ હોય છે. ભગવાનનું સ્મરણ થતું રહેવું અને કર્મમાં સચેતન રહેવું ધીમી ક્રિયા છે. શ્રી અરવિંદના મતાનુસાર એ બે રીતે થાય છે. (૧) જો કોઇ વ્યક્તિ પળેપળે કાર્ય કરતી વખતે ભગવાનનું સ્મરણ કર્યા કરે અને એને કર્મ અર્પણ કરવાનો અભ્યાસ કરતો રહે. આ રીતે સતત અભ્યાસથી પ્રકૃતિ માટે આ સ્વાભાવિક બની જાય છે. (૨) ધ્યાન કરવાથી એક આંતરિક ચેતના વિકસે છે અને ક્રમશઃ સ્થાયી થવા લાગે છે. મનુષ્ય એને કાર્ય કરનારી બહારની ચેતનાથી જુદી ચેતનારૂપે અનુભવે છે. શરૂઆતમાં જ્યારે મનુષ્ય કર્મ કરતો રહે છે ત્યારે આ પૃથક ચેતનાનો અનુભવ કરતો નથી, પરંતુ જેવું એ કર્મ કરવાનું બંધ કરી દે છે તો તે અનુભવે છે કે તે (ચેતના) પ્રતિપળે ત્યાં વિદ્યમાન હતી અને પાછળથી નિરીક્ષણ કરી રહી હતી. થોડા દિવસ પછી સ્વયં કર્મ વખતે પણ એ ચેતનાનો અનુભવ કરે છે. એ વખતે એવું લાગે છે કે જાણે સત્તાના બે ભાગ હોય, એક નિરીક્ષણ કરવું અને પાછળથી સહારો આપવો. ભગવાનનું સ્મરણ કરવું અને એને અર્પણ કરવું. જ્યારે આવું થાય છે ત્યારે યથાર્થ ચેતનાથી કર્મ કરવાનું અત્યંત સરળ બની જાય છે.

મહાન સાધકોનો આ અનુભવ છે કે કર્મ કરતાં કરતાં પણ ભગવાનની ઉપસ્થિતિનો અનુભવ કરી શકાય છે. કર્મ તો એ ચેતના સાથે એકાકાર અને તદાકાર થઇને પણ નિઃસૃત થતું રહે છે. તે કર્મ કરતાં કરતાં પણ ધ્યાનની તલ્લીનતામાં ડૂબેલો રહી શકે છે. શ્રી અરવિંદ પોતે પણ લટાર મારતાં મારતાં ધ્યાન કરતા હતા.

યોગીઓનો અનુભવ છે કે કર્મ પ્રત્યે પોતાની જાતને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખોલવી એ ચૈતન્યમાં ખોલવા જેવું છે. જે શક્તિ ધ્યાનની અવસ્થામાં ચેતનામાં કાર્ય કરે છે અને તે તરફ ઉદ્‌ઘાટિત થતાં બધી અસ્તવ્યસ્તતા દૂર થઇ જાય છે, તે શક્તિ કર્મને પણ પોતાના નિયંત્રણમાં લઇ શકે છે. એ માત્ર એ કર્મના દોષોનો પરિચય જ કરાવી શકતી નથી, પણ ભાવિ માટે માર્ગદર્શન પણ આપી શકે છે. આ માર્ગદર્શન સદાય સાથે રહે છે. જો કર્મને ભગવદ્-ચેતના તરફ ઉન્મુખ કરી લેવામાં આવે તો પ્રત્યક્ષ રૂપે અનુભવ કરી શકાય છે. એટલે સુધી કે પોતાના દરેક કર્મોની પાછળ ભગવદ્‌શક્તિનો પણ સતત અનુભવ કરી શકાય છે.

સાથે-સાથે કર્મની ચેતના મેળવવા સતત અભીપ્સા રાખવાની જરૂરિયાત છે. એની બીજી પણ કેટલીય રીત છે. (૧) પોતાની ગતિવિધિઓને એવી રીતે જોવાની ટેવ કે ક્ષમતા કેળવવી કે કર્મના પ્રવેશના વેગને આવતો જોઇ શકાય અને એના સ્વરૂપને પણ ઓળખી શકાય. (૨) એક એવી ચેતના આવી શકે જેમાં કોઇ કુવિચાર કે કુકર્મની પ્રકૃતિનો અનુભવ થતાં જ બેચેની થાય. (૩) જ્યારે અનુચિત કર્મ માટે તત્પર થાઓ તો અંદરની કોઇ ચીજ સાવધાન કરી શકે છે અને રોકી શકે છે.

શ્રી અરવિંદ કહે છે જ્યારે પ્રકૃતિમાં રહેલી વસ્તુઓને વ્યક્ત કરે છે ત્યારે જ તે મહત્ત્વપૂર્ણ બને છે. કર્મનો એક મહાન ઉપયોગ એ છે કે એ સ્વભાવની પરીક્ષા કરે છે અને સાધકને એની દૃષ્ટિથી બચી જાય છે એવા બહારની સત્તાના દોષો સામે લાવીને મૂકી દે છે.

કર્મની પ્રકૃતિ વિશે શ્રી અરવિંદ કહે છે પ્રકૃતિ એ શક્તિ છે, જે કર્મ કરે છે. શક્તિ ક્રિયાશીલ અને નિષ્ક્રિય બંને રૂપે હોઇ શકે છે, પરંતુ જ્યારે તે નિશ્ચલ બને છે, ત્યારે તે એટલી જ વધુ એક શક્તિ બને છે. તે કર્મ કરતી વખતે હોય છે, ત્રિગુણ શક્તિનું આ કાર્ય છે. સાત્ત્વિક કર્મ પ્રભાવશાળી હોય છે. રજસ્ કર્મ ગતિશિલ અને ક્રિયાશીલ હોય છે. આ કર્મ સાત્ત્વિક કર્મને આધીન ત્યાં સુધી કામ કરે છે, જ્યાં સુધી તમસ્ વિશ્રામ અને વિરામ નથી લેતું. તમસ નિષેધાત્મક સ્થિતિ છે. તમસ કર્મ કરવા જ માંગતું નથી. તે જડવત્ બની રહે છે. રાજસિક કર્મમાં મહત્ત્વાકાંક્ષાની ભરતી હોય છે. સાત્ત્વિક કર્મ અનાસક્ત ભાવે પોતાના ચરમ બિંદુમાં થતું રહે છે. પ્રકૃતિ મુક્ત થતાં તે પોતાને બે ભાગમાં વહેંચી દે છે. (૧) આંતરિક શક્તિ, જે પોતાના કર્મ (રજસ, તમસ વગેરે) થી મુક્ત બને છે. (૨) બાહ્ય પ્રકૃતિ, જેને તે વ્યવહૃત કરતી અને બદલતી રહે છે.

મહાયોગી શ્રી અરવિંદ કર્મની ત્રુટિઓ પર મહત્ત્વ ન આપતાં કહે છે કે કામમાં થતી ત્રુટિઓ અને ભુલોના વિષયમાં કુવિચાર કરવા ન જોઇએ. ભૂલો કરવી એ મનનો સ્વભાવ છે. માટે એનું કાંઇ વધુ મહત્ત્વ નથી અને એનાથી દુઃખી કે હેરાન થવું જોઇએ નહિ. એકમાત્ર ઉચ્ચતર ચેતના જ એ બધાને સુધારી શકે છે. હંમેશાં પોતાના વિશિષ્ટ પ્રયાસો અને પુરુષાર્થ પર જ વિશ્વાસ રાખવો જોઇએ. જ્યારે કામ થઇ રહ્યું હોય ત્યારે ફક્ત પોતાના કામની વાત જ વિચારવી એ બુદ્ધિમાની છે. એ પહેલાં અને એ પછી નહિ. પોતાના મનને જે કામ પતી ગયું હોય એ કામ પર પાછું ના વાળો. તે ભૂતકાળની વસ્તુ છે અને બીજી વાર એ વિચારવું એ શક્તિનો અપવ્યય છે. જે કાર્ય આગળ કરવાનું છે, એની આશામાં મનને ન લાગવા દો. જે શક્તિ તમારી અંદર કાર્ય કરી રહી છે તે પોતાના સમયે જ એની ચિંતા કરશે.

કર્મની કુશળતા એ કર્મ પ્રત્યે તન અને મનને જોડવું એ છે. પોતાની સમસ્ત શક્તિ અને યોગ્યતા પ્રમાણે કામ કરવું જોઇએ. વધુ પડતું કામ કરવું એ સમજદારી નથી, કારણ કે પાછળથી એની પ્રતિક્રિયા થાય છે. વધુ પડતો પરિશ્રમ જડતાને ઉપર લાવે છે. જો વધુ કાર્ય કરવામાં આવે તો કર્મની દિલચસ્પી હોવા છતાં કર્મનો સ્તર નીચો જાય છે.

કર્મની આ સાધનાનું આધ્યાત્મિક ફળ આંતરિક મનોભાવ પર આધાર રાખે છે. એટલા માટે મહત્ત્વપૂર્ણ તથ્ય છે કર્મમાં પ્રયુક્ત પૂજાનો ભાવ. જો કોઇ કર્મની સાથે સાથે ભગવાનનું સ્મરણ કરી શકે અને કર્મને મદદરૂપ થનારી અને એને સંપાદિત કરનારી શક્તિનો અનુભવ કરી શકે, તો તે કર્મની સાધનાથી મળનારા આધ્યાત્મિક પરિણામને બમણું બનાવી દે છે. પ્રેમ અને ભક્તિ કર્મની મૂળ પ્રેરક શક્તિ છે. માટે કર્મની સાધના આનંદપૂર્વક કરતાં રહેવું જોઇએ. જો કે આ સાધનામાં દિવ્ય શક્તિનું સક્રિય ભાવમાં અવતરણ થાય છે ત્યારે જ આનંદ આવે છે. જે કર્મ કરવા માટે મનુષ્યનો આત્મા સ્વીકૃતિ આપે તે જ તેના માટે સર્વોત્તમ છે. કર્મની આ સાધના પોતાના વિધિ-વિધાનમાં સંપૂર્ણ અને સમગ્ર છે.

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હીરક જયંતિ વર્ષમાં
# વિશ્વવિદ્યાલય નિર્માણની દિશામાં પહેલું કદમ

પરમપૂજ્ય ગુરુદેવની હંમેશની ઈચ્છા છે કે સમગ્ર વિશ્વને, સર્વસામાન્યને જીવનવિદ્યાના પ્રકાશ કેન્દ્રના રૂપે શાંતિકુંજમાંથી પ્રકાશ મળે, તેની અનેકાનેક શાખા-પ્રશાખાઓ બને તથા ફરીથી ભારત આ જગતનું મહાનાયક બને. આ ઉદ્દેશ્યથી એમણે શાંતિકુંજને ગાયત્રી-તીર્થનું સ્વરૂપ આપ્યું, લગભગ લુપ્ત થઈ ગઈ હતી તે ઋષિ પરંપરાઓની અહીં સ્થાપના કરી. એટલું જ નહિ, એક બોધિવૃક્ષ-કલ્પવૃક્ષના રૂપમાં આ પવિત્ર તીર્થની કેટલીય શાખાઓની ગાયત્રી શક્તિપીઠો, જ્ઞાન સંસ્થાનો, જ્ઞાનપીઠોના રૂપમાં સ્થાપના કરવામાં આવી. શરૂઆત ચોવીસથી કરવામાં આવી હતી. પરંતુ જોતજોતામાં તેની સંખ્યા ચોવીસસો સુધી પહોંચી. આજે એ સંખ્યા પાંચ હજાર વટાવતી દેખાઈ રહી છે.

પૂજ્યવરને એ પણ મન હતું કે શાંતિકુંજ એક અકાદમીનું, વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ લે તથા તેના દ્વારા જીવન,જીવવાની કલાના પર્યાય અધ્યાત્મવિદ્યાની વિભિન્ન વિદ્યાઓ, મહાવિદ્યાલયોની જેમ જ્ઞાન સંસ્થાનો દ્વારા ભણાવવામાં આવે. પરિજનો છેલ્લાં બે એક વર્ષથી સાંભળી રહ્યા છે કે શાંતિકુંજ વિસ્તારની બિલકુલ પાસે આમ્રકુંજોથી છવાયેલ ઋષિકેશ માર્ગ પરનો એક ભૂખંડ છે, જ્યાં મે-૧૯૯૯માં સંતો-મહાપુરુષો દ્વારા ભૂમિપૂજન સમારંભ યોજાયો હતો. હવે તે વિસ્તાર તૈયાર થઈ ગયો છે.

વિશ્વવિદ્યાલયો દેશમાં જ નહિ, જગતમાં ઢગલાબંધ છે. મારું મન એ પરંપરાગત શિક્ષણ આપનાર તંત્રની સ્થાપનાનું ક્યારેય ન હતું. અમારી ગુરુસત્તાએ શિક્ષણની સમાંતર વિદ્યાવિસ્તારની વાત કહી છે. વિદ્યાવિસ્તાર થશે, અધ્યાત્મ જાગૃતિનો પ્રકાશ દેશ-વિદેશમાં ફેલાશે, તો ફરીથી નાલંદા, તક્ષશિલાની પરંપરા જીવિત થશે. જેણે સંખ્યાબંધ મહામાનવોને, ઋષિઓને જન્મ આપ્યો. દેવ સંસ્કૃતિ મહાવિદ્યાલયની સાર્વત્રિક કલ્પનાની પાછળ પ.પૂ. ગુરુદેવનું એ ચિંતન કામ કરી રહ્યું છે. સાધના, શિક્ષણ, સ્વાવલંબન તથા સ્વાસ્થ્ય જેવી વિદ્યાઓ પર કોઈ નક્કર કાર્ય થાય, એના શિક્ષણ-પ્રશિક્ષણનું તંત્ર બને, અહીંથી લોકસેવી પ્રશિક્ષિત વિશ્વભરમાં ફેલાઈ જાય, તો ફરીથી આ દેશને વિશ્વનું અગ્રણી બનવામાં વાર નહીં લાગે.

પ.પૂ. ગુરુદેવની કલમે ઓક્ટોબર-૧૯૮૯ની 'અખંડ જ્યોતિ'માં લખેલ લેખના અવતરણને અહીં વાંચકોને વંચાવવાનું મન છે. 'યુગ પરિવર્તનની મહાક્રાંતિના અસંખ્ય વિભાગો અને પેટા વિભાગો છે. તે બધામાં નવજીવનનો સંચાર થતો જોઈ શકાય છે. લાગે છે કે કોઈ મહાન જાદુગર પોતાના ચમત્કારોની પેટી ખોલીને સર્વસાધારણને એ જાણાવી રહ્યો છે કે રાક્ષસની દમનકારી શક્તિ ગમે તેટલી કેમ ન હોય, વિશ્વકર્માનું સર્જન-સામર્થ્ય તેનાથી અનેકગણું વધારે છે. પરિસ્થિતિઓનો કાયાકલ્પ કરવા માટે સામર્થ્ય પુંજો, મહામનીષિઓ અને સર્જકોએ પોતપોતાના પુરુષાર્થને વધારી દીધો છે. લાગે છે કે સમાજના કાયાકલ્પને કોઈપણ ભાવિ ટાળી શકશે નહિ. આના માટે આ મિશન દ્વારા ચાર સંકલ્પ લેવામાં આવ્યા છે.'

(૧) પરિવારના લગભગ પા કરોડ (પચ્ચીસ લાખ) લોકોને સર્જન માટે પ્રશિક્ષિત કરવાના, બેટરી ચાર્જ કરવાના સ્તરનો કાર્યક્રમ (૨) એક લાખ સર્જન શિલ્પીઓને કાર્યક્ષેત્રમાં ઉતારવા સાધુ, બ્રાહ્મણનું પુનર્જીવન (૩) નાલંદા, તક્ષશિલા, શ્રાવસ્તી પરંપરાનું અનુકરણ. શ્રાવકો-પરિવ્રાજકો-પુરોહિતોને પ્રશિક્ષણ આપી સમગ્ર વિશ્વમાં મોકલવા. (૪) નારી જાગરણ.

જે પરિજનો ઉપર્યુક્ત સંદેશની ભાષા સમજી શકતા હોય તે જાણી શકે છે કે આ હીરક જયંતિ વર્ષમાં હવે શું થવાનું છે. શાંતિકુંજ કરોડો ગાયત્રી સાધકોની શ્રદ્ધાનું કેન્દ્ર યથાવત્ બની રહેશે તેની સાથે જોડાયેલ પરિસર એક વિશ્વવિદ્યાલય કક્ષાના પરિસર રૂપે વિકસિત થશે. જ્યારે ૮મેએ વિશ્વવિદ્યાલય શ્રીનગર ગઢવાલ (ઉત્તરાંચલ)ના ઉપકુલપતિ હેમવંતીનંદન બહુગુણા, કુલ સચિવ તથા વિશેષજ્ઞોની એક સમિતિએ આવીને પ્રારંભિક સર્વેક્ષણ કરી મનોવિજ્ઞાન, દર્શન, પૌરાણિક ઈતિહાસ, સંસ્કૃતિ, પુરાતત્ત્વ તથા યોગ એ ચાર વિષયોમાં અનુસ્નાતક કક્ષાનું પ્રશિક્ષણ આપવા માટે દેવસંસ્કૃતિ મહાવિદ્યાલયની શરૂઆત કરવાના હેતુસર પોતાની અનુમતિ આપી દીધી છે. જુલાઈના મધ્યમાંથી એંસી વિદ્યાર્થી-વિદ્યાર્થીઓથી આ મહાવિદ્યાલયની શરૂઆત થઈ રહી છે. આને સૌથી પહેલાં માન્ય અને પછીથી એક સંપૂર્ણ વિશ્વવિદ્યાલયનું રૂપ આપવામાં આવશે. જેમાં ઉપર દર્શાવેલ ચારે વિદ્યાઓ અને અભ્યાસક્રમ અનુસાર ભણાવી શકાશે. આમાં વહીવટની ઔપચારિકતાઓ માત્ર પૂરી કરવામાં આવી રહી છે. આ મહાવિદ્યાલય સંપૂર્ણ સ્વયંસંચાલિત તથા કોઈપણ સરકારી અનુદાન વિના વ્યક્તિ-વ્યક્તિ માટે કામ કરશે. આગામી દોઢેક વર્ષમાં વિશ્વવિદ્યાલયની માન્યતા મળ્યા પછી કોઈપણ પ્રકારના અનુદાન વિના વ્યક્તિ-વ્યક્તિના સહયોગથી જ કામ કરશે. પરિજનો આનું સ્વાગત કરે તથા આને હીરક જયંતિ વર્ષમાં ગુરુસત્તાના ચરણે અર્પણ એક પુષ્પહાર માને.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગગીતા-૨૫

# કર્મમાં અકર્મ અને કર્મનો મર્મ

(ગીતાનો ચોથો અધ્યાય જ્ઞાનકર્મ સંન્યાસયોગની યુગને અનુરૂપ વ્યાખ્યા-સાતમી કડી)

**ગત અંકમાં જણાવ્યું કે આ વિશિષ્ટ અધ્યાયમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ કર્મોનાં બંધનોથી મુક્ત થઈને મનુષ્યને, સાધકને તત્ત્વતઃ ભગવાનને જાણી લેવાનો, તેમના સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. આ એક રીતે જીવન જીવવાની કલાનું શિક્ષણ છે. મનુષ્ય કર્મને યજ્ઞના ભાવથી સંચાલિત કરતો રહે તો પછી તેને ક્યારેય અજ્ઞાનરૂપી દુઃખોમાં ઘેરાવાનો કોઈ પ્રશ્ન જ નથી. ભગવાન કહે છે જે મનુષ્ય આત્મામાં સ્થિત છે, તે પોતાના દૈહિક કર્મોથી લીપાતો નથી. તે માત્ર એક સાક્ષીના રૂપમાં જીવન જીવી રહ્યો છે. એવો વિચાર કરીને કર્મ કરવામાંથી કર્તાભાવથી મુક્ત થઈને કર્મ કરે જાય છે. આ માટે ભગવાને અહીં સામે દૃષ્ટાંત રાખ્યું છે. પંદરમા શ્લોકમાં તેમણે કહ્યું છે કે પ્રાચીનકાળમાં પણ કેટલાય મુમુક્ષુઓએ આ રીતે કર્મ કર્યા છે. તમે પણ એ રીતે જ કર્મોનું સંપાદન કરો. આ એક શાસ્ત્રએ ચીંધેલો માર્ગ છે. કર્મની ગતિને અતિ ગહન બતાવતા શિક્ષક-ગુરુ શ્રીકૃષ્ણ-અર્જુનને કહે છે કે કર્મ-અકર્મ-વિકર્મનો ભેદ ન સમજવાને કારણે ઘણી વ્યક્તિઓ દુર્ગતિને મેળવે છે. નિષિદ્ધ કર્મ, વિકર્મ, સંકલ્પિત કર્મ, કર્મ તથા સંકલ્પરહિત કર્મ ઈશ્વરની ઈચ્છાનુસાર કરાયેલા કર્મ-અકર્મ છે, આ પરિભાષા દૃષ્ટાંતસહિત ગત અંકમાં સમજાવવામાં આવી. હવે આ સૂત્રાત્મક અભિવ્યંજનાઓથી ભરેલી વ્યાખ્યાને વધારે સારી રીતે આ અંકમાં સમજવાનો પ્રયાસ કરીશું.**

## બુદ્ધિમાન મનુષ્ય કોણ ?

ભગવાન કહે છે, ''કર્મ શું છે અને અકર્મ શું છે તેનો ફેંસલો બુદ્ધિમાન પુરુષ પણ કરી શકતો નથી. જે આ રહસ્યને જાણી લે છે તે કર્મના બંધનોથી મુક્ત થઈ જાય છે''. (શ્લોક ૧૬). તે આગળ કહે છે,''કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ અને અકર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ. વિકર્મને સારી રીતે સમજી લેવું જોઈએ, કારણ કે કર્મની ગતિ ઘણી ગહન છે - ગહના કર્મણો ગતિઃ ।'' (શ્લોક ક્રમ ૧૭). હવે આ બે શ્લોકોને હજુ પણ વધુ ગંભીરતાથી સમજવા હોય તો ૧૮મા શ્લોકની વ્યાખ્યા સમજી લેવી જોઈએ. ભગવાના આમાં કહે છે -

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।**
**સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥**

''જે મનુષ્ય કર્મમાં અકર્મને જુએ છે અને જે અકર્મમાં કર્મને જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે અને તે યોગી બધાં જ કર્મો કરનારો છે અર્થાત્ તે બુદ્ધિમાન પુરુષ જ સર્વત્ર બધાં કર્મોનો વાસ્તવિક કર્તા હોય છે.''

આ ત્રણ શ્લોકોની ગૂઢ અભિવ્યક્તિને હવે અમે અહીં સમજાવવાનો પ્રયાસ કરીશું. અકર્મ, કર્મ અને વિકર્મની પરિભાષા દૃષ્ટાંત સહિત પહેલાં આપેલી છે. ભગવાન અહીં કહે છે કે આપણે રહીએ છીએ તે આ સંસારમાં કર્મ એક જંગલ સમાન છે, જેમાં મનુષ્ય પોતાના કાળની વિચારધારા, પોતાના વ્યક્તિત્વના માપદંડો અને પોતાની પરિસ્થિતિ અનુસાર ગમે તેમ ખોડંગાતો પોતાની યાત્રા સંપન્ન કરી રહે છે. શ્રી અરવિંદ કહે છે, ''મનુષ્યના આ વિચાર અને માન તેના એક જ કાળ અથવા એક જ વ્યક્તિત્વને માટે નહિ પરંતુ અનેક કાળો અને વ્યક્તિત્વો માટે હોય છે. અનેક સામાજિક પરિસ્થિતિઓનો વિચાર અને નીતિધર્મ એકની ઉપર એક જામીને પરસ્પર ગૂંચળાં થયા કરે છે, આ બધાની વચ્ચે મૂળ સમયને શોધતો એક જ્ઞાની અંતે એવા સ્થાને આવી પહોંચે છે, જ્યાં તેની સમક્ષ અંતિમ પ્રશ્ન આવે છે કે આ બધાં કર્મ અને જીવન એક ભ્રમજાળ તો નથી ને, કર્મનો સર્વથા ત્યાગ કરીને અકર્મની પ્રાપ્તિ થવી એ જ શું આ થાકેલા ભ્રાંતિયુક્ત માનવ જીવ માટે અંતિમ આશ્રય નથી ? પરંતુ આવી સ્થિતિમાં શ્રીકૃષ્ણ કહે છે કે આ વિષયમાં તો જ્ઞાની પણ ભ્રમમાં પડી જાય છે અને મોહિત થઈ જાય છે. **(કવયોઽપ્યત્ર મોહિતાઃ ? ૪-૧૭)** કારણ કે જ્ઞાન અને મોક્ષ કર્મથી મળે છે, અકર્મથી નહિ. એટલા માટે કર્મની ગતિ ગહન છે.''

અમે બતાવી ચૂક્યા છીએ કે ક્રિયા કર્મ છે, અક્રિયા અકર્મ છે. કર્મ જીવનની એ ક્રિયા છે. જે આપાગે કરવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈએ. જેને ભગવાન સ્વધર્મ કે નિષ્કામ કર્મ પણ કહે છે. **વિકર્મ** જીવનની એ ક્રિયા છે, જે નિષ્ક્રિય છે, નૈતિકતાના સિદ્ધાંતોને અનુરૂપ નથી. **અકર્મ** એવી સ્થિતિ નથી, જેમાં વ્યક્તિ આળસુ અથવા **અકર્મણ્ય** હોય. સંકલ્પરહિત કર્મ જ અકર્મ છે. ઈશ્વરની ઈચ્છા જ આપણી ઈચ્છા બની જાય, તો તે અકર્મના રૂપે સ્વયંસંચાલિત રીતે ચાલતી રહેતી હોય છે. આવી ઉચ્ચ કક્ષાની સ્થિતિને **અકર્મ** કહે છે. સંકલ્પો સાથે જોડાયેલી ક્રિયાઓ **કર્મ** કહેવાય છે.

## કર્મની ગતિ ઊંડી છે

હવે, કર્મમાં અકર્મ તથા અકર્મમાં કર્મ શું છે તે સમજવાનો થોડો પ્રયત્ન કરીશું. કેટલું સમજીશું અથવા સમજાવી શકીશું એ ખબર નથી, કારણ કે ભગવાન પોતે કહે છે કે કર્મની ગતિ ઘણી ગહન છે. અહીં યોગેશ્વર અઢારમા શ્લોકમાં જે વાત કરી રહ્યા છે તે ખૂબ જાણવા જેવી છે. તેઓ કહે છે કે સંસારના જરૂરી કર્મોથી બચવાની જરૂર નથી. જે અનિવાર્ય છે તે અવશ્ય કરવું જોઈએ, પરંતુ અંતરાત્માને ભગવાનની સાથે યોગમાં સ્થિત કરીને (**યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્**). જો આ ભાવથી કરવામાં ન આવે તો તે કર્મ નથી. અકર્મ મુક્તિનો માર્ગ નથી. જેનું જ્ઞાન વિકસિત છે, જેની પાસે અંતર્દષ્ટિ છે, તે જોઈ શકે છે કે આવું અકર્મ સ્વાભાવિક રીતે હંમેશા થતું રહેનારું એક કર્મ છે, એક એવી અવસ્થા છે જે પ્રકૃતિ અને તેના ગુણોની ક્રિયાઓ અંતર્ગત થયા કરે છે. જેઓ અકર્મણ્યતા શું છે, સંકલ્પિત કર્મ શું છે તથા કર્મ કરતાં કરતાં પણ અકર્મની સ્થિતિમાં કેવી રીતે કહી શકાય છે તે જાણી લે છે તેને ભગવાન બુદ્ધિમાન મનુષ્ય (**સ બુદ્ધિમાન મનુષ્યેષુ**) કહે છે. આ એક ઉચ્ચતમ જ્ઞાન છે, જે બુદ્ધિની ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પછી જ મળે છે. આવું જ્ઞાન પ્રાપ્ત કરનાર વ્યક્તિ ભ્રાંત-મોહિત બુદ્ધિવાળી નથી. તે મુક્ત પુરુષ છે. તે બ્રહ્મ સ્થિતિએ પહોંચેલો પુરુષ છે.

શ્રી અરવિંદનું પુસ્તક છે 'વિચાર વ સૂત્ર'. 'માતૃવાણી'ના દસમા ખંડમાં વિચારોને સંકલિત કરી આ પુસ્તક તૈયાર કર્યું છે. એમાં એક વાક્ય છે, જેનો ઉલ્લેખ કરવાનું મન છે. "જે જીવનના સંઘર્ષો સામે ઝઝૂમી રહ્યો છે, સતત કર્મરત છે તેને જ સક્રિય ન માનો. જેઓ ગુફામાં બેસીને આત્મસત્તાને સક્રિય કરી સમષ્ટિની સાધના કરી રહ્યા છે, તે જે કર્મ કરી રહ્યો છે, તે **અકર્મ** છે અને આ **અકર્મ**માં ઘણી શક્તિ છુપાયેલી છે." જો આપણે ઈતિહાસનાં પાનાં ફેરવીએ તો જણાય છે કે રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રત્યક્ષ કે પરોક્ષ બંને ભૂમિકા નિભાવનારા બે જ સંત છે, મહાપુરુષ છે. શ્રી અરવિંદ તથા પંડિત શ્રીરામ શર્મા આચાર્ય. બંનેએ શરૂઆતના જીવનમાં યુવાવસ્થામાં એક ક્રાંતિકારી રૂપે સક્રિય ભૂમિકા નિભાવીને આ મહાસંગ્રામરૂપી મહાયજ્ઞમાં આહુતિ આપી તથા બંનેએ જીવનનો ઉત્તરકાળ આધ્યાત્મિક તપ-વાતાવરણને પ્રચંડ ઊર્જાથી ઓતપ્રોત કરવાની પ્રક્રિયા સંપન્ન કરવામાં વીતાવ્યાં. જીવનના અંતિમ વર્ષોમાં શ્રી અરવિંદ પણ સારો એવો સમય એકાકી-અંતર્મુખી સાધનામાં લીન રહ્યા હતા. પરમપૂજ્ય ગુરુદેવનું જીવન પણ સાક્ષી છે કે છેલ્લાં વીસ વર્ષના સૂક્ષ્મીકરણનાં ૧૯૮૪ થી ૧૯૯૦ સુધીનાં છ વર્ષ એકાંત સાધના માટે જ નિયોજિત હતાં. આ સિવાય પણ તેઓ એક-એક વર્ષ માટે ત્રણ વખત પ્રત્યક્ષ તથા એક વખત પરોક્ષ હિમાલયના દુર્ગમ વિસ્તારમાં એકાકી તપમાં લીન રહ્યા.

## કર્મમાં અકર્મ

ભગવાન અહીં કહે છે કે, સાચો યોગી એ જ છે, જે કર્મમાં અકર્મ તથા અકર્મમાં કર્મના મર્મને જાણી લે છે. તત્ત્વથી જાણી લે છે અને એટલે કર્મની ગતિ ગહન હોય છે. મનુષ્ય અકર્મમાં કર્મને જોઈ શકતો નથી અને કર્મમાં અકર્મને સમજી શકતો નથી. ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે કર્મનો અહંકાર છોડીને જેને અકર્મ દેખાય અને એમ સમજે કે જે કંઈપણ કર્મ થઈ રહ્યાં છે તે ભગવાનની ઈચ્છાનુસાર થઈ રહ્યાં છે, તે મનુષ્ય સમજદાર છે -

**ગુણ તુમ્હાર સમઝઉં નિજ દોષા ।**
**જેહિ સબ ભાઁતિ તુમ્હાર ભરોસા ॥**

'**તુમ્હાર ભરોસા**' અર્થાત્ ભગવાનના નામે, પરમસત્તાના નામે કરેલું દરેક કાર્ય અકર્મ છે. ભલે તે પ્રત્યક્ષ ન દેખાય. આપણે બધાં આપણા કર્મોનું શ્રેય લેવાનો પ્રયત્ન કરીએ છીએ. દરેક સારાં કામ ઈશ્વરની ઈચ્છાથી થઈ રહ્યાં છે, જો આપણે વિચારવા લાગીએ તો આપણી વાસનાઓ ક્ષીણ થઈ જાય, કર્મ-અકર્મ બની જાય. કર્મો કરતી વખતે જો સ્વાભાવિક એવો કોઈ દોષ રહી જાય તો આપણે અંતઃકરણની મલીનતાને નિમિત્ત માનવી જોઈએ. ભગવાનને દોષ દેવો ન જોઈએ. કેટલાંક લોકો કહે છે કે સારું કામ કર્યું તો અમે કર્યું, ખરાબ થયું તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભગવાનની પ્રેરણાથી આપોઆપ થયું. આ સામાન્ય દૃષ્ટિ દરેકના મનમાં સહજ હોય છે. એક પૌરાણિક કથાથી આ વાત વધુ સ્પષ્ટ થશે.

એક બ્રાહ્મણે તેની ઝૂંપડીની આજુબાજુ ખૂબ સુંદર બગીચો બનાવ્યો. બગીચામાં ચારે બાજુ વાડ કરી દીધી. એક દિવસે એ વાડમાંથી એક ગાય અંદર ઘૂસી ગઇ. તેણે આખો બગીચો ઉજાડી મૂક્યો. ખૂબ પરિશ્રમથી જે કાંઇ બનાવ્યું હતું, તે ગાયમાતા ચરી ગઇ. બ્રાહ્મણે જેવું બહાર આવીને જોયું, તો ગુસ્સે થઇને એક લાકડી ગાયને મારી દીધી. વિચાર્યું હતું કે આનાથી ગાય બહાર ભાગી જશે, પરંતુ ગાય હતી કૃશકાય. એક લાકડી પડી અને તે ત્યાં જ મૃત્યુ પામી. હવે બ્રહ્મદેવ ખૂબ પરેશાન થયા કે આ શું થઇ ગયું ? ગૌ હત્યાનું પાપ લાગ્યું. એટલામાં ગૌહત્યા સામે આવી ઊભી રહી કે ચલો ! હવે તમારા કર્યાનો દંડ ભોગવો. બ્રાહ્મણ મહારાજને એક યુક્તિ સૂઝી. તેમણે કહ્યું, મેં કંઇ નથી કર્યુ. મારા હાથોએ કર્યું. હાથનો દેવ તો ઈન્દ્ર છે, તેમને જઇને પૂછો કે આ કેવી રીતે થયું. ગૌહત્યા સીધી ઈન્દ્રદેવની પાસે પહોંચી ગઇ અને કહ્યું કે તે બ્રાહ્મણ કહે છે કે ગૌહત્યા આપ થકી થઇ છે. હાથોનો દેવ હોવાને કારણે આ આરોપ આપ ઉપર લગાવી દીધો છે. ઈન્દ્રએ વિચાર્યું કે આ તો ખરી મુસીબત છે. ખરાબ કામ કોઇ કરે અને દોષી કોઇ બીજાને માનવામાં આવે.

ઈન્દ્રએ બ્રાહ્મણ વેશ ધારણ કર્યો અને પંડિતજીની ઝૂંપડીમાં આવ્યા. ઈન્દ્રએ પંડિતજીને કહ્યું કે મહારાજ બગીચો ઘણો જ સુંદર છે. કોણે બનાવ્યો છે ? પંડિતજી બોલ્યા મેં બનાવ્યો છે. ઘણી મહેનત કરી છે. ઈન્દ્ર બોલ્યા, એવું લાગે છે કે કોઇ જીવ આવીને એનો એક ભાગ ચરી ગયું. બ્રહ્મદેવ બોલ્યા, હા એક દુષ્ટ ગાય આવી હતી. મેં તેને મારી. ઈન્દ્ર બોલ્યા, તો શું તમારા હાથે ગૌહત્યા થઇ ગઇ. પંડિતજીએ ફરીથી દાવ બદલ્યો, મારાથી શું કામ, એ તો ઈન્દ્રનું અધિકારક્ષેત્ર છે. તેમના થકી થઇ. ઈન્દ્ર બોલ્યા, પણ બગીચો તો તમે જ બનાવેલો છે. આપે મહેનત કરી તેનું શ્રેય પણ આપ જ લઇ રહ્યા છો. જ્યારે સારા કામના વખાણ કર્યાં ત્યારે આપે માની લીધું કે આપે કર્યું, અને કરેલી હત્યાની વાત કરી તો આપ કહો છો કે ઈન્દ્રએ કરી. એટલું કહીને ઈન્દ્રદેવ સ્વયં પ્રગટ થયા અને તેને મૃત્યુલોક લઇ ગયા, જેથી તેને દંડ મળી શકે.

દરેક મનુષ્યમાં એક સ્વાભાવિક દોષ હોય છે કે દરેક સારા કર્મનું શ્રેય તે લેવાનો પ્રયત્ન કરે છે. આને બદલે ઈશ્વરીય સત્તાની પ્રેરણાને જો શ્રેય આપીએ તો આપણામાં અભિમાન પેદા નહિ થાય, કર્મ પ્રત્યે આસક્તિ નહિ થાય. જે કર્મમાં અભિમાનનો ત્યાગ કરે, ભગવાનને શ્રેય આપે, તે કર્મમાં અકર્મને જુએ છે. પરમપૂજ્ય ગુરુદેવ હંમેશાં કહતા હતા કે મહાકાળ અમારી પાસે કરાવી રહ્યો છે. જે કંઇ અમારી પ્રાપ્તિ છે, તે અમારી ગુરુસત્તાની દેણગી છે આપણે ગોસ્વામીજીની ચોપાઇનો ભાવ સમજવાનો પ્રયત્ન કરીએ, જે કાંઇ પણ ગુણ છે, જે કાંઇ પણ સારું છે, હે પ્રભુ ! તે તમારું જ છે, તમારે જ કારણે છે. જે કાંઇ દોષ છે. તેને હું પોતાના જ માનીશ. જેને ભગવાન પર વિશ્વાસ છે, તે હંમેશાં આ ભાવ મનમાં રાખીને કર્મ કરતો રહે છે.

## અકર્મમાં કર્મ

શ્રી અરવિંદના અકર્મને ગાંધીજી પણ સમજી શક્યા ન હતા. એક જગ્યાએ તેઓ કહે છે, ''આઝાદીની આ સંગ્રામવેળાએ તે ભાગેડુ બની પોંડિચેરી જઇને બેસી ગયા. જ્યારે તેમણે ત્યાથી શરૂઆત કરી હતી (ક્રાંતિકારીના રૂપે) ત્યાંથી આગળ વધવું જોઇતું હતું.'' તે દિવસોમાં તેમના આ વાક્યની ઘણી પ્રતિક્રિયા થઇ. લોકોએ આને ખૂબ ગંભીરતાથી લીધું હતું. શ્રી અરવિંદ અને શ્રી રમણના અકર્મને, મૌન તપને, પરોક્ષ જગતને પ્રચંડ આંદોલનથી ભરી દેનાર ઊર્જાને પ્રવાહિત કરવાની પ્રક્રિયાને પરમપૂજ્ય ગુરુદેવ જ સમજ્યા હતા. તેઓ પોતે પોંડિચેરી જઇને તેમને મળ્યા પણ હતા (૧૯૩૭) તથા ૧૯૪૦ થી સતત પ્રકાશિત પોતાના સામયિક 'અખંડ જ્યોતિ'માં હંમેશા લખતા રહ્યા કે સૂક્ષ્મ જગતમાં તપ કરનાર આ બે સત્તાઓ થકી જ સ્વતંત્રતા સંગ્રામ તેના અંતિમ પરિણામ સુધી પહોંચશે. ભગતસિંહનું બલિદાન, ગાંધીજીનું સત્યાગ્રહ આંદોલન પોતાની રેત બરાબર, પણ જેણે આ વાતાવરણ બનાવ્યું તે પરોક્ષ જગતમાંથી સક્રિય ઊર્જા પ્રવાહને નકારી શકાશે નહિ. પ્રત્યક્ષ રીતે આ અકર્મ જ દેખાય છે. પરંતુ આ અકર્મમાં જ સાચું કર્મ છુપાયેલું છે.

ભગિની નિવેદિતાએ પોતાના ગુરુ (સ્વામી વિવેકાનંદ)ના મહાપ્રયાણ (૧૯૦૨) પછી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. તેઓ માત્ર નારી જાગરણ માટે જ સંઘર્ષ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરતાં ન હતા, રાષ્ટ્રનિર્માણના હેતુસર ભારતવર્ષની આઝાદીના સમર્થનમાં પણ તેઓ હંમેશા લખતાં હતાં. કેટલાય ક્રાંતિકારીઓ તેમને મળવા આવતા હતા. બંગભંગ માટે જવાબદાર લોર્ડ કર્ઝન સુધી એવી ફરિયાદ પહોંચી કે બેલૂરમઠના રામકૃષ્ણ મિશનને ક્રાંતિકારીઓ સાથે સંબંધ છે. ત્યારે મઠની જમીન અને કેટલાક ભવન જ ત્યાં હતાં. તત્કાલીન સંચાલક મંડળે નિવેદિતાને કહ્યું કે, અમારી પાસે લાટસાહેબનો સંદેશ આવ્યો છે, તેઓ કહે છે આ મઠને જ બંધ કરવો, જેથી ક્રાંતિકારીઓનો ગઢ જ બંધ થઈ જાય. કેટલાય સન્યાસીઓ પર પણ તેમને શંકા છે કે તેઓ ક્રાંતિકારી તો નહિ હોય ! ત્યારે નિવેદિતાએ કહ્યું કે એમ હોય, તો અમે અમારા ગુરુના સાચા શિષ્ય છીએ. અમે જઈને તેમને મળીશું અને સમજાવીશું. લાટસાહેબની પત્ની ઈંગ્લેન્ડ નિવાસી ભગિની નિવેદિતાની સારી મિત્ર હતી. તેમણે જઈને તેને સમજાવ્યું કે આ અમારા ગુરુનું તથા ગુરુનાય ગુરુનું મંદિર છે. અહીં ક્રાંતિકારી ક્યાં છે ? આપ આ શું કરી રહ્યા છો ? અહીં તો મનુષ્ય બનાવવાનું તંત્ર છે. તેનો નાશ ન કરો. એ વાત એમ ભુલાઈ ગઈ.

'મઠની ડાયરી'ના તે દિવસોનાં પુસ્તકો જેણે વાંચ્યાં છે, તે જણાવે છે કે એવી સ્થિતિ ઊભી થઈ હતી કે ભગિની નિવેદિતાને મઠમાંથી કાઢવાની તૈયારી થઈ ગઈ હતી. જેથી તેમને મળતા ક્રાંતિકારીઓને કારણે મઠની બદનામી ન થાય, પણ ગુરુનિષ્ઠા તો જુઓ, મિશનને ખાતર સમર્પણ તો જુઓ કે તેમણે રામકૃષ્ણ મિશનની, પોતાના ગુરુના મંદિરની રક્ષા કરી. એના આ પ્રત્યક્ષ અકર્મમાં જે મહાન કર્મ દેખાય છે, તેણે ભારતને આઝાદીની દિશામાં આગળ નથી વધાર્યું ? ૧૯૦૨ થી ૧૯૧૧ સુધી પ્રત્યક્ષ રીતે એક સંન્યાસિની, પરંતુ પરોક્ષ રીતે એક યોદ્ધા ભારતપ્રેમી તથા ભારતની સ્વતંત્રતા માટે સતત સંઘર્ષ કરનાર મહિલા હતા તેઓ. માત્ર ૪૪ વર્ષની ઉંમરે ૧૯૧૧માં શારીરિક દેહ ત્યજી દીધો પરંતુ ઈતિહાસમાં તે ગુરુ-શિષ્ય પરંપરામાં અમર થઈ ગયા. એક કીર્તિમાન સમર્પણ કરી ગયાં.

### પ્રત્યક્ષની પાછળના પરોક્ષને સમજીએ

આપણે ઘણીવાર મહાપુરુષોને પલાયનવાદી માની લઈએ છીએ. આપણી વામપંથી વિચારધારા આપણને ધાર્મિક-આધ્યાત્મિક કાર્યોમાં સમય બગાડવાનું, રાષ્ટ્રીય સંપત્તિ સાથે કુચેષ્ટા કરવાનું બતાવે છે. પરંતુ શું તે ક્યારેય સમજી શકશે કે આ અકર્મમાં કર્મનો કેટલો બધો મર્મ છુપાયેલો છે. પ્રત્યક્ષતઃ પરમપૂજ્ય ગુરુદેવ ૧૯૩૦ના દાયકા પછી લખતા રહ્યા. પરંતુ તેમના આ કર્મમાં છુપાયેલ અકર્મ તથા અકર્મ દેખાતા પુરુષાર્થમાં નિહિત કર્મમાં તે સત્ય છુપાયેલું છે, જેણે 'યુગ નિર્માણ યોજના'ને મૂર્ત રૂપ આપ્યું અને એક વિરાટ તંત્ર ઊભું કર્યું.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા, ''અમારું સૂક્ષ્મ શરીર દિવસ-રાત કામ કરતું રહે છે. જ્યારે તમે લોકો સૂઈ ગયા હો, ત્યારે તમારા અંતઃકરણમાં પ્રવેશી તેની ધોલાઈ-સફાઈ કરે છે. પ્રત્યક્ષરૂપે લોકોને અમારો પ્રેમ, અમારું લખાણ અને અમારું સંગઠન દેખાય છે, પરંતુ તેથી પણ મહાન અને અધિક મહત્ત્વપૂર્ણ છે અમારું પરોક્ષ.'' ગાયત્રી પરિવારના અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના સહિત આઠ ભાગોમાં પ્રકાશિત સામયિકો, સાડા પાંચ હજાર પ્રજ્ઞા સંસ્થાન - ગુરુસત્તાના પ્રત્યક્ષ કર્મનાં પરિણામો છે, તો તેમનું અકર્મ તેમની સૂક્ષ્મીકરણ સાધના, મહાપ્રયાણ પછી સૂક્ષ્મ અને કારણ સત્તા સાથે સક્રિય એમનું અસ્તિત્વ, તેના દ્વારા બ્રાહ્મી ચેતના સાથે એકાકાર થઈને કરવામાં આવેલું અકર્મ છે. જેનું સર્વાધિક મહત્ત્વ છે. જેને આપણે જાણ્યું નથી, જેને આપણે જોયું નથી તેવી અકર્મની સ્થિતિમાં કરવામાં આવેલ તે કર્મની એક પળમાં કરવામાં આવેલ કાર્યોથી ઈતિહાસ બદલાઈ જાય છે.

એટલા માટે ભગવાન કહે છે કે જે કર્મમાં અકર્મને અને અકર્મમાં કર્મને જુએ છે, તે વ્યક્તિ મનુષ્યોમાં સૌથી વધુ બુદ્ધિમાન છે, પ્રજ્ઞાવાન મનીષી છે. આ અકર્મને ઓળખવું તથા તેને અકર્મણ્યતાથી અલગ સમજવું એ ખૂબ જરૂરી છે. શ્રી શિવપ્રસાદસિંહે એક પુસ્તક લખ્યું છે, 'અનુત્તર યોગી'. શ્રી અરવિંદ ઉપર લખાયેલા આ પુસ્તકમાં તેઓ કહે છે, ''ઈતિહાસને તોડનાર-મરોડનાર ઘટનાઓ હંમેશાં આત્માની નીરવતામાં જ બને છે.'' અર્થાત્ અકર્મની સ્થિતિમાં એવું કંઈક બની જાય છે જે ક્રાંતિકારી બની જાય છે. પરમપૂજ્ય ગુરુદેવ પણ કહેતા હતા, ''મેં કશું જ કર્યું નથી. ગુરુરૂપે મારા ભગવાને કર્યું છે. હું તો નિમિત્ત માત્ર રહ્યો છું.'' જેઓ કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મને જુએ છે તેમની જ પાસે યથાર્થ દૃષ્ટિ હોય છે. હવે 'ગહના કર્મણો ગતિ' તથા ઉપર્યુક્ત પ્રતિપાદનની વધુ વ્યાખ્યા આગલા અંકમાં. **(ક્રમશઃ)**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# મનુષ્યની અંદર રહેલો ભગવાન પ્રતિભાશાળી વિભૂતિઓ જગાડશે

## (૧૬-૪-૭૪ના રોજ શાંતિકુંજમાં આપેલું વ્યાખ્યાન)

ગાયત્રીમંત્ર અમારી સાથે સાથે,

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

દેવીઓ, ભાઇઓ! અત્યારે મનુષ્ય જાતિ એક એવા ત્રિભેટે ઊભી છે, જેની એક બાજુ સર્વનાશ છે, એક બાજુ ઉન્નતિ ! આપણે બધા સામૂહિક આત્મહત્યા કરવા માટે તૈયાર થઇ ગયા છીએ. મનુષ્ય જાતિ ઇચ્છશે, તો થોડા દિવસો પછી સામૂહિક રીતે આત્મહત્યા પણ કરવી પડશે, કારણ કે ત્યારે આપણી ઉપર એટમબોમ્બની વર્ષા થશે અને સમગ્ર વાતાવરણ ઝેરીલું થઇ જશે. મોત અને જિંદગીમાંથી એકની પસંદગી કરવાનો યથાર્થ સમય આ જ છે. આ ત્રિભેટો છે. આ યુગની સંધ્યા છે. આ આથમતા યુગમાં અમારે અને તમારે, એવા લોકો કે જેમની પાસે ક્ષમતા છે તેઓએ ઓછામાં ઓછી એક જિંદગી માટે એ વાત વિચારવી જોઇએ કે અમે આ જન્મમાં માલદાર નહિ બનીએ તો અમારું પુણ્ય આગલા જન્મમાં અમને માલદાર બનાવી શકે છે. આ જન્મમાં અમે સંતાનવાળા નહીં બનીએ તો આગલા જન્મમાં સંતાનવાળા બની શકીએ છીએ. જો આપણને આગલો જન્મ માણસનો મળી ગયો તો આપણે આ જન્મમાં જે વાસના અને તૃષ્ણાને સંતોષી ન શક્યા તે આગલા જન્મમાં સંતોષી શકીએ છીએ.

ભૌતિક ઇચ્છાઓમાં પુત્રની ઇચ્છા આવે છે, કીર્તિની ઇચ્છા આવે છે, ધનની આવે છે. વાસનાઓ આવે છે, લાલચ આવે છે, લોભ-મોહને પૂરા કરવાની બાબત આવે છે. આ ચાર પાંચ બાબતની ચુંગાલમાં બંધાયેલી મનુષ્યની જિંદગી બગડી રહી છે. લોકોને અમારે કહેવું છે કે આ બંધનોમાંથી આપની જિંદગીને મુક્ત કરી અને જ્યાં સમયે, યુગે, માનવતાએ અને ભગવાને આપને પોકાર કર્યો છે, ત્યાં જઇને ઊભા રહી જાવ. આપ અહીંથી એ પ્રેરણા લઇને જાવ, સંદેશ લઇને જાવ, ઉપદેશ લઇને જાવ અને જ્યાં ફૂલ ખીલેલા છે ત્યાં જાવ. બગીચો તો સારો છે. ત્યાં ક્યાંક કળીઓ હોય છે, ક્યાંક પાન હોય છે, પરંતુ ભમરાએ અને મધમાખીએ ખાસ કરીને જ્યાં ખીલેલા ઝૂમખાં વધારે હોય ત્યાં જ આસપાસ ફર્યા કરવું પડે છે અમારે અને તમારે જનસાધારણ પાસે પણ જવું પડશે, પ્રત્યેક માણસ પાસે પણ જવું પડશે, દરેક મનુષ્યનો સંપર્ક કરવો પડશે, પરંતુ જ્યાં વધારે ચમક દેખાતી હોય, વધારે પ્રભાવ દેખાતો હોય ત્યાં આપે આપની આંખોને તેજ રાખવી પડશે.

**આપ જાદુગર થઇને જાવ**

મિત્રો ! ગાંધીજીમાં એ વિશેષતા હતી કે તેઓ મનુષ્યને જાણવામાં - ઓળખવામાં ખૂબ હોશિયાર હતા. એમ સમજવામાં વધુ તેમને વખત લાગતો નહિ. એમનું નામ જવાહરલાલ નહેરુ છે. આવી રીતે લોકોને નજરમાં નજર મેળવીને, ધ્યાનથી ચહેરો જોઇને આ કામનો માણસ છે કે કેમ એવું ઓળખવામાં એમને સહેજ પણ ભૂલ થતી નહિ. તેમણે આ પ્રકારના કામના અને મજેદાર માણસો જ્યાંથી પણ મળ્યા તેમની ખુશામત કરી તો શું, પ્યાર કર્યો તો શું, તેમને ઘડીને હિંદુસ્તાનની કઠિન આઝાદીની સેનામાં એકએકથી ચડિયાતા માણસો લાવીને ઊભા કરી દીધા. તેઓ માણસોને ઓળખનાર જાદુગર અને બાજીગર હતા. હું ઇચ્છીશ કે આપ પણ જાદુગર થઇને જાવ, બાજીગર થઇને જાવ અને મનુષ્યને ઓળખનારા થઇને જાવ. આપને જ્યાં એમ લાગે કે આ કામનો માણસ છે, તો તેની પાસે સો વખત જાવ, સો વખત ખુશામત કરો. અમારે માટે તો આ શક્ય બનતું નથી. અમે તો ટપાલ પણ નથી લખી શકતા. અમારી પાસે તો ચારસો-પાંચસો ટપાલો આવે છે. અમારે માટે તો તે ટપાલોને પૂરેપૂરી વાંચીને જવાબ આપવાનું પણ મુશ્કેલ હોય છે. અમે તો એ લાખો લોકોમાંથી જેનામાં ચમક દેખાઇ, પ્રભાવ દેખાયો, તેમની પાસે પણ જઇ શકતા નથી અને બોલાવી પણ શકતા નથી. જેવી રીતે અમારા ગુરુએ અમને પ્રતિનિધિ તરીકે નિયુક્ત કર્યા હતા તેવી રીતે અમે આપને 'ડેલિગેટ' નિયુક્ત કરીએ છીએ. મારા ગુરુજીએ મને કહ્યું કે દુનિયામાં જ્યાં ચમકદાર અને બળવાન માણસ દેખાય ત્યાં મારે જવું જોઇએ. જે માણસો આત્મવિશ્વાસથી ભરેલા હોય, વિદ્યાથી ભરેલા હોય, હિંમત અને બળથી ભરેલાં હોય, પ્રભાવશાળી અને પ્રતિભાશાળી હોય તેમની ખુશામત કરવી જોઇએ, તેમની ઉપર નજર રાખવી જોઇએ.

**જ્યાં ચમક છે ત્યાં વિભૂતિ છે.**

મિત્રો ! અમે આપને અમારા પ્રતિનિધિ, અમારા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ડેલિગેટ, અમારા સંદેશાવાહક નિયુક્ત કરીને મોકલીએ છીએ. આ પ્રકારની ચમક આપને જ્યાં પણ જોવા મળે ત્યાં ખાસ ધ્યાન આપવું જોઈએ કારણ કે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાની વિભૂતિઓમાં એમ કહ્યું છે કે જ્યાં જ્યાં ચમક જોવા મળે છે, ત્યાં-ત્યાં હું છું. વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ, રમતોમાં જુગાર, નાગોમાં વાસુકિ હું છું. પાંડવોમાં અર્જુન હું છું, વગેરે દૃષ્ટાંતો આપી તેમણે કહ્યું છે કે જ્યાં ચમક જોવા મળે ત્યાં માનવું જોઈએ કે અહીં ભગવાનનો વિશેષ અંશ છે. ભગવાનના તે વિશેષ અંશને માટીમાં પડેલા, કચરામાં પડેલા એ હીરાને કાઢી લઈએ અને યોગ્ય જગ્યાએ રાખીએ તો હીરાની કિંમત આંકી શકાય છે અને તે પાંચ હજાર રૂપિયામાં વેચી શકાય છે. જ્યારે માટીમાં, કચરાના ઢગલામાં પડેલ હીરાની કિંમત બે આના પણ હોતી નથી.

સાથીઓ ! જો આપણે માટીમાં પડેલા બે આનાના હીરાને ત્યાંથી ખસેડીને પાંચ હજારનો બનાવી દઈએ તો શું આપણે હીરા ઉપર ઉપકાર નથી કર્યો ? આપણે કચરામાં પડેલા હીરાને યોગ્ય જગ્યાએ મૂકીને હીરાની ઉપર ઉપકાર કર્યો છે અને તેને પહેરનાર ઉપર પણ ઉપકાર કર્યો છે. જે લોકોએ બાળક પ્રહ્લાદને ભગવાનની ભક્તિમાં લગાડ્યો, શું તેમણે તેના ઉપર કંઈ ઉપકાર નથી કર્યો ? હા, તેમણે સમાજ પર બહુ ઉપકાર કર્યો, જેણે બીજાને એક જગ્યાએ લગાવી દીધા. ચાણક્યએ ચંદ્રગુપ્તને એક જગ્યાએ લગાવી દીધો. શું કોઈ ઉપકાર નથી કર્યો ? હા, બહુ ઉપકાર કર્યો. હરિશ્ચંદ્રને ઘણું નુકસાન વેઠવું પડ્યું તે? તેની પત્ની વેચાઈ ગઈ ? તે રાજ્ય વેચાઈ ગયું તે ?

**અમે આપને ઘડ્યા છે**

મિત્રો ! આમાં કોઈ નવાઈની વાત નથી. હીરો, જે કાચો આવે છે તેને આપણે સંઘાડા ઉપર ચઢાવીએ છીએ, છોલીએ છે, પછી તેના ઉપર છ પહેલ/પાસા પાડીએ છીએ, નવ પહેલ પાડીએ છીએ, બાર પહેલ પાડીએ છીએ. શું હીરાને વેદના નથી થતી ? હા, થાય છે, પરંતુ કાચા હીરાને કાપ્યા અને છોલ્યા પછી જ તેમાં ચમક આવે. તેની જ કિંમત વસૂલ થઇ. તેનાથી જ તે વીંટીમાં જડવાલાયક બન્યો. જો તેને છોલ્યો ન હોત, કાપ્યો ન હોત અને ઘસ્યો ન હોત તો તેનામાં ચમક આવી ન શકત. જો લોકો એમ કહે કે આપની સંસ્થામાં જઈને અમે શું મેળવ્યું છે ? મિત્રો ! અમે લોકોને એક જ ચીજ આપી છે. શું ? અમે આપને છોલ્યા છે, અમે આપને કાપ્યા છે. અમે આપનામાં પહેલ (પાસા) પાડી છે અને ચમકદાર બનાવ્યા છે. આ પણ હીરા ઉપર ઓછો ઉપકાર નથી. ગંદા-નકામા હીરાને એક પોટલીમાં બાંધીને મૂકી દઈએ તો શું કોઈ ઉપકાર છે ? ઉપકાર તે છે કે જેને પાસા પાડ્યા અને ઘસ્યા.

મિત્રો ! અમે લોકોને ઘસીએ, છોલીએ કે કાપીએ તો તેમાં કાંઈ ડરવાની જરૂર નથી કે અમે અમુક માણસને પૈસાનું નુકસાન કરાવ્યું. અમુક માણસને તેના બાળકોથી અલગ કર્યો. અમુક માણસને ઉદ્યોગ-ધંધાથી દૂર કર્યો. અમુક માણસ પોતાના પુત્ર-પુત્રીને પૈસા આપીને જવાના હતા. તેમાં પુત્ર-પુત્રી નારાજ થાય છે કે અમને આટલા બધા પૈસા મળવાના હતા પરંતુ ગુરુજીએ પિતાને બહેકાવી દીધા. પિતા પોતાનો સમય ઘરની કમાણી માટે ખરચતા હતા, તે હવે સમાજને માટે ખરચે છે અને એમને પૈસાનું નુકસાન થયું. તેની પત્ની નારાજ થાય છે, બાળકો નારાજ થાય છે, તો આપણે શું કરી શકીએ ? મિત્રો ! જેવી રીતે અમે અમારા ઘરમાં આગ લગાવીને આવ્યા છીએ તેવી રીતે બીજાના ઘર પણ બળે, તો અમને કાંઇ વાંધો નથી. તે બળવું જ જોઈએ.

**કોની પાસે જઈએ**

સાથીઓ ! અહીંથી ગયા પછી માત્ર શિબિર ચલાવવી એ પૂરતું નથી, તીર્થયાત્રાઓ ચલાવવી એ પૂરતું નથી. હવન-પૂજા કરવી એ પૂરતું નથી. જેનાથી તમે કોઈ માણસને સારી દિશામાં વાળી શકો અને કામ કરાવી શકો તે જ પૂરતું છે. સંસ્થાન ચલાવવું એ પૂરતું નથી. મંદિર બનાવવાનું પૂરતું નથી પરંતુ બીજા લોકોની પાસે આપ જજો. અમે તો તેમની પાસે ગયા નથી, પરંતુ આપે જવું જોઈએ. અમે કોની પાસે નથી ગયા ? અમે પૈસાદાર પાસે નથી ગયા અને આપને શા માટે જવું પડે ? મિત્રો ! અમે જે મિશન શરૂ કરવાના હતા, તેના પાયામાં અમારે એવા શુદ્ધ અને પવિત્ર પૈસાની જરૂરિયાત હતી, જેની પાછળ મનુષ્યની શ્રદ્ધા જોડાયેલી હોય. દબાણ કે લોભ જોડાયેલા ન હોય. એટલે અમે કોઈ પૈસાદાર પાસે ન ગયા. લોભ અને દબાણ લઈને જો અમે ગયા હોત તો અમે કેટલા પૈસા કમાઈ લીધા હોત, આપને ખબર નથી.

આપના વડોદરા જિલ્લામાં ચાણોદ નામનું ગામ છે. અમારી ગાયત્રી તપોભૂમિમાં રહેતા એક કાર્યકર ત્યાં જતા રહ્યા અને અનુષ્ઠાન કરવા લાગ્યા. તેણે શું કામ કર્યું, મુંબઈથી આવતા એક માણસને કહ્યું, જુઓ મેં ચોવીસ લાખ જપનું અનુષ્ઠાન કર્યું છે તમે તમારી દુકાનમાં મને શેરહોલ્ડર બનાવી લો. હું તમને ક્યારેય ખોટમાં નહીં જવા દઉં અને તમને ફાયદો જ થતો રહેશે. તેણે કહ્યું, સારું દુકાનમાં જે કંઈ ફાયદો થશે તેમાં બે આના તમારા પાક્કા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મિત્રો ! તે ભાગીદાર થઇ ગયો. ભાગીદાર થયા પછી શું થયું ? દુકાનમાં વધુ નફો થવા લાગ્યો. તેને પણ મહિને છસો રૂપિયાની કમાણી થવા લાગી. તે પણ દાઢી રાખીને ખાઇ-પીને લાલ થઇ ગયો અને આમતેમ ફરવા લાગ્યો. ક્યારેક-ક્યારેક અમારે ત્યાં પણ આવી જતો હતો.

એક વર્ષ શું થયું ? એક વર્ષ દુકાનદારને નુકસાન થયું. બસ, દુકાનદારને ગુસ્સો આવી ગયો. તેણે કહ્યું મેં ત્રણ વર્ષમાં તને વીસ હજાર રૂપિયા આપ્યા. મારા વીસ હજાર રૂપિયા આપ અથવા તો મને નફો કરાવ. નહિતર તારી દાઢી ખેંચી નાંખીશ. તેણે કહ્યું, હવે હું શું કરું, કેવી રીતે નફો થાય અને કેવી રીતે ખોટ પુરાય ? તેને લઇને મારી પાસે આવ્યો. મેં કહ્યું, બેટા શું બીમારી લઇને આવી ગયો. દુકાનદારે કહ્યું, ગુરુજી એણે કહ્યું કે મેં ચોવીસ લાખ જપનું અનુષ્ઠાન કર્યું છે તો તમને આ ફાયદો થઇ જશે, પરંતુ મને આ વર્ષે નુકસાન ગયું. મેં બધું બરાબર કરીને તેની ખોટ ભરપાઇ કરાવી દીધી અને બંનેને કહ્યું કે બેટા તું તારા ઘેર રહે અને તું તારા ઘેર. દાઢીવાળા છોકરાને કહ્યું કે તું ભિક્ષા માંગીને ખા. ગાયત્રીના જપ કરે છે અને દુકાનદારીના પૈસામાં શેરહોલ્ડર બને છે ? તને આવું કોણે કહ્યું ?

મિત્રો ! જો હું આવું કરવા ઇચ્છું તો સોના-ચાંદીના ભંડારો ઊભા કરી શકું. પરંતુ તે તરફ હું ક્યારેય ગયો નથી. શા માટે ન ગયો ? કારણ કે જેની પાછળ શ્રદ્ધા જોડાયેલી નથી, જેની સાથે પ્રેમ જોડાયેલો નથી, જે પૈસા પાછળ માણસની ભાવના જોડાયેલી નથી, તેવું ધન જો હું લેવાનું શરૂ કરી દઉં તો મારું તેજ, મારું બ્રહ્મવર્ચસ, મારું મિશન અને મારા ક્રિયાકલાપ બધું નષ્ટ થઇ જશે. આ જે ઇમારત છે, એમાં જે કોઇ બેસશે અને જ્યાં સુધી વ્યાખ્યાન પૂરું નહીં થાય ત્યાં સુધી તો તેના ઉપર આ ઇમારતોનો ચૂનો અને આ ઇમારતોની ઇંટો નીકળી નીકળીને તેના ઉપર પડશે. જે કોઇ આમાં સૂઇ જશે, તેમને રાતમાં એવાં સ્વપ્ન દેખાશે અને રાતમાં વેશ્યાઓ દેખા દેશે અને ભૂત દેખાશે અને ગુરુજીનું વ્યાખ્યાન કોણ જાણે ક્યાં ગૂમ થઇ જશે, આ રીતે દબાણથી લીધેલા પૈસા અમારા મિશનમાં વાપર્યા હશે તો તે સમગ્ર ઇમાનને ભ્રષ્ટ કરી દેશે.

**અમારું મૂળ છે શ્રદ્ધા**

એટલા માટે મિત્રો ! મેં જિંદગીભર એવું રાખ્યું કે જ્યાં શ્રદ્ધાપૂર્ણ, પ્રમાણિકતાયુક્ત અને ભાવનાઓથી સભર પૈસો આવશે, એને જ આ મિશન માટે સ્વીકારીશ. અમારા મિશનને પૈસાની ખૂબ જરૂરિયાત છે, પરંતુ અમે જાણીએ છીએ કે અમે કેટલા બંધનથી બંધાયેલા છીએ. અત્યારે અમે વાનપ્રસ્થોને દર મહિને સાઠ-સિત્તેરની સંખ્યામાં બોલાવીએ છીએ. જો અમારી પાસે વ્યવસ્થા હોય, સાધન હોય, અમારી પાસે રહેવાની વ્યવસ્થા હોય, ખાવાની વ્યવસ્થા હોય, વ્યાખ્યાનોની વ્યવસ્થા હોય તો અમે સાઠ-સિત્તેરને બદલે છસો વાનપ્રસ્થોને દર મહિને બોલાવી શકીએ અને ત્રણસો જોડીને સમગ્ર હિંદુસ્તાનમાં અને બધા વિદેશોમાં મોકલી શકીએ અને અમે એક ક્રાંતિ લાવી શકીએ છીએ. પરંતુ અમે બેસી રહ્યા છીએ. અમારે ત્યાં શિબિર ચાલતી રહે છે. અમે એક વખત પચીસ મહિલાઓને બોલાવીએ છીએ. જો અમારી પાસે તેઓના રહેવાની, ખાવાની, વ્યાખ્યાન વગેરેની વ્યવસ્થા હોત તો અમે શા માટે પચ્ચીસ મહિલાઓને બોલાવીએ ? પછી અમે એક મહિનાની શિબિરમાં એક હજાર મહિલાઓને બોલાવી શકીએ અને એક હજાર ગામોમાં મહિલા વિદ્યાલય ચાલુ કરી શકીએ, પરંતુ અમારી પાસે સાધનોનો અભાવ છે.

મિત્રો ! જો અમે ફંડ-ફાળા માગ્યા હોત, દરેક વ્યક્તિને કહ્યું હોત, દરેક વ્યક્તિને દબાણ કર્યું હોત અને મજબૂર કરી હોત, દરેક માણસને લોભ અને આશ્વાસન આપ્યું હોત, તો અમારી પાસે હીરા-ઝવેરાતોની ખાણો હોત, અમારી પાસે સોનું હોત. અમને આ વિદ્યા યાદ છે અને અમારું તપ એવું કીમતી છે કે જો અમે તેની કીંમત મુજબ ધન ભેગું કરવા જઇએ તો અમે કોણ જાણે કેટલુંય ધન ભેગું કરી લઇએ. જો અમે અપીલ કરીએ કે તમારે આપવું જોઇએ, તો અપીલના નામે ભેગા કરી લઇએ. પરંતુ આજ સુધી ક્યારેય માગ્યું નથી અને માંગીશુ નહિ. અમે જે કામ કરવા માગીએ છીએ, તેમાં અમે ઇચ્છીએ છીએ કે ભાવના સાથે જોડાયેલ, શ્રધ્ધા સાથે જોડાયેલ, પ્રેમ સાથે જોડાયેલ, મોહબ્બત સાથે જોડાયેલ, નિષ્ઠાથી જોડાયેલું અને પોતાની અંત:પ્રેરણા સાથે જોડાયેલ ધન આવે, પછી ભલે તે કાણી કોડી કેમ ન હોય ? ભલે અમે પચીસ જ માણસો કેમ ન બોલાવીએ, પચાસ જ માણસોને કેમ ન બોલાવીએ ? ભલે અમે જિંદગીભર થોડુંક જ કામ કરીએ, નાની બાબતો જ રાખીએ, પરંતુ શ્રદ્ધાપૂર્ણ જેટલું ધન અમારી પાસે આવશે, તેટલું જ કામ અમે કરીશું.

**આપ જાવ, જ્ઞાનયજ્ઞ માટે ધન ભેગું કરો**

પરંતુ અમે આપને એટલા માટે મોકલીએ છીએ કે જેની પાસે ધન છે તે લોકોને આપ મુક્ત વાણીથી અને મુક્ત મને કહી શકો. જો એ લોકો કોઇ સારા કાર્ય માટે અને આ મિશન જેવા કાર્ય માટે ખર્ચ કરવાની અને દાન આપવાની સ્થિતિમાં હોય તો તેવા લોકો દેખાય તો તેમને આપ તે રીતે કહો. જો આ પ્રકારનાં કામોમાં ખર્ચ કરતાં જોવા ન મળે તો તેમને કહેવું કે આપની પાસે જે દબાયેલું ધન છે, પડી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહેલું ધન છે તેને એવા કાર્યોમાં ખર્ચો જેનાથી આપણા વિચારોમાં ક્રાંતિ લાવવા માટે ઘણું સાહિત્ય તૈયાર કરી શકાય. મનુષ્યની જીવાત્માની ભૂખ સંતોષવા માટે હજુ સુધી આવું સાહિત્ય લખાયું નથી. કોઈએ આના ઉપર કલમ ચલાવી નથી, કોઈએ આવું વ્યાખ્યાન કર્યું નથી. જે માણસનું હૈયું હચમચાવી નાંખે. મગજને બદલી નાંખે, માત્ર અશ્લીલ નવલકથા અને અશ્લીલ વાર્તાઓ, જાદુનાં પુસ્તકો લખાયાં છે. જેમાં માત્ર વાહિયાત વાતો જ ભરેલી છે. હજુ સુધી મનુષ્યને હલાવે અને જાગૃત કરે તેવું સાહિત્ય કોઈએ વાચ્યું કે લખ્યું નથી.

મિત્રો ! જે લોકો તમાકુની ફેક્ટરીઓ ચલાવે છે, બીડીઓની ફેક્ટરીઓ, શરાબની ભઠ્ઠીઓ ચલાવે છે, કસાઈખાનાં ચલાવે છે, ચામડાનો ઉદ્યોગ કરે છે અને માત્ર એટલા માટે જ કરે છે કે કોઈપણ ભોગે, કોઈપણ રીતે તેમની પાસે ધન આવવું જોઈએ. જો આપનામાં હિંમત હોય અને કોઈ આપની વાત માની લે, તો આપે એ કહેવું જોઈએ કે તેમાં આપને ચાર આના મળે છે, પરંતુ એમાં રૂપિયે એક આનો મળશે. જો આપ ઈચ્છો તો એવા'પ્રકારના વેપાર-ઉદ્યોગ-ધંધા શરૂ કરી શકો જેનાથી આપણા સમાજે ગુમાવી દીધેલ મનોબળ ફરીથી જાગૃત થઈ શકે. દાન ન આપો, આપની પાસે જ રાખો ! અમે દાન નથી માગતા, પરંતુ આપ આપના ઉદ્યોગ-ધંધાને બદલી નાંખો. બીડીના ધંધામાં આપે વીસ કરોડ રૂપિયા રોક્યા છે. એ વીસ કરોડ રૂપિયા તેમાંથી કાઢી લઈને સાહિત્યના પ્રકાશનમાં નાંખી દો. પછી જુઓ અમે શું વ્યવસ્થા કરીએ છીએ ?

નારી જાગરણ માટે હજુ સુધી એક પણ પુસ્તક લખાયું નથી, જે સ્ત્રીઓમાં /મહિલાઓમાં હિંમત પેદા કરી શકે. તેવી જ રીતે બાળકોમાં પણ હિંમત પેદા કરી શકે તે માટે કોઈએ કલમ ચલાવી નથી. દેડકાની વાર્તા લખી છે, વાંદરાની વાર્તા લખી છે, કૂતરાની વાર્તા લખી છે, ભૂતની વાર્તા લખી છે, પરંતુ બાળકોમાં સાહસ જન્માવી શકે તે માટે એક પણ પુસ્તક લખાયું નથી. એવા પ્રકારનું સાહિત્ય જે આપણા સમાજના કુરિવાજો સામે ટક્કર ઝીલવામાં સમર્થ બની શકે, એવા પ્રકારનું સાહિત્ય જે મનુષ્યની ભીતર ધરબાયેલા ભગવાનને જગાડી શકે. અમારું અખંડ જ્યોતિનું થોડુંક સાહિત્ય, થોડાક જ પૈસાથી પ્રકાશિત થતું સાહિત્ય પોતાની ભૂમિકાને પૂર્ણપણે પ્રસ્તુત કરે છે. જો આ સાહિત્ય અને આ પ્રકાશનની વ્યવસ્થા કરી શકાય તથા તેના માટે એક પુસ્તક વિક્રેતાને તૈયાર કરી શકાય, હિન્દુસ્તાનની તમામ ચૌદ ભાષાઓમાં તેનું પ્રકાશન કરી શકાય, તો શું તમે એમ માનો છો કે અમે હિન્દુસ્તાનમાં નવું વાતાવરણ જન્માવી ન શકીએ, પેદા ન કરી શકીએ? નવી દિશાઓ પેદા ન કરી શકીએ ? મુઠ્ઠીભર પ્રકાશિત થતું અખંડ જ્યોતિ શો ગજબ કરી રહી છે, તે તમે નથી જોઈ શકતા ? આવી અખંડ જ્યોતિ બધી જ ભાષાઓમાં પ્રકાશિત થાય અને ઠેકઠેકાણે પ્રકાશિત થવા માંડે તો ગાયત્રી તપોભૂમિ અને અખંડ જ્યોતિ સંસ્થાનના રૂપમાં નાનાં કેન્દ્રો, જેમાં થોડુંક પ્રકાશન થાય છે, તે જો ઠેકઠેકાણે ચાલુ કરી શકાય, તો શું આપણે કંઈપણ કામ નહિ કરી શકીએ ? હા, અમે ઘણું બધું કામ કરી શકીએ છીએ.

મિત્રો ! આપ લોકોને એટલું કહેવાનું કે આપનામાં દાન આપવાની અથવા ખર્ચ કરવાની હિંમત ન હોય તો આપ આપના ધંધાને બદલવાનું તો કરી જ શકો છો. મનુષ્યના વિચારોને બદલવા માટે અને જીવાત્માની ભૂખ સંતોષવા માટે આજે જે સાહિત્યની જરૂર છે, તેના માટે આપ પૈસા આપો અને આ કામને આપના હાથમાં લો. અમે આપના એગ્રિમેન્ટ કરી દઈશું અને આપની વ્યવસ્થા કરી દઈશું. અમે આપના માટે સાહિત્ય લખીને આપીશું, આપને મદદ કરીશું અને આપને નુકસાન નહિ જવા દઈએ. એ બાંહેધરી અમે આપી શકીએ છીએ. પરંતુ અમે શું કરી શકીએ ? મિત્રો ! અમારી પાસે ધન નથી અને અમે કોઈ કામ શરૂ કરી શકતા નથી. આવા ઉદ્યોગ ચાલુ કરવા અમારી પાસે કોઈ સામર્થ્ય નથી, સાધન નથી.

**સાહિત્ય પછી સુરુચિપૂર્ણ કલા**

મિત્રો ! સાહિત્ય એ તો એક નંબરનું કામ થયું, બીજું કામ છે ચિત્રોનું. આપે જોયું નથી કે ચિત્ર કેટલું કામ કરે છે ? આપે અશ્લીલ ચિત્રો વેચાતાં જોયાં નથી ? દિવાળીના દિવસોમાં આપે ગલીએ-ગલીએ, શેરીએ-શેરીએ, ચૌટે-ચૌટે ચિત્રોવાળાની દુકાને ચિત્રોમાં શું છે તે જોયું નથી ? આમાંથી એંશી ટકા તસ્વીરો એવી જોવા મળશે કે જે મનુષ્યની વાસનાને ભડકાવે, મનષ્યની અંદરના શેતાનને ભડકાવે છે. જે આપણી માને, બહેનને, દીકરીઓને વેશ્યાઓના રૂપમાં રજૂ કરે છે. નારી, જેને આપણે સન્માન આપ્યું, જેને આપણે મા કહી, દીકરી કહી, બહેન કહી, તેના ચહેરાને આ ચિત્રોવાળાએ એ રીતે આપણી સામે રજૂ કર્યા છે કે જેનાથી આપણી દૃષ્ટિ ખરાબ થઈ જાય અને જે સ્ત્રી આપણને દેખાય તે વેશ્યા સ્વરૂપે દેખાય અને પોતાની વાસનાની પૂર્તિના માટે દેખાય. આ રીતે ચિત્રોવાળાઓએ અમારી દૃષ્ટિને બદલી નાંખી છે.

સાથીઓ ! તો શું એ જરૂરી નથી કે આપણે ફરીથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોકોમાં એ રીતે ચિત્રો પ્રત્યે અભિરુચિ પેદા કરીએ કે જેમાં પ્રબળ પરિવર્તન અને ત્યાગ-બલિદાનનું સ્વરૂપ ચિત્રિત હોય ? જેમણે પોતાનાં હાડકાં સુધ્ધાનું દાન કર્યું હતું એવા મહર્ષિ દધીચિનું ચિત્ર લોકોને ન આપી શકીએ ? આવાં ચિત્રો ક્યાં કંઇ જોવા મળે છે? મેં તો આજ સુધી જોઈ નથી. તેમની જેવો ત્યાગ કરનારનું અનોખું દૃષ્ટાંત હિંદુસ્તાનમાં એકમાત્ર તેમનું છે. આજે આપણે એવું અનોખું દૃષ્ટાંત રજૂ કરનારની એક પણ તસ્વીર ખરીદી શકતા નથી. જે લોકોએ સ્વરાજ્ય માટે અને તે અગાઉ ત્યાગ-બલિદાન અને કુરબાની આપી છે, તેમના ચિત્રો આપની પાસે છે? ગણપતિનું ચિત્ર તો આપ ક્યાંકથીય ખરીદી શકો છો, પરંતુ ઋષિ દધીચિનું ચિત્ર આપને ક્યાંયથી મળી શકશે નહિ.

મિત્રો ! શું કરવું પડશે ? આ પણ એક એવું કામ છે, જે મનુષ્યના જીવનને અને મનુષ્યની જીવનદિશાને હલબલાવી શકે છે. કોઇ એવો ઉદ્યોગ ઊભો કરવામાં અમે સમર્થ થઇ જઇએ, ક્યાંક અમે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ અને અન્ય સમસ્યાઓ હલ કરવા માટે એક મોટી પ્રકાશન સંસ્થા ઊભી કરીએ તો મઝા આવી જાય. પણ આપ ધનવાનો પાસે જઇને કહો કે અમારી પાસે ઘણા બધાં કિંમતી કામો કરવાના પડ્યાં છે, સાહિત્ય સિવાય કલાનું મંચ હજુ જીવંત છે. સરસ્વતીનું પ્રતીક કલાનો મંચ કેવી આપત્તિ સર્જી રહ્યો છે તે આપે જુઓ છો ? હિંદુસ્તાનમાં હિંદીથી માંડીને અંગ્રેજી સુધી બધી જ ભાષાઓમાં જેટલી સંખ્યામાં અખબારો પ્રકાશિત થાય છે તેનાથી ત્રણ ગણાં વાચકો તો એવા છે જે રોજ સિનેમા જોવા જાય છે. જો સિનેમા અમારા હાથમાં રહ્યાં હોત, સિનેમા તંત્ર ચલાવવા માટે જો અમને ધન મળી ગયું હોત તો અમે ઋષિઓના જીવન, દેવતાઓના જીવન, સંતોના જીવન, મહાપુરુષોના જીવનને રજૂ કરતી સેંકડો, હજારો ફિલ્મો બનાવી સમાજને આપી હોત. લોકોને પોતાના જીવનમાં ક્રાંતિ અને ખળભળાટ પેદા કરનારી દેખાય તેવી તમામ ઘટનાઓ રજૂ કરવા માટે અમે સમર્થ થઇ શક્યા હોત, પરંતુ ફિલ્મ ઉદ્યોગમાં કરોડો રૂપિયા લાગેલા છે.

મિત્રો ! આપ ઇચ્છો કે થોડાક પૈસા આવા કામો માટે મળી જાય તો લોકો તૈયાર નથી થઇ શકતા. કારણ કે તેઓને આમાં વધુ નફો દેખાતો નથી. તેઓ તો લોકોની માંગ શું છે, તે જુએ છે, જમાનાની માંગ શું છે ? જમાનો જે ચીજ માંગતો આવ્યો છે તે જ અમે આપતા આવ્યા છે. જમાનો બીડી માગે છે એટલા માટે અમે બીડી આપીએ છે. જમાનો શરાબ માગે છે અને અમે શરાબની ફેક્ટરીઓ ખોલતા આવ્યા છીએ. જમાનો જુગાર માગે છે, હરામના પૈસા માગે છે અને અમે તે આપતા આવ્યા છીએ. જમાનો જે માગે છે, તે આપણે આપતા જઇશું તો જમાનાને પછી કોણ ફેરવશે ? જમાનાને દિશાઓ કોણ આપશે ? જમાનામાં ફેરફાર કોણ કરશે? જમાનામાં ફેરફાર કરવા અને દિશાઓ આપવા માટે એવા લોકોની જરૂર છે જે લોકોના મગજને વાળવામાં સમર્થ હોઇ શકે. અને લોકોની માન્યતાઓને પડકારી શકે, લોકોની માન્યતાઓને ઢાળવા માટે નવો પ્રયત્ન કરી શકે.

**ધર્મતંત્રથી અનેક પ્રયત્નો કર્યા**

મિત્રો ! આ પ્રકારના પ્રયત્નો અનેક દિશાએથી કરવા જરૂરી છે. અમે અને આપ સંતના રૂપમાં, બ્રાહ્મણના રૂપમાં, પંડિતના રૂપમાં, કથાકારના રૂપમાં અને જ્ઞાનીના રૂપમાં જઇશું અને ધર્મગ્રંથોની મદદ લઇને ધર્મના માધ્યમથી જ્યાં આપણને ધાર્મિક ભાવનાઓનું સ્થાન દેખાય ત્યાં આપણે બદલવાના પ્રયત્ન કરીશું. પરિવર્તનના પ્રયત્ન કરીશું. મિત્રો ! સમાજને ઉપર લાવવા માટે , રાષ્ટ્રને ઉપર લાવવા માટે, માનવતાને ઉપલા સ્તરે લાવવા માટે આપની જરૂર છે. આપે ધર્મવીર થવું જોઇએ અને જ્યાં ક્યાંય ધર્મના કિરણો દેખાતા હોય,ધર્મના બીજાંકુર દેખાતાં હોય, ત્યાં જઈને આપે ખાતર સ્વરૂપે, પાણી સ્વરૂપે, વરસવું જોઇએ. જેથી જ્યાં પણ ધર્મનાં બીજાંકુર જીવિત છે ત્યાં તેને ઉગાડી શકાય, જાગૃત કરી શકાય. એ આપનું વ્યક્તિગત કામ છે અને અંગત કામ છે. આપ એ કરી શકો છો અને એ કરવું જોઇએ. આ સિવાય ઢગલાબંધ કામ પડ્યા છે. માટે બીજા માણસોની મદદની પણ જરૂર છે. આના માટે જ્યાં આપને બુદ્ધિ દેખાતી હોય, ચમક દેખાતી હોય, પ્રતિભાઓ દેખાતી હોય, વિભૂતિઓ દેખાતી હોય, પ્રભાવ દેખાતો હોય, જ્ઞાન દેખાતું હોય, ધન દેખાતું હોય, ત્યાં આપે જવું.

આપ એ બધા લોકોની પાસે જાવ અને ખુશામતો કરો. આપે તેમને લઇને એ સ્થાન પર ઊભા કરી દો જેની આગળની લાઇનમાં આપ ઊભેલા છો. આપની જમણી બાજુ, ડાબી બાજુ, આપની આગળ અને પાછળ એ લોકો મદદકર્તા સ્વરૂપે સાથેસાથે ચાલે. જે રાહ ઉપર ચાલતાં ચાલતાં અમારે મનુષ્યની અંદર ભગવાનની સ્થાપના કરવી છે અને પૃથ્વી ઉપર સ્વર્ગને ઉતારવું છે, તે રાહ પર આપે એકલાએ ચાલવાનું છે. આ છે મારું આપને નિવેદન અને આવો છે અનુરોધ. આજની વાત સમાપ્ત .

**॥ ૐ શાંતિ ॥**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આવા હતા અમારા માતાજી

વંદનીયા માતાજીના જન્મની સાથે જ ભવિષ્ય વક્તાઓએ બતાવ્યું કે એક દૈવી સત્તા શક્તિ રૂપમાં તેમના ઘેર આવ્યા છે સાધારણથી અસાધારણ બનતી આ એવી ઊંચાઈ પર પહોંચશે જે કરોડો વ્યક્તિઓની શ્રધ્ધાને પાત્ર બનશે. હજારો, લાખો લોકો આ અન્નપૂર્ણાના દ્વારે ભોજન કરશે. કોઈ પણ ગમે ત્યારે તેમના આશીર્વાદ મેળવશે. તે ખાલી હાથે નહીં જાય.

એક ઐશ્વર્યશાળી સંપન્ન ઘરમાં જન્મ લેવા છતાં સાદગી ભરેલ જીવન જ તેમને પસંદ હતું. રેશમી કીંમતી વસ્ત્રોની તુલનામાં ગાંધી બાબાની વાત કહી બધાને ખાદી અપનાવવાની પ્રેરણા આપતા અને સ્વયં પણ ખાદી પહેરતા. બીજાઓને ભોજન કરાવવું, તેમનું આતિથ્ય કરવું, તેમની સાથે સન્માનપૂર્વક વ્યવહારમાં તે બધાથી આગળ રહેતા હતા. જેમણે પણ તેમના પ્યાર ભરા હાથે ભોજન કર્યું, તે તેમને સદા યાદ રાખતા. વિવાહ પછી ખૂબ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં તે ઘરમાં પહોંચ્યા, જ્યાં આચાર્યજી ગરીબીનું જીવન જીવી રહ્યા હતા. જેવું પતિનું જીવન તેવું જ પોતાનું જીવન. જ્યાં તેમનું સમર્પણ તેમના પ્રત્યે પોતાનું સમર્પણ. આ સંકલ્પ સાથે ખભે ખભો મિલાવીને પૂર્વ જન્મોના પોતાના આરાધ્ય ઈષ્ટ સાથે જોડાઈ ગયા. ૨૪ વર્ષોના ૨૪ મહાપુરશ્ચરણો ચાલી રહ્યા હતા. જ્યારે ગાયત્રી તપોભૂમિની સ્થાપનાનો સમય આવ્યો, ત્યારે પૂજ્ય ગુરૂદેવ ૧૦૮ કુંડીય યજ્ઞ કરી ૨૪ વર્ષીય અનુષ્ઠાનની સમાપ્તિ કરવા માંગતા હતા. સ્વયં પોતાના તરફથી પહેલ કરી વંદનીયા માતાજીએ પોતાના બધા ઘરેણાં પોતાના આરાધ્યના કાર્યને સફળ બનાવવા માટે આપી દીધા. માતાજીએ લખ્યું છે કે- "પરિજનોની આ મા પોતાના જીવનની દરેક ક્ષણ એક સમર્પિત શિષ્યની જેમ જીવ્યા છે. પોતાના આરાધ્યની દરેક ઈચ્છાને પૂરી કરવા અથક પ્રયાસ કર્યો છે. પ્રત્યક્ષ દૃશ્યપટલ પર જો અમે ના પણ દેખાઈએ, તો અમારું કર્તવ્ય જે અત્યાર સુધી ગુરુ સત્તાની અનુકંપાથી બનેલ છે, તે બધા માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે. તેમજ અમારા બાળકો ઉત્તરાધિકારી બની આદર્શોના ક્ષેત્રમાં પ્રતિસ્પર્ધા કરતા ઉજ્જ્વળ ભવિષ્ય નજીક લાવતા દેખાશે. એવો અમારો દૃઢ વિશ્વાસ છે."

ગુરૂદેવના તપની પ્રભા જ્યાં પોતાના તીવ્ર આકર્ષણથી પ્રભાવિત કરે છે, ત્યાં વંદનીયા માતાજીનું અપરિમિત વાત્સલ્ય હૃદયના ઊંડાણને તૃપ્ત કરે છે. માતાજી અને ગુરૂદેવના રહસ્યમય જીવન ભલે સમજમાં ન આવે, પણ એટલું જરૂર કહી શકાય કે માતાજી ન હોત તો મિશનનો આટલો વિસ્તાર ન થઈ શકયો હોત. એટલે કે શક્તિ ના હોત તો કદાચ શિવ પોતાની લીલા-વિસ્તાર કરી ન શકતા, પૂજ્ય ગુરૂદેવે લખ્યું છે, "માતાજી ભગવાનનાં વરદાનની માફક અમારા જીવનમાં આવ્યા છે. તેમના વગર મિશનના ઉદય અને વિસ્તારની કલ્પના કરવી મુશ્કેલ હતી. વિરોધનું તત્વ તો તેમનામાં હતું જ નહીં. જો તે ઈચ્છતા તો સાધારણ સ્ત્રીઓની માફક મારા પર રોજે રોજ નવી ફરમાઈશોનો દબાવ નાંખી શકતા. એવી હાલતમાં ન તો તપશ્ચર્યા થતી અને ન લોક સેવાનો અવસર મળતો. જે કંઈ આજ સુધી થઈ શકયું તેનું કયાંય નામનિશાન જોવા ન મળત."

વંદનીયા માતાજીએ લખ્યું છે-"જ્યાં સુધી કષ્ટ સહેવાનો પ્રશ્ન છે, પૂરું જીવન તિતીક્ષાના અભ્યાસમાં જ લાગ્યું છે. ગુરૂદેવની છાયામાં રહી વધુ નહીં તો એટલું તો શીખી છું કે આવેલ આપત્તિઓના સમયે ધૈર્ય, સાહસ અને વિવેકને દૃઢતાપૂર્વક સ્વીકારવા જોઈએ. વ્યથાને એવી રીતે દબાવી રાખવી જોઈએ કે નજીકના કોઈને તેનો આભાસ ન થાય. માનવ જીવન સુખોની સાથે દુઃખોનું પણ યુગ્મ છે. સંપત્તિ જ નહીં વિપત્તિ પણ ભગવાન માનવ કલ્યાણ માટે મોકલે છે. ગુરૂદેવના સંપર્કમાં એવા પાઠ ભણતી રહી છું કે રૂદનને હાસ્યમાં કેવી રીતે બદલવું જોઈએ."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે-"માતાજીનો દરજ્જો ઊંચો હોય છે, કેમકે તેમનો સ્નેહ સહયોગ જ નહીં, વાત્સલ્ય પણ અમે ભરપૂર મેળવ્યું છે. અમને તે ખૂબ ઉદારતાપૂર્વક પરિપોષણ આપતા રહ્યા છે. તેમનું મૂલ્યાંકન તુલનાત્મક દૃષ્ટિએ ઓછું ન કહેવાય. તે અનવરત રૂપે સહધર્મિણી રહ્યા છે. તેમના કારણે અમને પોતાના જીવનમાં પણ ધર્મ-ધારણા પર અડગ રહેવા અને બીજાને તે દિશામાં ચલાવવામાં અસાધારણ સહાયતા મળી છે. એક શબ્દમાં તેમને સજલ શ્રધ્ધા કહી શકાય. તેમની કાયામાં છે તો હાડ-માંસ છતાં કોઈ કણ એવો નથી, જેમાં શ્રધ્ધા ભરેલી ના હોય. સંપર્કમાં આવનાર અમારી પ્રજ્ઞાથી નિષ્ઠાવાન નથી બન્યા પરંતુ તેમની શ્રધ્ધા સાથે વાત્સલ્ય મેળવી નિષ્ઠાવાન બન્યા છે. મિશનને આગળ વધારવામાં કોણે કેટલું યોગદાન કર્યું, જ્યારે એ તોલ-માપ ભગવાનના ઘેર લેવામાં આવશે તો કદાચ મૂર્ધન્યોમાં માતાજીનું નામ જ આગળ હશે. ક્યારેક વિચારીએ છીએ કે જો તે સાથે ન રહી હોત તો આટલું શું કરી શકત, જે કરી શકયા છીએ. પરિવારને, તેમના માધ્યમથી દૂરવર્તી વાતાવરણને ધન્ય ધન્ય કર્યું છે.

મહાપ્રયાણ પહેલાં માતાજીએ કહ્યું હતું, "નિરંતર પ્યાર, મમત્વ વહેંચીને જ અમે આ સંગઠન ઉભું કર્યું છે. તમે સૌ આ જવાબદારી નિભાવજો. મિશનનું ભવિષ્ય નિશ્ચિત ઉજ્જ્વળ છે. મને મારા પુત્ર-પુત્રીઓ પર પૂરો વિશ્વાસ છે કે સ્નેહની દોરમાં પરસ્પર બંધાયેલ આ મિશનના સંસ્થાપકો તથા દૈવી સંચાલન તંત્રના નિયામક ઋષિગણો દ્વારા નિર્ધારીત લક્ષ્ય જરૂર પૂરું થશે."

ગુરૂદેવે લખ્યું છે-"મિશનને વધારવામાં માતાજીએ ડાબા જમણા હાથની નહીં હૃદયની ભૂમિકા નિભાવી છે. તેમની ભાવનાઓના સંચારથી મિશન પળાતું અને વધતું રહ્યું છે. બીજાની માફક અમે પણ તેમના પ્યાર-દુલાર પામી ધન્ય થયા છીએ, નહીંતર આટલા આઘાતો ચાલવા છતાં કોણ જાણે અમારા કયારનાથ ટૂટી-ફૂટીને ભૂક્કે ભૂક્કા થઈ ગયા હોત. તે ભાવનામયી છે, પ્યાર તો જાણે તેમના રોમ-રોમમાં વસે છે. તેમને અમારી માફક વાતો કરતા નથી આવડતી, પણ મમત્વ લૂંટાવામાં અમારાથી ખૂબ આગળ છે. ભલે તે અમારી જેમ બૌધ્ધિક ચાતુર્યના ધણી ન હોય, પરંતુ મમતાની પૂંજી તેમના પાસે અમારા કરતાં કંઈ ગણી વધારે છે. તેના કારણે અમે તેમને સજલ-શ્રધ્ધા કહીએ છીએ. મિશનના પ્રત્યેક પરિજને તેમનો આ રૂપમાં અનુભવ કર્યો છે. તે છોકરા-છોકરી અને વહુનો મોહ આટલો સહેલાઈથી છોડી હરિદ્વારના જંગલમાં વસવા માટે તૈયાર થઈ જશે, એનો મને વિશ્વાસ ન હતો. મેં પોતાના મનની આમૂંઝણ છૂપાવતા જ્યારે તેમને શાંતિકુંજમાં તપ-સાધનાની વાત કહી, તો તે એક પળની પણ વાર કર્યા વગર તૈયાર થઈ ગયા. અમને પણ તેમનું આ સાહસ ભર્યું સમર્પણ જોઈ આશ્ચર્ય સાથે પ્રસન્નતા પણ થઈ."

વંદનીયા માતાજીએ આપણા માટે લખ્યું છે-"શ્રવણકુમારની જેમ મને તથા મારી ગુરુસત્તાને ઘેર-ઘેર પહોંચાડો. ઘેર-ઘેર નૂતન ચેતનાનો સંદેશ પહોંચાડો. યુગ ચેતનાના પ્રકાશથી હિમાલયથી વિંધ્યાચળ તથા વિંધ્યાચળથી સાતપુડા દંડકારણ્ય તથા અરાવલીથી કન્યાકુમારી સુધીના દરેક ક્ષેત્રને પ્રકાશિત કરી દો. આ પાવન સરિતાઓની દરેક બૂંદને તથા માતૃભૂમિને દાસતાથી મુક્તિ અપાવી તેને પુનઃ દેવ સંસ્કૃતિની ચેતનાથી પ્રાણવાન કરી દો. આગળ મોટા-મોટા કાર્ય કરવામાં પૂરા રાષ્ટ્રને જગાડવાનું છે. તમો મારા વરિષ્ઠ પુત્રોમાંના જ છો. હવે આ પરિવાર સંસ્થામાં અહંકારીઓને કોઈ સ્થાન નહીં મળે. તમો બધા સારા છો, મને આશા છે, તમારામાંથી કોઈનો અહંકાર ટકરાશે નહીં તથા ટીમ-ભાવના સાથે તમે કામ કરતા જશો. સ્વભાવમાં જ્યાં પણ થોડી-ઘણી કમીઓ છે, તેને દૂર કરી સારી ટેવોમાં બદલવાની કોશિશ કરો. પોત-પોતાની યોગ્યતા વધારો. તમે સમર્પણ કરશો, તો ગુરૂજીનો અવાજ તમારી વાણીમાંથી નીકળશે. તમારે જોવાનું છે કે આગળ શું થાય છે, જે કામ હશે તે માતાજી નહીં બેટાઓ કરશે. એ વધુ શાનદાર હશે. અમારી મિશનરી ભાવનાની માફક ફેલાતા જશો. જોત-જોતામાં કેટલાય ગણા થઈ જશે. તમારામાંથી વિવેકાનંદ નીકળશે, દયાનંદ નીકળશે અને જોતા જાવ તમારી પાસેથી એ કરાવી લેશે, જે તમે વિચાર્યું પણ ન હોતું."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## આત્મીય અનુરોધ

# દેવ-પ્રતિમા અને જીવન-દર્શન

આસ્તિકતાની માન્યતાઓને સુસ્થિર કેવી રીતે રખાય, તેના માટે જરૂરી સમજવામાં આવી છે ઉપાસના. ઉપાસના દ્વારા વારંવાર સ્થૂળ નેત્રોથી પરમાત્માનું સ્વરૂપ દેખાવું, સ્મરણ-ચિંતન સહેજે થઇ જાય છે. માનવીય સ્વભાવ ભૂલકણો છે. જે વાતો વારંવાર વ્યવહારમાં આવે છે, તે સ્મૃતિમાં રહે છે. ઈશ્વર અદૃશ્ય છે. આ આંખો દ્વારા દેખી નથી શકતા અને ન તો ઈન્દ્રિયો દ્વારા અનુભવી શકતા. આવી પરિસ્થિતિમાં લોકો ભૂલા પડી જાય છે. કહેવામાં તો બધા ઈશ્વરને જાણે-માને છે. તેમના વિષે ઘણું-બધું વાંચે-સાંભળે છે, પરંતુ આ માન્યતા કેવળ મસ્તકના કોઈ ખૂણામાં પડી રહે છે. પરમ પૂજ્ય ગુરૂદેવે ઉપાસના વિષે જે તત્વદર્શન પ્રસ્તુત કર્યું છે, તે મનન કરવા યોગ્ય છે. પરમાત્માનું મૂર્તિમાન સ્વરૂપ આપણી આંખો સામે વિચરતું રહે, અદૃશ્ય સત્તા સામે સાકાર રૂપમાં પરિલક્ષિત હોય ત્યારે સંભવ છે કે અધર્મનો પરિત્યાગ કરી ધર્મને દૃઢતાપૂર્વક પકડવામાં આપણી મનોભૂમિ પાર ઉતરે. અદૃશ્ય પરમાત્માને દૃશ્ય રૂપમાં, સાક્ષી-સહચરના રૂપમાં અનુભવ કરતા રહેવાનું મહાન કાર્ય "ઉપાસના" દ્વારા જ થઈ શકે છે.

પૂજ્યવરની ઉપાસના ઈષ્ટ સાથે એકાકારનું પ્રત્યક્ષ પ્રમાણ છે. તેઓ ગાયત્રીમય થઈ ગયા. પોતાના સ્થૂળ શરીરને પણ ગાયત્રી જયંતીના દિવસે જ છોડી સમષ્ટિગત ચેતનામાં સમાઈ ગયા. ઉપાસનાનું તે જ સ્વરૂપ દરેક ભક્ત-ઉપાસક-સાધકમાં દેખાવું જોઈએ. ગાયત્રી સાધનાથી બ્રાહ્મણત્વની પ્રાપ્તિ થાય છે. ગુરુ સત્તાની આશા-અપેક્ષા અનુસાર જન-જનને ગાયત્રી (સદ્ચિંતન)ની ઉપાસના માટે પ્રેરિત કરવાનું અભિયાન મત્સ્યાવતાર તરફ વધતું જાય.

પરમ પૂજ્ય ગુરૂદેવે બતાવ્યું છે-આત્માની શ્રેષ્ઠતા પરમાત્માની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. નાસ્તિક અથવા આધ્યાત્મિક વ્યક્તિ સંસારનો કોઈ પણ વૈભવ, કોઈ પણ પદાર્થ અને કોઈ પણ ભોગ કેમ પ્રાપ્ત ન કરી લે, પણ તેને સાચી આત્મોન્નતિ નથી મળી શકતી. આ સંસારમાં જે કંઈ શુભ છે, શ્રેષ્ઠ છે, ઉચ્ચ અને મંગળમય છે તે બધું તે પરમપિતાની વિભૂતિ છે. તેનાથી સંપન્ન થાય છે. તેના પર આશ્રિત છે.

ઉપાસનાનો અર્થ છે-પાસે બેસવું સામીપ્ય અથવા ઉપસંગ. સમીપતાના લીધે તેમની વિશેષતા પોતાનામાં આવવી સ્વાભાવિક જ હોય છે. ગરમ લોખંડ પાસે રાખેલ ઠંડુ લોખંડ ગરમી ગ્રહણ કરી પોતે ગરમ થઈ જાય છે. બરફના સંપર્કમાં આવનારી વસ્તુઓ ઠંડી થવા લાગે છે. ઉપાસનામાં રહેનાર સાધક પરમપિતા પરમાત્માની પાસે જ રહે છે. તેના પરિણામે તેમની વિશેષતા ગ્રહણ કરતાં રહે છે. પરમાત્મા સારી શ્રેષ્ઠતાઓ-વિશેષતાઓનો ભંડાર છે તેથી તે ગુણ ઉપાસકમાં પણ આવવા અને વસવા લાગે છે. એવું નથી કે મનુષ્ય હિમાચ્છાદિત પર્વતો પાસે રહે અને શીતળતાનો અનુભવ ન કરે. ફૂલો ભરી વાટિકામાં રહેવાથી તન-મન સુગંધિત થઈ ઉઠે છે, જે પણ ઉપાસના દ્વારા પરમાત્માનું સામીપ્ય પ્રાપ્ત કરશે તેમાં પરમાત્માના ગુણ, શ્રેષ્ઠતાનું હસ્તાંતરણ થવું સ્વાભાવિક અને ચોક્કસ છે.

અનેક લોકો નિત્ય પૂજા-પાઠ કરતા જોવા મળે છે. એવું સમજે છે કે ઉપાસના કરી રહ્યા છે. ઘણા તેમને ઉપાસક માની લે છે પણ તેમની આ ઉપાસના વાંછિત ફળ સાથે સફળ નથી થતી. ન તો તેમને શ્રેષ્ઠતા મળે છે અને ન આત્મશાંતિ. તે પૂજા-પાઠ પછી પણ જૂઠું બોલે છે. બદમાશી કરે છે. ક્રોધ, લોભ અને મોહથી વશીભૂત રહે છે, જેના ફળસ્વરૂપે મનમાં ન તો શીતળતા અને ન તો આત્માને સંતોષની અનુભૂતિ થાય છે. જ્યાંના ત્યાં જ શોક-સંતાપો, યાતનાઓ, ત્રાસ, શંકાઓ, અભાવો તથા અસંતોષથી પીડાતાં રહે છે. પૂરી રીતે યથાવત્ ભવરોગી બનેલ રહે છે. પરમાત્માના શ્રેષ્ઠ ગુણ જે પ્રેમ, સૌહાર્દ્ર, કરૂણા, દયા, આત્મીયતા, આનંદ, શાંતિ વગેરે છે. પરમાત્માની ઉપાસના કરવાથી તેમની શ્રેષ્ઠતાઓનું સ્થાનાંતરણ થવું એક અટલ સત્ય છે. જ્યારે ઉપાસના કરતા દેખાતા હોવા છતાં પણ કોઈ વ્યક્તિમાં શ્રેષ્ઠ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિવર્તનના લક્ષણ દૃષ્ટિગોચર ન થાય, તો કોઈ પણ બુધ્ધિમાન વ્યક્તિ ઘોષણા કરી શકે છે કે આ ઉપાસના નથી તેનો માત્ર આડંબર છે, માત્ર પ્રદર્શન છે.

સાચી ઉપાસનાનો અર્થ છે-આત્માને પરમાત્મા સાથે જોડી દેવું. એવું કરવાથી ખાલી જળાશયનો સંબંધ ભરેલા જળાશય સાથે કરવાથી ખાલી જળાશય પણ ભરાઈ જાય છે. તે જ રીતે આત્મા દ્વારા પરમાત્મા સાથે સંબંધ બનાવવાથી પરમાત્માની શ્રેષ્ઠતાઓ મનુષ્યમાં પણ પ્રવાહિત થઈ જાય છે, પરંતુ આ માધ્યમ વચ્ચે કોઈ વ્યવધાન રાખે તો પ્રવાહ રોકાઈ જાય છે. જળાશયને જળ અને મનુષ્યને શ્રેષ્ઠતા પ્રાપ્ત નહીં થાય.

સામાન્ય રીતે દેવતાઓના જે રૂપના દર્શન કરીએ છીએ. તેની પાછળ પ્રેરણાઓ છૂપાયેલી છે. ગણેશજીના મોટા-મોટા કાન આપણને એ શિક્ષણ આપે છે કે આપણે વધુ સાંભળીએ પરંતુ બોલીએ ઓછું. વાત બધાની સાંભળીએ, પરંતુ કરીએ જે વિવેકસંગત હોય. ગણેશજીનું નાક મોટું છે. તે વિવેકના દેવતા કહેવાય છે. એટલે વિવેકવાનોની પ્રતિષ્ઠા ખૂબ હોય છે. હાથી સૂંઢથી ફૂંકી-ફૂંકીને ચાલે છે કે ક્યાંક કીડી શરીરમાં પ્રવેશ કરી ન જાય નહીં તો પ્રાણ સંકટમાં આવી જશે. આપણે પોતાના શત્રુઓથી સતર્ક રહેવું જોઈએ એટલે કે દોષ-દુર્ગુણ, વ્યસન કોઈ પણ રૂપમાં આપણા પર ચઢી ન બેસે નહીં તો આપણા માટે ઘાતક થઈ શકે છે. ગણેશજીનું પેટ મોટું હોય છે. દુનિયાની વાતો પચાવવાનું સામર્થ્ય છે. જ્ઞાનવાન અને મહાનની આ જ પ્રવૃત્તિ હોય છે. તે ધૈર્યવાન અને ગંભીર હોય છે. સમુદ્ર જેવા શાંત હોય છે.

શંકરજીની પ્રતિમાના દર્શનનો આધાર જ લઈ લો. માથા પર ચંદ્રમા શીતલતા-શાંતિનું પ્રતીક છે. આપણે પોતાના મસ્તકને શાંતિ-સદ્ભાવની શીતળતા ભર્યું રાખીએ, મસ્તક પર જટાઓથી સુરસરિ પાપનાશિની ગંગા ધારણ કરેલી છે. પરોપકાર માટે એવા જ વિચારો અમારા મસ્તકથી પ્રવાહિત થતા રહે, નિત લોક કલ્યાણની વાતો ઉપજે અને તેની ક્રિયા માટે તત્પર રહીએ. શિવજીના ગળામાં નાગ દેવતા છે. આશુતોષ-શિવજી ભલા-ભોળા છે, તે દુષ્ટોને પણ ગળે લગાડે છે. આ તેમની વ્યવહાર કુશળતા છે. તે દુષ્ટ તેમને સતાવતા નથી આપણે એવા વ્યવહાર કુશળ બનીએ કે દુષ્ટના આપણા પર ચઢી ન બેસે-ને તેનાથી પણ આપણી ઈચ્છાનુસાર સારું કાર્ય કરાવી લઈએ. શિવજીના મસ્તકમાં ત્રીજું નેત્ર છે, જે દિવ્ય જ્ઞાનનું પ્રતીક છે. વિવેકના જાગરણનું પ્રતીક છે. આજ્ઞાચક્ર જાગરણ, દિવ્ય દર્શન, ત્રિકાળદર્શી થવાનો સંકેત છે. આપણે ભૂત, ભવિષ્ય, વર્તમાન બધી પરિસ્થિતિઓ ના આધારે જીવન જીવીએ.

શિવજીના ગળામાં મુંડમાળા છે. શરીરે ભસ્મ લગાવે છે. આ પૂરી માનવ જાતિ માટે શિક્ષણ છે કે અંતમાં પોતાનું જીવનનું સ્વરૂપ આ જ થવાનું છે, તેથી આ જીવન ક્યારે છીનવાઈ જાય તેની ખબર નથી. ક્યારે કાળ તેના ક્રૂર હાથનો કોળિયો બનાવી લે. તેથી જે સમય છે, તેને જનહિતમાં લગાવો. શંકરજીનું ગળું લીલું પડી ગયેલ છે. તેમણે સમુદ્ર મંથનના સમયે નીકળેલ વિષ સંસારને બચાવવા માટે ધારણ કર્યું હતું. બીજાના હિત માટે પોતાના પ્રાણ સંકટમાં મૂકવાની શિક્ષા છે. આપણે આ સ્વરૂપોના દર્શનને સમજીએ અને ઈષ્ટના ગુણોને ધારણ કરીએ તે જ સાચી ઉપાસના છે.

મા ગાયત્રી હંસ પર સવારી કરે છે. આપણું જીવન હંસ જેવું ઉજ્જવળ હોય, વિવેકવાન હોય તો માની કૃપા મળશે. કમંડળનું જળ શીતલતા, પવિત્રતાનું પ્રતીક છે. પુસ્તક જ્ઞાન તથા સ્વાધ્યાયનું પ્રતીક છે. તો પુષ્પ પ્રસન્નતા ભરેલ સક્રિય જીવન જીવવાનું શિક્ષણ આપે છે. સ્વાધ્યાયાન્મા પ્રમદઃ સ્વાધ્યાયમાં આળસ ન કરો.

નિયમિત સ્વાધ્યાય કરવાથી મસ્તકના કચરાની નિત્ય સફાઈ થાય છે. સારા વિચારો સ્થાન લે છે. આત્મચેતના પરિપુષ્ટ થાય છે. માળા-સંગઠન, સહકારીતા, એકતા અપનાવવાની વાત બતાવે છે. માળાના મણકા સંઘબધ્ધ છે, ત્યારે તે ઈષ્ટના હાથમાં છે. માને પરસ્પર પ્રેમ, આત્મીયતા, સહકારિતા પસંદ છે. માથાનો મુકુટ મહાન વિચારોની સર્વોચ્ચતાનો પ્રતીક છે. આપણે ઉપાસનાના સ્વરૂપને સમજીએ તથા સાચા ઉપાસક અને સાચા સ્વાધ્યાયશીલ બની જીવન પથ પર લક્ષ્ય તરફ આગળ થઈએ, એમાં કલ્યાણ છે નહીં તો ચોર્યાસી લાખ યોનિઓના ચક્રમાં ભટકવું જ પડશે. એ અંતિમ સત્ય છે. ■



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**વડોદરા**–ગાયત્રી પરિવાર પશ્ચિમ વિભાગ ઉપક્રમે તા. ૮ જુનથી ૧૨ જૂન ગોત્રી રોડ, નટુભાઈ સેન્ટર પાસે પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું તા. ૮ના રોજ બે સ્થળોથી ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રજ્ઞા પુરાણ કથાના વક્તા શ્રીમતી રશ્મીબેન પટેલ ડભોઈવાળાએ સુંદર રીતે મધુરવાણીમાં કથાનું રસપાન કરાવ્યું છું. કથામાં આશરે અઢીથી ત્રણ હજાર ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ કથામાં વડોદરા મેયર શ્રીમતી ભારતીબહેન વ્યાસ, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના ન્યાયાધીશ, ડૉક્ટર્સ, તેમજ ઉદ્યોગપતીઓએ કથાનું રસપાન કર્યું અને આ સર્વે વિભૂતિઓ અને શ્રોતાઓ, ગાયત્રી પરિવારના આ સુંદર આયોજનથી ખૂબજ પ્રભાવિત થયા હતા.

કથામાં સર્વે પ્રકારના સંસ્કારોનું આયોજન પણ કરવામાં આવ્યું. જેમાં સેંકડો વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે પશ્ચિમ વિભાગના પરિજનો એ ખૂબજ સહકાર આપ્યો હતો અને મુખ્યત્વે ઈન્દુબહેન અમીન, રંજનભાઈ જોશી, અનીલભાઈ રાવલ, તારાબેન પંડયા, એ. સી. પટેલ વિગેરે એ ખૂબજ મહેનત કરી આયોજનને સફળ બનાવ્યું સાથે હજારો રૂપિયાનું યુગ સાહિત્યનું વેચાણ થયું હતું અને બસો પ્રજ્ઞા પુરાણની સ્થાપના કરવામાં આવી હતી.

**દાહોદ**–ઠક્કર બાપા પ્રાથમિક શાળા દાહોદ ખાતે તા. ૧૦ જુલાઈ ના રોજ પ્રથમ વર્ગમાં દાખલ થયેલા બાળકો માટે આયોજીત "શાળા પ્રવેશોત્સવ" નો કાર્યક્રમ ગાયત્રી યજ્ઞ દ્વારા ૩૧ બાળકોના વિદ્યારંભ સંસ્કારના માધ્યમથી રાખવામાં આવ્યો. જે ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓ, આમંત્રિત મહેમાનો અને શાળાના શિક્ષકગણની ઉપસ્થિતિમાં ભાવનાત્મક વાતાવરણમાં સંપન્ન થયો.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગાયત્રી પરિવારના સંનિષ્ઠ સ્વયં સેવક શંકરભાઈ ચૌહાણે કર્યું. તેમણે ઓજસ્વી શૈલીમાં- વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓની શિક્ષણ ક્ષેત્રમાં ભૂમિકા અને જવાબદારી ઉપરાંત વિદ્યા પ્રાપ્તિ ઉપરાંત જીવના તમામ ક્ષેત્રોમાં સફળતા મેળવવાના ૩ સૂત્રો-(૧) અભિરૂચિ, (૨) એકાગ્રતા અને (૩) પરિશ્રમ-પુરૂષાર્થનું મહત્વ તથા ગાયત્રી મંત્ર અને યજ્ઞની શાસ્ત્રોક્ત પ્રમાણો સહિત સમજૂતિ આપી.

**પામોલ**–ગાયત્રી પ્રજ્ઞાપીઠ દ્વારા હિરક જયંતિ વર્ષ નિમિત્તે રંગાકુઈ ગામ તા. ૨૨ મે થી ૨૪ મે સુધી રોજ રાત્રે ૮.૦૦ થી ૧૦.૩૦ સુધી "શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ સત્સંગ"નું આયોજન કરવામાં આવ્યું.

જેમાં ગાયત્રી પ્રજ્ઞાપીઠ પામોલના પરિવ્રાજક શ્રી કિરીટભાઈ જોષી અને તેમની સંગીત ટોળીએ કથાનું રસપાન અવનવા ગીતો અને ઉદાહરણ દ્વારા કરાવ્યું. પ્રથમ દિવસે ભાવનાત્મક શોભાયાત્રામાં શોભાયાત્રાનું મહત્વ બતાવતા કિરીટભાઈ એ કહ્યું કે શોભાયાત્રામાં સ્વયં પરમાત્મા પોતાના બાળકોને મળવા શેરીએ શેરીએ પધારે છે. આવનારા ઉત્સવનું મહત્વ એટલે જ શોભાયાત્રા. પ્રથમ દિવસની કથાથી પ્રભાવિત થયેલા ગામના સરપંચ શ્રીએ બીજા દિવસે પ્રજ્ઞા પુરાણ ગ્રંથનું પૂજન કર્યું હતું અને ગામના લોકોને કહ્યું કે પ્રજ્ઞા પુરાણના વિચારો આચરણમાં મૂકીએતો રામ રાજ્યની સ્થાપના થાય. બીજા દિવસે યુવા જાગૃતિ અને નારી જાગૃતિના ઉદાહરણો આપ્યા પછી દિપયજ્ઞની શરૂઆત કરવામાં આવી. જેમાં ૮૦૦ જેટલી બહેનોએ પોત પોતાની થાળીમાં દીવા પ્રગટાવી મહાકાલની વિરાટ આરતી ઉતારી બધા જ ભાઈ બહેનોએ દીવાની થાળી પોતાના હાથમાં રાખી "યુગ નિર્માણ સત્સંકલ્પ" બોલાવવામાં આવ્યો. ટી. વી. ચેનલથી દૂર અને "યુગ શક્તિ ગાયત્રી"ની નજીક રહેવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો. આનંદ, ઉત્સાહ, નવ યુગના ઉમંગ સાથે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી.

**નાસિક**–ગુરૂ પૂર્ણિમાનો પાવન મહોત્સવ ગાયત્રી મંદિર મખમલાબાદ નાકાએ દિપયજ્ઞ માધ્યમથી કરવામાં આવ્યું. ગાયત્રી પરિવાર મહિલા મંડળ વિશેષ પ્રયત્ન કરી શ્રધ્ધાપૂર્વક આયોજન સફળ બનાવ્યું. યુગ શક્તિ ગાયત્રીના ૧૦૧ વાર્ષિક/ આજીવન સદસ્ય બનાવવાનો સંકલ્પ નિષ્ઠાવાન પરિજનોએ કર્યો.

ગાયત્રી પ્રચારક સ્વામી સુબ્રમણ્યમ સદાશીવનું નાસિકમાં આગમન પર નાસિક ગાયત્રી પરિવારના લોકોએ તેમનું સ્વાગત સત્કાર કર્યો. સાયકલ પ્રવાસને સંપૂર્ણ ભારતમાં આવકાર મળી રહ્યો છે. અત્યાર સુધી ૫૦ હજાર કીલોમીટરનો પ્રવાસ કર્યો છે. ૬૬ વર્ષીય સદાશીવજી દર રોજના ૧૦૦ કીલો મીટરની યાત્રા દરમીયાન "વિશ્વ શાંતિ માટે મહામંત્ર ગાયત્રી મંત્ર"નો ગુરૂ સંદેશ પહોંચાડી અભૂતપૂર્વ કાર્ય કરી રહેલ છે આવા કઠોર પરિશ્રમને ધન્યવાદ.

**ધડુલી**–યુગ નિર્માણ યોજના ગાયત્રી પરિવારના હરિતીમાં સંવર્ધન તથા પર્યાવરણ જાળવણી અભિયાન હેઠળ તાજેતરમાં વર્ષાઋતુ દરમ્યાન દયાપર નર્સરીના સહયોગથી વૃક્ષોના રોપા લઈ આવીને ધડુલી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા, પશુ દવાખાના તેમજ ગામમાં ઘરે-ઘરે વૃક્ષારોપણ કર્યું. સ્થાનિક ગાયત્રી પરિવાર શાખા દ્વારા ૧૦૧ તુલસીના રોપા તૈયાર કરી ઘરે-ઘરે વાવવા વિતરણ કરવામાં આવ્યા.

ઉપરોક્ત વૃક્ષારોપણ કાર્યક્રમમાં દયાપર નર્સરીના ફોરેસ્ટ ઓફિસર, ધડુલીના મેડીકલ ઓફિસર, વેટરનરી ઓફિસર, સરકારી હાઈસ્કૂલ, પ્રાથમિક શાળાના આચાર્યનો સહયોગ પ્રશંસનીય રહ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.